
વર્ષ : ૬૬ ■ અંક : ૧ ■ તા.૧-૧-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# "PMJAY-મા" યોજના



## તમામ PMJAY-MA યોજના સાથે સંલગ્ન હૉસ્પિટલો માટે :

- PMJAY-MA યોજના હેઠળની તમામ હૉસ્પિટલો માટે ૩૧-૧૨-૨૦૨૫ સુધી HEM (હોસ્પિટલ એંગેજમેન્ટ મોડ્યુલ) 1.0 થી HEM 2.0 પોર્ટલમાં હૉસ્પિટલ એપ્લિકેશન માઇગ્રેટ કરવું ફરજિયાત છે.
- જો કોઈ હૉસ્પિટલ યોજના સાથે સંલગ્ન રહેવા ઇચ્છતી ન હોય, તો તેની જિલ્લા / કૉર્પોરેશનના આરોગ્ય અધિકારીને લેખિતમાં જાણ કરી HEM 1.0 પરથી HEM 2.0 માં લોગઈન કરી વિડ્રોઅલ માટે અરજી કરવાની રહેશે. જેના માટે જિલ્લા / કૉર્પોરેશનના આરોગ્ય અધિકારીનો તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી.
- PMJAY-MA હેઠળની ખાનગી હૉસ્પિટલોએ મુલાકાતીઓ / લાભાર્થીઓને ઉપલબ્ધ સ્પેશિયાલિટીની મફત / કેશલેસ સારવારની સ્પષ્ટ માહિતી મળે તે માટેની જાહેરાત ફરજિયાત યોગ્ય જગ્યાએ મૂકવી.

## તમામ PMJAY-MA યોજનાના લાભાર્થીઓ માટે :

- NFSA (રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો)ના રાશન કાર્ડ ધારક ફક્ત રાશન કાર્ડ અને આધાર કાર્ડના ઉપયોગથી પોતાનું આયુષ્માન કાર્ડ બનાવી શકે છે.
- ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના તમામ વડીલો સામાજિક કે આર્થિક સ્તરના માપદંડ વગર ફક્ત આધાર કાર્ડથી જ આયુષ્માન કાર્ડ મેળવી શકે છે.
- લાભાર્થીઓ beneficiary.nha.gov.in પર જઈ પોતે પણ રજિસ્ટ્રેશન કરી આયુષ્માન કાર્ડ મેળવી શકે છે.
- ગૂગલ પ્લે-સ્ટોર પરથી Ayushman App ડાઉનલોડ કરી નજીકની PMJAY હૉસ્પિટલ, આયુષ્માન કાર્ડની વિગતો, મેળવેલ સારવારની વિગતો અને વૉલેટ બેલેન્સ જેવી માહિતી જોઈ શકાય છે.

> **"સંજીવની સમાન "આયુષ્માન કાર્ડ" એટલે આપના પરિવારના આરોગ્યની કાળજી"**
> **શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા**
> માનનીય મંત્રી, આોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત

**PMJAY-MA યોજના, બ્લોક નં- ૪/૧ , ડો. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર- ૩૮૨૦૧૦**

વધુ માહિતી માટે **ટોલ ફ્રી નં. ૦૭૯-૬૬૪૪૦૧૦૪** સંપર્ક કરો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 66 ■ Issue : 1 ■ Date : 1 - 1 - 2026

તંત્રી : કે. એલ. બચાણી
સહતંત્રી : અરવિંદ પટેલ
કાર્યવાહક તંત્રી : જયેશ દવે
સંપાદક : મનીષા વાઘેલા
સહસંપાદક : બેલા મહેતા, અરૂણા ડાવરા, નીરવ રાવલ
કલાનિર્દેશક : જસ્મીન દવે
લેઆઉટ ડિઝાઇન : મૌલિક એમ. રાજપૂત
વિતરણ વિભાગ : ગીતા દેસાઇ, દામિની ચૌહાણ, મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

વિતરણ વિભાગ : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
ઈ-મેલ એડ્રેસ : gujaratmagazine@gmail.com
ફરિયાદ એડ્રેસ : gujaratpaxik1@gmail.com
ફેસબુક લિંક : gujaratinformation.official

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

48 + 4 Cover = Total 52 Pages

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાનામાં નાના માનવીના કલ્યાણને કેન્દ્રમાં રાખીને શરૂ કરેલી યોજનાઓને સાકાર કરવાનું સેવાદાયિત્વ રાજ્યનું વહીવટીતંત્ર ગુડ ગવર્નન્સથી હંમેશાં નિભાવે છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટૅક્નોલૉજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ખેતીમાં ઉત્પાદન, સસ્ટેનેબિલિટી અને બજારની ઉપલબ્ધતા વધી રહી છે.
- શહેરોનો સર્વગ્રાહી આર્થિક-સામાજિક વિકાસ અને સ્માર્ટ-સસ્ટેનેબલ સિટી ડેવલપમેન્ટ એ વડાપ્રધાનશ્રીએ આપેલા આત્મનિર્ભર ભારતના સંકલ્પનો મજબૂત પાયો છે.
- બાળ આરોગ્ય સંભાળ માટે રાજ્ય સરકારે પ્રિ-કોશન - પ્રિવેન્શન અને પૉઝિટિવ લાઈફસ્ટાઈલ પર ફોકસ કર્યું છે.
- રાજ્ય સરકારે કુદરતી આપત્તિઓમાં થતું નુકસાન અટકાવવા એઆઈ આધારિત સિસ્ટિમ વિકસાવી છે.
- ૧૯૫૧માં માત્ર ૧૫ હજાર રૂપિયાની આવક સાથે શરૂ થયેલી સુરત એપીએમસી આજે સહકારિતાના વટવૃક્ષમાં પરિવર્તિત થઈ છે.
- રાજ્ય સરકાર 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે કૃષિમાં વૅલ્યૂ એડિશનને પ્રોત્સાહન આપી રહી છે.
- લાયન્સ ઈન્ટરનૅશનલના ISAME-2025 ફોરમ લીડરશિપ, કો-ઑપરેશન અને ગુજરાતના વૈભવને વિશ્વ સમક્ષ વધુ ઉજાગર કરશે.
- એ.આઈ. સહિતની અદ્યતન ટૅક્નોલૉજીથી સજ્જ અને સતર્ક પોલીસ દળ ગુનેગારો દ્વારા ટૅક્નોલૉજીના દુરુપયોગથી થતા ગુનાઓના નિયંત્રણ માટે સક્ષમ છે.
- કાંકરિયા કાર્નિવલ જેવાં આયોજનોથી રિક્રિએશનલ ટ્રાન્સફૉર્મેશન થયું છે, વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ થકી કાંકરિયા કાર્નિવલ હવે વિકાસ કાર્નિવલ પણ બન્યો છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

## આકર્ષણ




૬ પ્રતિભાવ





૭ સંવાદ




૨૬ ફોટોફિચર



૨૮ વિકાસ દર્પણ



૩૧ સિદ્ધિ



૪૩ કર્મયોગી

૮ કવર સ્ટોરી



૧૬ વિકાસયાત્રા



૩૨ સરવૈયું



૩૮ સમાચાર વિશેષ

૪૦ સંક્ષિપ્ત સમાચાર

૪૨ નિર્ણય

૪૪ પ્રાકૃતિક કૃષિ

૪૫ અવનવું

૪૬ ઝૂમ-ઇન

૪૭ પ્રેરણા

૪૮ ક્વિઝ કોર્નર

૪૯ જાણકારી

૫૦ શબ્દ યાત્રા

# ગુજરાતમાં ચોમેર પ્રસરતી સુશાસનની સુવાસ

પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજી ગુડ ગવર્નન્સના પ્રખર હિમાયતી હતા, જ્યારે હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેના પ્રવર્તક છે. ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની જયંતી ૨૫મી ડિસેમ્બરને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં ગુડ ગવર્નન્સ ડે તરીકે ઊજવવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં નિર્માણ થયેલી અટલ બિહારીજીની પ્રતિમાનું અનાવરણ કરીને ગુડ ગવર્નન્સ ડેની શરૂઆત કરાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ નાગરિક કેન્દ્રિત પ્રશાસનની નેમ સાથે શ્રેણીબદ્ધ પ્રકલ્પો-યોજનાઓ-પૉલિસી લોકાર્પિત કર્યાં. આ ઉપરાંત ટૅક્નોલૉજી અને નોલેજ જેવા ક્ષેત્રે વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે MoU પણ કરવામાં આવ્યાં.

હવેનો જમાનો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ-એ.આઇ.નો છે. એ.આઇ.નો સુશાસન માટે વધુ ને વધુ ઉપયોગ કરવા રાજ્યમાં એ.આઇ. ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં એ.આઇ.ના ઉપયોગ પર વધુ ભાર મૂકતાં રાજ્ય સરકાર દ્વારા જી-સાર પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે, તેમાં ૨૪ હજારથી વધુ સરકારી દસ્તાવેજોને ડિજિટલ સ્વરૂપ આપીને એ.આઇ. રિપોઝિટરીમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત સ્વાગતનું એ.આઇ. સાથે ઇન્ટિગ્રેશન તથા સી.એમ. ડેશબોર્ડ દ્વારા રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓ અને આર.સી.એમ.ની અગત્યની કામગીરીનું મૂલ્યાંકન તેમજ ન્યૂઝ એનાલિસીસ પોર્ટલ ૨.૦ના માધ્યમ થકી ટૅક્નોલૉજીના ઉપયોગથી વધુ સારું કામ કરવાની દિશા મળશે. મુખ્યમંત્રી કાર્યાલયથી QR કોડ આધારિત ડોક્યુમેન્ટ્સની મહત્ત્વપૂર્ણ શરૂઆત થઈ છે. QR કોડ સ્કેન કરીને ગવર્નમેન્ટ ડોક્યુમેન્ટ સાચો અને યોગ્ય ઑથોરિટી દ્વારા જ ઇસ્યૂ કરવામાં આવ્યો છે તેની ખરાઈ થઈ શકશે.



રાજ્યના પોણા બે લાખથી વધુ સરકારી કર્મચારીઓને અસરકારક સંદેશા વ્યવહાર અને વર્તણૂકલક્ષી તાલીમ સ્પિપા દ્વારા આપવામાં આવશે. આ ઉપરાંત કર્મયોગીઓના 'સ્વાંતઃસુખાય' કાર્યક્રમની વેબસાઇટ અને એન.આર.જી. વેબસાઇટ પણ લોન્ચ કરવામાં આવી છે. વિકસિત ભારત@૨૦૪૭ માટે ગુજરાતને ગુડ ગવર્નન્સથી અગ્રેસર રાખવા વડાપ્રધાનશ્રીએ આપેલા ગ્રીન ગ્રોથ-સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને નેટ ઝીરોના વિચારને આગળ ધપાવવામાં આવશે, જે અંતર્ગત સુશાસન દિવસે પમ્પ્ડ હાઇડ્રો સ્ટોરેજ પૉલિસી, ગ્રીન હાઇડ્રોજન પૉલિસી અને ઇન્ટિગ્રેટેડ રિન્યૂએબલ પૉલિસી લોન્ચ કરવામાં આવી છે, જેના થકી ગુજરાત દેશમાં ગ્રીન હાઇડ્રોજન હબ બનશે.

આ ઉપરાંત ઍજ્યુકેશનલ રિસર્ચ એન્ડ કૅપેસિટી બિલ્ડિંગ માટે સ્પિપા અને વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ વચ્ચે જે એમ.ઓ.યુ. થયાં છે તેના અમલથી ગુજરાતનો વહીવટ વધુ લોકાભિમુખ અને લોકભોગ્ય બનશે.

પ્રસ્તુત અંકમાં ૧૬મા કાંકરિયા કાર્નિવલ તેમજ ગત વર્ષ ૨૦૨૫માં થયેલાં વિકાસકામોના સરવૈયાની વિગતો પણ સામેલ છે. છેલ્લા પખવાડિયામાં ગુજરાતમાં ચોમેર પ્રસરેલી સુશાસનની સુવાસ વાચકોને પ્રફુલ્લિત કરશે તેવી મને શ્રદ્ધા છે.

જય જય ગરવી ગુજરાત.

- કે. એલ. બચાણી, આઇ.એ.એસ.
માહિતી નિયામક

# ઉઠાવો કલમ પ્રતિભાવ

આગામી અંક માટે વાચકોએ **પ્રજાસત્તાક દિવસ** વિષય પર પોતાના વિચારો ૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં gujaratmagazine@gmail.com આ ઇમેલ આઇડી પર મોકલવાના રહેશે.

વિશ્વફલક પર પતંગના શોખને ઉત્સવમાં પરિવર્તિત કરી વિશ્વભરમાં ફેલાયેલા પતંગ રસિયાઓ ગુજરાતના મહેમાન બની ચૂક્યા છે. ગુજરાતમાં મકરસંક્રાંતિનું પર્વ પતંગોત્સવ તરીકે મનાવવામાં આવે છે. પ્રતિ વર્ષે,અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા "આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની" ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. આનંદ-ઉલ્લાસના પતંગ ઉત્સવ દ્વારા ગુજરાત તેની સંસ્કૃતિ શક્તિનું પ્રદર્શન વિશ્વને કરાવે છે. પતંગોત્સવ ગુજરાતની આગવી ઓળખ છે, આ દિવસે પરંપરાગત ભારતીય ડિઝાઇન અને વિવિધ દેશોની કલાત્મક રચનાઓની સાથે આંતરરાષ્ટ્રીય પતંગબાજો આકાશમાં મનમોહક દૃશ્ય ઊભું કરે છે,વળી અમદાવાદ ખાતે એક સાથે સૌથી વધુ દેશના નાગરિકો દ્વારા પતંગ ચગાવવા માટે ગિનિસ વર્લ્ડ રેકૉર્ડ પણ નોંધાયો છે. પતંગ જેમ ઊંચે આસમાને ચગે છે તેમ ગુજરાત ચોતરફના વિકાસમાં અગ્રેસર રહી વિશ્વ ફલક પર અવ્વલ નંબર બનવામાં પ્રયાસરત છે.

**શૈલેષ ઢાપા** (ભાવનગર)

ગુજરાતમાં પતંગોત્સવ રાજ્યના સૌથી લોકપ્રિય અને આનંદદાયક તહેવારોમાંનો એક છે. દર વર્ષે ૧૪મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિના દિવસે આ ઉત્સવ ઊજવવામાં આવે છે, જે સૂર્યના ઉત્તર તરફના પ્રયાણને દર્શાવે છે. આ દિવસે આખું આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. વહેલી સવારથી જ લોકો ધાબા પર પતંગ ચગાવવા પહોંચી જાય છે. ચારેબાજુથી "કાપ્યો છે!" અને "લપેટ!" જેવી બૂમો સંભળાય છે, જે તહેવારના ઉત્સાહમાં વધારો કરે છે. અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે, જેમાં દેશ-વિદેશના પતંગબાજો ભાગ લે છે. આ તહેવાર માત્ર પતંગ ચગાવી આનંદ કરવાનો જ નહીં પરંતુ ભાઈચારો અને સમાનતાનો પણ સંદેશ આપે છે.

**રાકેશ કાશ્યેકર** (ગાંધીનગર)

ચીનમાં શરૂઆતમાં પતંગનો ઉપયોગ સંદેશ મોકલવા અને રમતો માટે થતો હતો, ત્યારબાદ આ કળા ભારત સહિત બીજા દેશોમાં ફેલાઈ. પતંગ ભલે ચીનથી આવ્યો હોય પરંતુ પતંગે ભારતમાં પોતાની અલગ ઓળખ બનાવી. પતંગ ઉત્સવ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ ભારતનાં અનેક રાજ્યોમાં અલગ-અલગ નામે ઊજવાય છે. ઉત્તરાયણ, મકરસંક્રાતિ, લોહડી, પોંગલ જેવાં તેનાં નામ અલગ છે, પરંતુ ભાવ એક જ છે- આનંદ, પરંપરા અને એકતાનો. આપણા ભારતમાં પતંગ ઉત્સવમાં વિદેશથી આવેલા મહેમાનો પણ ભાગ લે છે. તો તૈયાર છો ને પતંગ ઉડાવી, ચીક્કી તથા તલના લાડુ ખાવા? મરાઠીમાં કહેવાય છે ને - "તિલગુડ ઘ્યા આણી ગોડ ગોડ બોલા", એટલે તલના લાડુ ખાવ અને મીઠું મીઠું બોલો.

**મીરાબા જાડેજા** (કચ્છ)

પતંગ ઉત્સવ આવે ત્યારે આકાશ માત્ર આકાશ રહેતું નથી; તે લાગણીઓનો વિશાળ મંચ બની જાય છે. સૂર્યના પ્રથમ કિરણ સાથે જ મકાનની છતો પર ઉમંગ ઊગે છે. રંગબેરંગી પતંગો હવામાં તરતા દેખાય અને તેમની સાથે માનવીની આશાઓ, સપનાઓ અને સ્મૃતિઓ પણ ઉડાન ભરે છે. હાથમાં પકડેલી દોરી જાણે જીવનની લગામ હોય – ઢીલી પડે તો સપનાઓ વીખરી જાય અને વધારે ખેંચાય તો તૂટી જાય. "કાઈપો છે"નો ઉલ્લાસ માત્ર સ્પર્ધાનો નથી, પરંતુ ક્ષણને જીતી લેવાનો આનંદ છે. આ તહેવાર માણસને માણસ સાથે જોડે છે. કાવ્ય જેવી આ જીવંત પળોમાં જીવનનું સત્ય છુપાયેલું છે. પતંગ ઉત્સવ આપણને શીખવે છે કે ઊંચે ઊડવું મહત્ત્વનું છે, પરંતુ જમીન સાથેનું જોડાણ જાળવવું એ વધુ જરૂરી છે.

**સંતપબા વાઘેલા** (બનાસકાંઠા)

જ્યારે શ્વેત રણની શાંતિ પર સપ્તરંગી પતંગો લહેરાય છે, ત્યારે એ દૃશ્ય માત્ર એક ઉત્સવ નહીં પણ એક જીવંત કવિતા બની જાય છે. આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ એ ગુજરાતીઓ શૂન્યતામાં પણ સર્જન કરવાની શક્તિ ધરાવે છે તે બાબતનું પ્રતીક છે. રણના પવનની લહેરખીઓ જ્યારે પતંગની દોરને સ્પર્શે છે, ત્યારે દેશ-વિદેશના સીમાડાઓ ઓગળી જાય છે. અહીં ઊડતો પતંગ એ માત્ર કાગળનો ટુકડો નથી, પરંતુ કચ્છની એ પરંપરાનું પ્રતિબિંબ છે.

સફેદ રણની પવિત્રતા અને પતંગોના રંગો વચ્ચે જ્યારે માનવતાના પેચ લડાય છે, ત્યારે આખું વિશ્વ એક પરિવાર 'વસુધૈવ કુટુંબકમ્' જેવું લાગે છે.

**જયવીરસિંહ ચૌહાણ** (વાવ - થરાદ)

# મન કી બાત ડિસેમ્બર - ૨૦૨૫



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...**

## ૨૦૨૫નું ગૌરવપૂર્ણ વર્ષ

પ્રધાનમંત્રીએ ૨૦૨૫ને ગૌરવમય વર્ષ ગણાવ્યું. ઑપરેશન સિંદૂરથી લઈને ક્રિકેટમાં પુરુષ ટીમની ચૅમ્પિયન્સ ટ્રોફી અને મહિલા ટીમની પ્રથમ વર્લ્ડ કપ જીત સુધી, બ્લાઈન્ડ ટી૨૦ વર્લ્ડ કપ, એશિયા કપમાં વિજય અને પેરા ઍથ્લીટ્સના મેડલ્સે દેશને ગર્વ અપાવ્યો. અંતરિક્ષમાં શુભાંશુ શુક્લાની ISS યાત્રા, ચિત્તાઓની સંખ્યા ૩૦થી વધુ થવી, પ્રયાગરાજ મહાકુંભ અને અયોધ્યા રામમંદિર ધ્વજારોહણ જેવી ઘટનાઓએ વર્ષને યાદગાર બનાવ્યું. સ્વદેશી ઉત્પાદનો પ્રત્યેનો ઉત્સાહ વધ્યો, જેનાથી ભારત વધુ આત્મવિશ્વાસી બન્યો.

## યંગ લીડર્સ ડાયલોગ

યુવાશક્તિને રાષ્ટ્ર નિર્માણમાં જોડવા માટે 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ'ની બીજી આવૃત્તિ ૧૨ જાન્યુઆરીએ રાષ્ટ્રીય યુવા દિવસે યોજાશે. યુવાનો નવીનતા, આરોગ્ય, સ્ટાર્ટઅપ અને કૃષિ જેવા વિષયો પર વિચારો શેર કરશે. ક્વિઝમાં ૫૦ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો.

## ગીતાંજલિ આઈઆઈએસસી

IISc બેંગલુરુમાં વિદ્યાર્થીઓએ શરૂ કરેલો સંગીત વર્ગ આજે 'ગીતાંજલિ' તરીકે સાંસ્કૃતિક કેન્દ્ર બન્યો છે. હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત, લોક પરંપરાઓ અને રિયાઝ અહીં થાય છે. ૨૦૦થી વધુ લોકો જોડાયેલા છે, વિદેશમાં રહેતા પણ ઓનલાઈન જોડાય છે. આ પહેલ ટેક વિશ્વમાં પણ મૂળ સાથે જોડાણ દર્શાવે છે.

## મણિપુરમાં સોલાર એનર્જી

મણિપુરના યુવાન મોઈરાંગથેમ સેઠે વીજળીની સમસ્યા હલ કરવા સોલાર પૅનલ્સનું અભિયાન ચલાવ્યું. સેંકડો ઘરો, હેલ્થ સેન્ટર્સ અને મહિલાઓ-માછીમારોને લાભ થયો. PM સૂર્ય ઘર યોજના સાથે આ પ્રયાસોને વેગ મળ્યો.

## Fijiમાં ભારતીય ભાષા અને સંસ્કૃતિના પ્રસારની પહેલ

દુબઈમાં કન્નડ પરિવારોએ 'કન્નડા પાઠશાળા' શરૂ કરી, જેમાં ૧૦૦૦થી વધુ બાળકો કન્નડ શીખે છે. ફિજીમાં તમિળ દિવસ ઊજવાયો, બાળકોએ તમિળમાં કવિતા-ભાષણ કર્યાં. કાશી તમિળ સંગમમાં વારાણસીનાં બાળકોએ તમિળ શીખીને પ્રેરણા આપી. આવા પ્રયાસ વિદેશમાં ભારતીય ભાષા-સંસ્કૃતિને જીવંત રાખે છે.

## પારંપરિક કળાઓ આર્થિક પ્રગતિનું માધ્યમ

આંધ્રપ્રદેશની નારસાપુરમ લેસ ક્રાફ્ટને GI ટેગ મળ્યો, ૧ લાખ મહિલાઓને રોજગારી મળી. મણિપુરમાં માર્ગારેટ રામથાર્સિયમે હસ્તકલાને માર્કેટ સાથે જોડી ૫૦થી વધુ કારીગરોને સશક્ત કર્યા. ચોખોને ક્રિચેનાએ ફૂલોની ખેતીથી સમુદાયને લાભ અપાવ્યો. પરંપરાગત જ્ઞાનને આધુનિક વિઝન સાથે જોડી આર્થિક પ્રગતિ થઈ.

## મન કી બાતમાં ગુજરાત

આપણા દેશની સુંદર વાત એ છે કે વર્ષભર દરેક સમયે દેશના કોઈ ને કોઈ ભાગમાં ઉત્સવનું વાતાવરણ રહે છે. દરેક સમયે, દેશનો કોઈ ને કોઈ ખૂણો તમને યુનિક ઉત્સવ સાથે તૈયાર મળશે. આવો જ એક ઉત્સવ આ દિવસોમાં કચ્છના રણમાં ચાલી રહ્યો છે. આ વર્ષે કચ્છનો રણોત્સવ ૨૩ નવેમ્બરથી શરૂ થયો છે જે ૨૦ ફેબ્રુઆરી સુધી ચાલશે. અહીં કચ્છની લોકસંસ્કૃતિ, લોકસંગીત, નૃત્ય અને હસ્તશિલ્પની વિવિધતા દેખાય છે. કચ્છના સફેદ રણની ભવ્યતા જોવી સ્વયં જ એક સુખદ અનુભવ છે. રાતના સમયે જ્યારે સફેદ રણ પર ચાંદની રેલાય છે ત્યારે તે દૃશ્ય મંત્રમુગ્ધ કરી દેનારું હોય છે. રણ ઉત્સવનું ટેન્ટ સિટી ખૂબ જ લોકપ્રિય છે. મને જાણકારી મળી છે કે ગત એક મહિનામાં અત્યાર સુધી બે લાખથી વધુ લોકો રણોત્સવનો હિસ્સો બની ચૂક્યા છે અને દેશના ખૂણેખૂણેથી આવ્યા છે, વિદેશથી પણ લોકો આવ્યા છે. તમને જ્યારે પણ અવસર મળે તો આવા ઉત્સવોમાં અવશ્ય સહભાગી બનો અને ભારતની વિવિધતાનો આનંદ ઉઠાવો.






# સુશાસનથી સુરાજ્યનો સંકલ્પ

રાજ્યના ૭ કરોડ ગુજરાતીઓનાં સ્વપ્નો અને આકાંક્ષાઓને મૂર્તિમંત કરવા સુશાસનથી સુરાજ્યના અટલ સંકલ્પ સાથે વિકસિત ભારત @૨૦૪૭ માટે ગુજરાત અથાક પ્રયાસો કરી રહ્યું છે. ગુજરાત સરકાર વિકસિત ગુજરાત @૨૦૪૭ નો વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવા સાથે લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા તરફ એક પછી એક સિદ્ધિ હાંસલ કરી રહી છે. ગુજરાતની વિકાસયાત્રાના પાયામાં સુશાસન છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની 'ટીમ ગુજરાતે' રાજ્યના ખૂણેખૂણાના વિકાસ માટેના પરિણામલક્ષી પ્રયાસો આદર્યા છે. વિકાસના પથ ઉપર જનતાના વિશ્વાસ થકી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાત' નિષ્ઠાપૂર્વક આગળ વધી રહી છે. ગુજરાત અને ગુજરાતી બાંધવોના સમગ્રતયા વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા શ્રી ભૂપેન્દ્રભાઈનો સૌજન્યપૂર્ણ વ્યવહાર અને મક્કમ નિર્ણય લેવાની કાર્યશૈલી જનજનને પ્રિય છે. ગરીબો, વંચિતો, આદિવાસીઓ, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને સૌ કોઈના વિકાસ માટેનો રોડમેપ તૈયાર કરીને એના ઉપર મક્કમતાથી ચાલવાની પ્રતિબદ્ધતાની રાજ્યના જનજનને પ્રતીતિ થઈ રહી છે.

ગુજરાત સરકારે સુશાસનની વ્યાખ્યાને વધુ વિસ્તૃત કરી જનભાગીદારીલક્ષી બનાવી છે. રાજ્ય સરકારે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ રિફૉર્મ્સ કમિશન (GARC) બનાવ્યું છે, જેની ભલામણોના આધારે શાસન પ્રણાલીને વધુ મજબૂત અને અસરકારક બનાવવાના પ્રયાસો થકી સુશાસનના સિદ્ધાંતને સિદ્ધ કરી રહી છે.

પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ ૨૫ ડિસેમ્બરને સુશાસન દિવસ તરીકે ઊજવવાની પ્રણાલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરી છે. તેના ઉપલક્ષ્યમાં "અટલ નેતૃત્વ, અવિરત વિકાસ"ના મંત્ર સાથે ગુજરાત સરકારે સુશાસન દિવસ ઊજવ્યો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી અને વરિષ્ઠ મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુડ ગવર્નન્સ ડેની ઉજવણી અન્વયે નાગરિક કેન્દ્રિત પ્રશાસનની નેમ સાથે શ્રેણીબદ્ધ પ્રકલ્પો-યોજનાઓ-પૉલિસી લોકાર્પિત કર્યા હતા. આ



ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને મુખ્યમંત્રી કાર્યાલયની સેવાઓને વધુ નાગરિક કેન્દ્રિત બનાવતી પહેલોનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે ગાંધીનગરના ચ-૩ સર્કલ પર નિર્માણ થયેલી અટલજીની પ્રતિમાનું અનાવરણ કરીને ગુડ ગવર્નન્સ ડેની શરૂઆત કરાવી હતી. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રીએ દરેક યોજનામાં સામાન્ય માનવી અને ગરીબોને કેન્દ્રમાં રાખ્યા છે તેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ગુડ ગવર્નન્સ-સુશાસનની સાચી સફળતા એ જ છે કે જ્યારે આવા માનવીઓને સેવાઓ અને યોજનાઓના લાભ સુપેરે સુનિશ્ચિત થાય.

રાજ્ય સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'નાગરિકદેવો ભવ'ના મંત્રને પાર પાડવા છેવાડાના માનવી સુધી કલ્યાણની યોજનાઓના લાભ પહોંચાડીને પ્રો-પીપલ ગવર્નન્સ સાકાર કર્યું છે તેનો શ્રેય તેમણે ટીમ ગુજરાતના સમગ્ર વહીવટી તંત્રને આપ્યો હતો. સુશાસન દિવસની ઉજવણી સમગ્ર વર્ષ દરમિયાન થાય તેવી કાર્ય સંસ્કૃતિ સાથે રાજ્ય સરકાર કાર્યરત છે અને 'સ્વાગત' ઓનલાઈન જેવી ફરિયાદ નિવારણની ટેક્નોલૉજીયુક્ત પદ્ધતિથી નાગરિકોના લાંબા ગાળાના પ્રશ્નોનું સુચારુ નિવારણ લાવી શકાયું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આ અવસરે જણાવ્યું કે, રાજ્યનો નાગરિક જ્યારે તેની સમસ્યા લઈને સરકાર સમક્ષ આવે છે ત્યારે નાગરિકોને વારંવાર ધક્કા ન ખાવા પડે અને એક જ સમયે સંપૂર્ણ સમસ્યાનું સમાધાન મળે તે માટે રાજ્ય સરકાર આધુનિક ટેક્નૉલૉજીનો ઉપયોગ કરી રહી છે. આધુનિક ટેક્નોલૉજીના અમલીકરણ સાથે કર્મયોગીઓનો નાગરિકો પ્રત્યેનો હકારાત્મક અભિગમ પણ હોવો તેટલો જ જરૂરી છે. રાજ્ય સરકાર આ દિશામાં આગળ વધી રહી છે.

મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે જણાવ્યું હતું કે, ગુજરાત એક એવું રાજ્ય છે કે જે શરૂઆતથી જ સુશાસન માટે કટિબદ્ધ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આજે પણ સુશાસનની દિશામાં આગળ વધી રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને કાયદા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં આ અવસરે CM કાર્યાલયની AI આધારિત નવતર કાર્યપ્રણાલી લોકાર્પિત કરી હતી. તેમજ મુખ્ય મંત્રીશ્રીના હસ્તે ગુજરાત સરકાર દ્વારા ઈન્ટિગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી પૉલિસી-૨૦૨૫નું લોન્ચિંગ કરાયું હતું.

'મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ'ના મંત્રને સાકાર કરતી આ તમામ પહેલોના લૉન્ચિંગથી રાજ્ય સરકારની સુશાસનની પ્રતિબદ્ધતામાં વધુ એક અસરકારક કદમ સાબિત થયું છે. એટલું જ નહીં, આ પહેલોના અમલથી નીતિ-નિર્ણય પ્રક્રિયામાં ઝડપ, સેવા વિતરણમાં સુધારો અને નાગરિક કેન્દ્રિત અભિગમને વેગ મળશે. આ ઉપરાંત મિશન કર્મયોગી પ્રશિક્ષણ અભિયાન વર્ગ NRG વેબસાઈટનું અનાવરણ, અટલ સ્વાન્તઃ સુખાય વેબસાઈટ લોન્ચિંગ, ઊર્જા વિભાગની ત્રણ પૉલિસીસ તેમજ IIMA, IITGn, IRMA NFSU, BISAG જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે કેપેસિટી એન્હાન્સમેન્ટના એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યાં હતાં. તેમજ

બેસ્ટ પ્રેક્ટિસિસ સંગ્રહ અને ચિંતન શિબિરની ફલશ્રુતિનાં પુસ્તકોનાં વિમોચન કરવામાં આવ્યાં.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારના વિભાગો અને ખાતાના વડાઓની કચેરીઓ માટે યોજાયેલી સ્વચ્છતા સ્પર્ધાના વિજેતાઓને ઈનામો એનાયત કર્યાં હતાં. આ ઉજવણીમાં રાજ્યના વરિષ્ઠ સચિવો, વિભાગોના વડાઓ અને કર્મયોગીઓ જોડાયા હતા.

## ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી પૉલિસી-2025

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અને ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તથા કાયદા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના નેતૃત્વમાં, ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા અને સ્વચ્છ તથા ટકાઉ ઊર્જા પ્રણાલીઓ તરફ ઝડપી પરિવર્તન સુનિશ્ચિત કરવા માટે ઊર્જા વિભાગ દ્વારા ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી પૉલિસી-૨૦૨૫ તૈયાર કરવામાં આવી છે.

આ પૉલિસી, રાજ્યમાં રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે રોકાણ, નવીનતા અને ગ્રીડ સ્થિરતાને પ્રોત્સાહન આપીને ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ક્લીન એનર્જી હબ તરીકે સ્થાપિત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે.

રાજ્યની રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે નેતૃત્વની પરંપરાને આગળ વધારતાં, ભારતના વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવૉટ નોન-ફોસિલ ઈંધણ આધારિત ઊર્જા ક્ષમતાના લક્ષ્યાંકમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા માટે ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી પૉલિસી-૨૦૨૫ જાહેર કરવામાં આવી છે. આ પૉલિસી સરળ અને એકીકૃત ફ્રેમવર્ક દ્વારા Ease of Doing Businessને સુગમ બનાવવાનો, નવીન અને ઈમર્જિંગ ટેક્નોલૉજીને પ્રોત્સાહન આપવાનો, ગ્રીડની સ્થિરતા વધારવાનો, ગ્રીન ઊર્જા ક્ષેત્રે રોજગારી સર્જવાનો અને ઊર્જા સુરક્ષા, વાજબી દરો તથા ટકાઉ આર્થિક વિકાસ સુનિશ્ચિત કરતાં ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રિન્યૂએબલ એનર્જી હબ તરીકે સ્થાપિત કરવાનો ઉદ્દેશ ધરાવે છે.

આ પૉલિસીનો મુખ્ય આધારસ્તંભ મોટા પાયે રિન્યૂએબલ એનર્જી એકીકરણ અને ગ્રીડ સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે બૅટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટિમ્સ (BESS)ને પ્રોત્સાહન આપવાનો છે. સોલાર, વિન્ડ અને હાઇબ્રિડ પ્રોજેક્ટ્સ સાથે ગ્રીડ-કનેક્ટેડ તથા કો-લોકેટેડ BESS પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ટ્રાન્સમિશન સપોર્ટ, ગ્રીડ સહાયક સેવાઓ, ડિસ્ટ્રિબ્યુશન યુટિલિટીઝ અને અંતિમ ઉપભોક્તાઓ માટે BESSનો ઉપયોગનું આયોજન વિચારવામાં આવ્યુ છે. BESS સ્થાપન માટેનાં વ્યૂહાત્મક સ્થળો સ્ટેટ નોડલ એજન્સી (GEDA) દ્વારા GETCO, SLDC અને DISCOMs સાથે સંકલન કરીને નક્કી કરવામાં આવશે.

## આરોગ્ય ક્ષેત્ર સુશાસનની પારાશીશી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાના નેતૃત્વમાં રાજ્યના તમામ શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે '૧૦૮ ઈમર્જન્સી સેવા' ૨૪x૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે, જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે.

રાજ્યમાં આરોગ્ય સેવા ક્ષેત્રે '૧૦૮ ઈમર્જન્સી સેવા' શરૂ થઈ ત્યારથી નવેમ્બર-૨૦૨૫ સુધીમાં રેકૉર્ડ બ્રેક કુલ ૧.૮૬ કરોડથી વધુ ઈમર્જન્સી કૉલ એટેન્ડ કરીને દર્દીઓને સફળતાપૂર્વક તાત્કાલિક સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૧૦૮ દ્વારા ૬૦.૨૩ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમર્જન્સી તેમજ ૨૨.૫૫ લાખથી

### G-સાર પૉર્ટલ

**રાજ્ય સરકારના કાયદા, નિયમો, ઠરાવો અને પરિપત્રોને AI આધારિત સર્ચ સાથે એક જ સ્થળ પર ઉપલબ્ધ કરાવતું 'જી-સાર' પોર્ટલ શરૂ કરાવ્યું. 24 હજારથી વધુ સરકારી દસ્તાવેજોને ડિજિટલ સ્વરૂપ આપીને AI રિપોઝિટરીમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. આ પોર્ટલ ઝડપી અને નિર્ણયમાં મદદરૂપ બનશે. મુખ્યમંત્રી ફેલોશિપ કાર્યક્રમની કામગીરી, પ્રગતિ અને મૂલ્યાંકન માટે ટેક્નોલૉજી આધારિત મૉનિટરિંગ વ્યવસ્થા નાગરિકો સુધી પહોંચાડવા માટે સીએમ ફેલો મૉનિટરિંગ પોર્ટલ પણ લૉન્ચ કરવામાં આવ્યું હતું..**



### QR કોડ

**સરકારી પત્રોને સિક્યોર QR કોડથી સુરક્ષિત કરવા અંગેના નવા ફીચર્સનો શુભારંભ થયો હતો. શરૂઆતમાં આ પહેલ મુખ્યમંત્રી કાર્યાલયમાં અને ત્યાર પછી સરકારના વિવિધ વિભાગોમાં લાગુ કરવામાં આવશે. QR કોડ સ્કેન કરીને ગવર્નમેન્ટ ડોક્યુમેન્ટની સત્યતાની ખરાઇ થઇ શકશે અને તંત્રની વિશ્વસનીયતામાં ખૂબ મોટો સુધારો આવશે.**

વધુ માર્ગ અકસ્માતના કિસ્સામાં ઈમર્જન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન-મરણનો સવાલ હોય તેવી આપાતકાલીન સ્થિતિમાં અત્યાર સુધીમાં કુલ ૧૮ લાખથી વધુ નાગરિકોના જીવ બચાવવામાં આવ્યા છે. તદુપરાંત ઍમ્બ્યુલન્સમાં ૯૭,૨૯૫ જેટલી સગર્ભા મહિલાઓને તેમજ જે તે સ્થળ ઉપર ૫૯,૯૦૩ એમ કુલ ૧.૫૭ લાખથી વધુ સગર્ભા મહિલાઓની સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

રાજ્યમાં '૧૦૮ ઈમર્જન્સી સેવા' ઉપરાંત અન્ય વિવિધ ઈમર્જન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧.૩૭ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે, તેવી જ રીતે વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંતર્ગત ૧૭.૪૦ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૪૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે.



આ ઉપરાંત રાજ્યમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં કુલ ૫૨.૨૯ લાખથી વધુ કૉલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. વર્ષ -૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ ઍમ્બ્યુલન્સ દ્વારા ૭૫૮ જેટલા નાગરિકોનો આપાતકાલીન સેવાઓ આપવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ ઍમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે.

રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ-૨૦૨૫થી કાર્યરત ૧૧૨ ઈમર્જન્સી સેવા અંતર્ગત ૦૪ લાખથી વધુ ઈમર્જન્સી કોલ જેમાં પોલીસ, ફાયર, મેડિકલ અને ડિઝાસ્ટર ઈમર્જન્સી સંબંધિત કૉલ એટેન્ડ કરવામાં આવ્યા છે.

## AB PMJAY - MA હેઠળ લાભાર્થીઓને દવાઓની ચૂકવણી કરવામાં ગુજરાત પ્રથમ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે સુનિશ્ચિત કર્યું છે કે આરોગ્ય સંબંધિત વિવિધ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવીઓ સુધી પહોંચે અને કોઈ પણ વ્યક્તિ તબીબી સુવિધાઓથી વંચિત ન રહે. સંયુક્તપણે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ્ (AB PMJAY - MA) હેઠળ રાજ્યનાં ૧,૨૦,૧૪,૫૫૬ કુટુંબોને આવરી લેવામાં આવ્યાં છે. વધુમાં, જુલાઈ, ૨૦૨૩માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ AB PMJAY - MA અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કુટુંબદીઠ વાર્ષિક વીમાની રકમ રૂ.૫ લાખથી વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવી છે. જેનાથી પ્રીમિયમની રકમ વધીને રૂ.૩૭૦૮ થઈ છે. કુલ નાણાકીય ખર્ચની વાત કરીએ તો, ૧૧ જુલાઈ, ૨૦૨૩થી ૧૦ જુલાઈ, ૨૦૨૪ દરમિયાન કુલ નાણાકીય ખર્ચ રૂ.૨૬૭૬.૨૬ કરોડ જ્યારે ૧૧ જુલાઈ, ૨૦૨૪ થી ૧૦ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન કુલ નાણાકીય ખર્ચ રૂ. ૩૨૧૦.૦૩ કરોડ થયો છે.

આ યોજના હેઠળ રાજ્યમાં કુલ ૨૦૯૦ હૉસ્પિટલો એમ્પેનલ્ડ છે, જેમાંથી ૧૧૩૨ સરકારી જ્યારે ૯૫૮ ખાનગી હોસ્પિટલો છે. આ યોજના હેઠળ નવેમ્બર, ૨૦૨૫ સુધીમાં કુલ ૨૨૯૯ પ્રોસિજરો તેમજ ૫૦ SRS પ્રોસિજરોને આવરી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ લાભાર્થીઓને દાવાઓની ચૂકવણી કરવામાં ગુજરાત રાજ્ય પ્રથમ સ્થાન પર છે.

## 'કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના'

ગુજરાત સરકાર દ્વારા મે, ૨૦૨૫મા રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પૅન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત રાજ્ય સરકારના ફિક્સ પેના કર્મચારીઓ ઉપરાંત, ઑલ ઈન્ડિયા સર્વિસિસ (AIS)ના અધિકારીઓ તથા પેન્શનરો અને રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો તેમજ તેમનાં આશ્રિત કુટુંબીજનોને પણ AB PMJAY-MA હેઠળ કેશલેસ તબીબી સારવારનો લાભ આપવામાં આવે છે. ગુજરાત કર્મયોગી સ્વસ્થ સુરક્ષા યોજના હેઠળ રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓ અને પેન્શનર્સને "G" સિરીઝનું AB-PMJAY-MA કાર્ડ આપવામાં આવે છે. G કૅટેગરી અંતર્ગત કુલ ૬.૪૦ લાખ જેટલા લાભાર્થીઓ છે.

## સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજનામાં રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર

રાજ્ય સરકાર દ્વારા સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ સંકટની ઘડીમાં પરિવારો માટે ઝડપથી વીમા કવચની ચૂકવણી

કરવામાં આવે છે. હાલમાં રાજ્યના ૪.૧૨ કરોડથી વધુ નાગરિકોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં ૧૬ હજાર કરતાં વધુ લાભાર્થીઓના અકસ્માત-મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારજનોને અંદાજે રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર ચૂકવવામાં આવ્યું છે.

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા આ યોજના અંતર્ગત વિવિધ કુદરતી હોનારતો અને અન્ય અકસ્માતોના કિસ્સામાં ઝડપી કાર્યવાહી કરીને દાવાઓનું સત્વરે નિરાકરણ લાવવામાં આવ્યું છે.

આ યોજના માત્ર આર્થિક સુરક્ષાની ખાતરી નથી, પણ સરકારની સામાજિક સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ ઉદાહરણ છે. રાજ્ય સરકારની સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ ૧૪ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોના લાખો લાભાર્થીઓ અને તેમના પરિવારોને અકસ્માત વીમા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ ૧૪ ક્ષેત્રોમાં વિવિધ યોજનાઓ હેઠળ કુલ રૂ. ૨ લાખથી રૂ. ૧૫ લાખ સુધીનું વીમા કવચ મળે છે. આ વીમા કવચ સંકટની ઘડીમાં પરિવારો માટે મોટી રાહત સાબિત થઈ રહ્યું છે.

## રિઅલ ટાઇમ પર્ફોર્મન્સ મેઝરમેન્ટ સિસ્ટિમ 2.0

**સી.એમ. ડેશબોર્ડ અંતર્ગત રાજ્ય સરકાર કલેક્ટર-ડી. ડી.ઓ.ની જેમ જ ૧૭ મહાનગરપાલિકાઓ તથા ૦૬ પ્રાદેશિક કમિશનરશ્રીઓની અગત્યની કામગીરીના મૂલ્યાંકન કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર, ડીડીઓ, મહાનગરપાલિકા અને પ્રાદેશિક કમિશનરોની કામગીરીનું રિયલ-ટાઇમ મૂલ્યાંકન અને રેન્કિંગ થઈ શકે તે માટે રિયલ ટાઇમ પર્ફોર્મન્સ મેઝરમેન્ટ સિસ્ટિમ 2.0 (RTPMS 2.0) લૉન્ચ કરવામાં આવી છે. શહેરી વિકાસ વર્ષના ભાગરૂપે શરૂ થયેલી આ પહેલથી શહેરોના વિકાસનું મૂલ્યાંકન કરવામાં મદદરૂપ બનશે.**

## AI ઇન્ટિગ્રેશન SWAGAT 2.0 પોર્ટલ લૉન્ચ

**મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા AI ઇન્ટિગ્રેશન SWAGAT 2.0 પોર્ટલ પણ લૉન્ચ કરાયું હતું તેનાથી નાગરિક ફરિયાદ નિવારણ માટે રિયલ-ટાઇમ મૉનિટરિંગ, ઓટો-એસ્કેલેશન અને AI આધારિત વિશ્લેષણ કરવામાં મદદ મળશે. આ પોર્ટલ AI ફરિયાદોનો ગુણવત્તાયુક્ત નિકાલ કરવા ઉપરાંત, ફરિયાદોનાં મૂળ સુધી પહોંચશે. જો કોઈ એક જ પ્રકારની સમસ્યા કોઇ ચોક્કસ સેક્ટર કે વિસ્તારમાં વારંવાર આવતી હશે, તો આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ રાજ્ય સરકારને જણાવશે કે કઇ નીતિમાં સુધારો કરવાની જરૂર છે.**

### શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યનાં ૪.૫ કરોડથી વધુ બાળકો શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો લાભ લીધો છે. જેમાં રાજ્યમાં દર વર્ષે અંદાજિત સરેરાશ કુલ ૧ કરોડ ૮૯ લાખથી વધુ બાળકોની આરોગ્ય ચકાસણી દ્વારા સ્થળ પર સારવાર કરવામાં આવે છે. આ ઉપરાંત જરૂરિયાતવાળાં બાળકોને સરકારી આરોગ્ય સંસ્થાઓ PHC-CHC-SDH, જિલ્લા હૉસ્પિટલ, મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલ તથા સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલમાં રિફર કરીને તદ્દન વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. રાજ્યમાં સુશાસન અંતર્ગત આ યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં બાળકોના આરોગ્યની સમસ્યાઓ શોધીને ૪૫ હજારથી વધુ બાળકોને હૃદય સંબંધિત સર્જરી અને સારવાર, ૪,૧૪૯ કીડની સારવાર, ૨,૩૩૬ કલબફૂટ, ૧,૪૦૮ ક્લેફ્ટ લીપ પેલેટ, ૬૯૨ કૅન્સર રોગની સારવાર, ૭૫૧ કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી, ૪૨ કીડની ટ્રાન્સપ્લાન્ટ, ૨૩ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ તેમજ ૧૨ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે.

### મહેસૂલી સુધારાથી નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા

મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક મહેસૂલી સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે.

### iORA પોર્ટલ પર ૧૭.૯ લાખથી વધુ અરજીઓ પ્રોસેસ કરવામાં આવી

જમીન ફાળવણીને લગતા સુધારા અંતર્ગત iORA પોર્ટલ દ્વારા રાજ્યના નાગરિકો સુધી ઝડપી અને પારદર્શક સેવાઓ પહોંચવામાં સરળતા મળી છે. વર્ષ ૨૦૨૨થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં iORA પોર્ટલ ઉપર વિવિધ પ્રકારની ૩૬ સેવાઓને લગતી કુલ ૧૭.૯ લાખથી વધારે અરજીઓ પ્રોસેસ કરવામાં આવી છે. iORA ફીડબેક સેન્ટર પર ૪૦૭૯૯ જેટલાં કોલના જવાબ આપવામાં આવ્યા છે.

### સેવાઓમાં ડિજિટલાઈઝેશન અને ટૅક્નોલોજિકલ સુધારા

ગરવી ૨.૦ પોર્ટલના રાજ્યવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઇન અને ફેસલેસ બનાવવામાં આવી છે.



સ્વામિત્વ યોજના અંતર્ગત ડ્રોન ફ્લાઇટ દ્વારા ૮૭૦૦થી વધુ ગામોમાં સર્વે પૂર્ણ કરીને ૧૧.૫૨ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. જન સેવા અને ઇ-ધરા કેન્દ્રો પરથી ફિઝિકલ સહી-સિક્કા વગરની ડિજિટલ સહી અને QR કોડવાળી નકલો (VF-૬, VF-૭, ૮A) મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. તે સિવાય અરજદાર હવે સિટી સર્વે કચેરીની રૂબરૂ મુલાકાત કર્યા વગર ઓનલાઈન માધ્યમથી ઇ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની નકલ ઘરે બેઠા મેળવી શકે છે.

## જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની

જમીન સંપાદનની કામગીરીને ઝડપી બનાવવા માટે ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ કરવામાં આવ્યું છે, જેના લીધે રાજ્યના જાહેર ક્ષેત્રના ૬૦ જેટલા મહત્ત્વના પ્રોજેક્ટ્સમાં જમીન સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે, આબુરોડ-તારંગા હિલ રેલવે અને કેશોદ ઍરપોર્ટ જેવા મહત્ત્વના પ્રોજેક્ટ્સમાં સફળતાપૂર્વક જમીન સંપાદન થવાથી ખેડૂતોને ઝડપથી વળતર મળી રહ્યું છે.

## મહિલા સશક્તીકરણ

બાળકોને નાનપણથી જ સ્વાસ્થ્યપ્રદ જીવન આપવા માટે વૅક્સિન, પોષણયુકત આહાર અપાઈ રહ્યા છે. સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણસ્તરમાં સુધારો લાવવા દર માસે તુવેર દાળ, ચણા, સીંગતેલ અપાય છે. ગંગાસ્વરૂપા બહેનોને પ્રતિમાસ આર્થિક સહાય પૂરી પાડવામાં આવી રહી છે. કન્યાઓને મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત મેડિકલ શિક્ષણ માટે આર્થિક સહાય આપવામાં આવી રહી છે. પૂર્ણા યોજના અન્વયે આંગણવાડી કેન્દ્ર દ્વારા કિશોરીઓને આરોગ્યપ્રદ પોષણ કિટ આપવામાં આવી રહી છે. જનભાગીદારીથી પ્રતિમાસ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને તિથિ ભોજનની પણ વ્યવસ્થા કરાઈ છે.

## બે વર્ષમાં લખપતિ દીદીની સંખ્યા ૫.૯૬ લાખને પાર

સુશાસન દ્વારા રાજ્યના નાગરિકોને સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર હંમેશાં પ્રયત્નશીલ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩માં 'લખપતિ દીદી' યોજના શરૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વ્યાપક પ્રયાસોના પરિણામે ડિસેમ્બર ૨૦૨૫ સુધી રાજ્યમાં ૫.૯૬ લાખ મહિલાઓની આવક એક લાખથી વધુ સુધી પહોંચી છે અને તેઓ ગર્વ સાથે ગુજરાતની 'લખપતિ દીદી' બની છે.

## વરદાનરૂપ બનતી 'કુંવરબાઈનું મામેરું' યોજના

સુશાસનનો અર્થ માત્ર નીતિ ઘડતર નહીં, પરંતુ નીતિઓના અસરકારક અમલીકરણને સમાજના છેવાડાના નાગરિક સુધી પારદર્શિતા અને સંવેદનશીલતા સાથે પહોંચાડવો એવો થાય છે. આ જ ઉદાત ભાવના સાથે ફરજનિષ્ઠ ગુજરાત સરકારની મહત્ત્વની યોજના એટલે 'કુંવરબાઈનું મામેરું'. દીકરી એ લક્ષ્મીનું સ્વરૂપ છે અને તેનું કન્યાદાન એટલે કે, દીકરીના લગ્ન એ પરિવાર માટે લાગણીઓ સાથે આવતો અવસર છે. આ પ્રસંગે અનુસૂચિત જાતિના પરિવારોને આર્થિક ચિંતા ન રહે તે માટે ગુજરાત સરકારની આ યોજના વરદાનરૂપ સાબિત થઈ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુશાસનમાં રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ૫૨,૦૦૦થી વધુ અનુસૂચિત જાતિની દીકરીઓને રૂ. ૬૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. પુનઃ લગ્નના કિસ્સામાં પણ



દીકરીઓને આ યોજનાનો લાભ આપીને સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

સહાયના ભાગરૂપે દીકરીના લગ્ન પ્રસંગે રૂ. ૧૨,૦૦૦ની સહાય DBT દ્વારા સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. યોજનાનો લાભ વધુ ને વધુ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચે તે માટે સરળ માપદંડ રાખવામાં આવ્યા છે. જેમાં શહેરી અને ગ્રામીણ બંને વિસ્તાર માટે રૂ. ૬ લાખની આવકમર્યાદા છે. એક કુટુંબમાં વધુમાં વધુ બે દીકરીઓના લગ્ન માટે આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

અરજીની પ્રક્રિયાને ઝડપી અને પારદર્શી બનાવવા અરજીઓ ઓનલાઇન સ્વીકારવામાં આવે છે. પાત્રતા ધરાવતા નાગરિકો લગ્નના બે વર્ષની અંદર http://esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર સરળતાથી ઓનલાઇન અરજી કરી શકે છે. દીકરીનો પરિવાર સન્માન સાથે લગ્નવિધિ કરી શકે તે માટે આ સહાય આપવામાં આવે છે. આ સહાય ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને લગ્નના આયોજન, ખરીદીમાં રાહત આપે છે. આ યોજના દ્વારા મળતી સહાય દીકરીને આત્મસન્માન અને ગૌરવ સાથે પોતાનું નવું જીવન શરૂ કરવામાં મદદરૂપ થાય છે.

## ન્યૂઝ ઍનાલિસિસ 2.0 પોર્ટલનો પ્રારંભ

**સુશાસન દિવસે મુખ્યમંત્રીશ્રીએ ન્યૂઝ ઍનાલિસિસ 2.0 પોર્ટલનો પ્રારંભ કરાવ્યો હતો. AI દ્વારા દૈનિક સમાચારનું સ્વચાલિત વિશ્લેષણ, વિષયવાર વર્ગીકરણ અને ઝડપી કાર્યવાહી માટે આ ઇન્ટિગ્રેટેડ સિસ્ટિમ વધુ મદદરૂપ થશે.**

**આ ઉપરાંત આયુષ્માન ભારત યોજનામાં હૉસ્પિટલોના પ્રદર્શનનું AI-મશીન લર્નિંગ આધારિત મૂલ્યાંકન અને ગુણવત્તા મોનિટરિંગ માટે PMJAY – હૉસ્પિટલ પર્ફોર્મન્સ ઍનાલિટિક્સ શરૂ કરાવવામાં આવ્યું છે. PMJAY-MA યોજના લાભાર્થીને હૉસ્પિટલ સ્તરે સમયસર સારવાર મળે તે સુનિશ્ચિત કરવા તથા તેનું અસરકારક યોગ્ય મૉનિટરિંગ થાય તે માટે આ પોર્ટલ ઉપયોગી નીવડશે.**

**AI-મશીન લર્નિંગ આધારિત ક્લસ્ટરિંગ દ્વારા રેન્કિંગ અને કીફાઇન્ડિંગ્સ સાથે સરકારી અને ખાનગી હૉસ્પિટલ્સની કાર્યક્ષમતા અને સેવાની ગુણવત્તાના મૉનિટરિંગ માટે વિવિધ પેરામીટર્સ આધારિત હૉસ્પિટલ રેન્કિંગ કરવામાં આવશે. એટલું જ નહિ, ડેશબોર્ડમાં GIS આધારિત લાભાર્થી દ્વારા લેવામાં આવતી સારવારના આધારે રોગ-બીમારીની પેટર્ન તથા દર્દીઓનું આગામી પાંચ દિવસોમાં અન્ય જિલ્લા હૉસ્પિટલમાં સારવાર માટે જતા હોય તેવા કેસોનું ટ્રાન્સફર ટ્રેકિંગ પેટર્નનું વિશ્લેષણ મેળવી શકાશે.**

## સ્વચ્છતા, સમૃદ્ધિ સાથે સુશાસનનો સમન્વય : 'ગોબરધન યોજના'

ગ્રામીણ સ્તરે જૈવિક કચરાનો વ્યવસ્થિત ઉપયોગ કરી બાયોગેસ પ્લાન્ટ દ્વારા સ્વચ્છ ગેસ તેમજ ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન કરી પશુપાલકોને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના એટલે 'ગોબર ધન યોજના'. આ યોજના અંતર્ગત રાજ્યમાં કમિશનર ગ્રામ વિકાસ કચેરી દ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ અત્યાર સુધીમાં ફેઝ-૧માં ૭,૪૨૩થી વધુ અને ફેઝ-૨માં ૪,૮૨૦ એમ કુલ ૧૨,૨૪૩ લાભાર્થીઓને વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટના નિર્માણ થકી લાભ આપવામાં આવ્યો છે.

રાજ્યમાં ગ્રામીણ સ્તરે વધુમાં વધુ નાગરિકો 'ગોબર ધન યોજના'નો લાભ લઈ શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં ૫૦ ક્લસ્ટર માટે ૧૦ હજાર પ્લાન્ટ સ્થાપવા રૂ. ૨૫.૫૦ કરોડની નવી બાબતની ૧૦૦ ટકા રકમ રાજ્ય ફાળા તરીકે મંજૂર કરાઈ છે. કુલ રૂ. ૪૨ હજારના ખર્ચે ૨ ઘન મીટર ક્ષમતાવાળો બાયોગેસ પ્લાન્ટ તૈયાર થાય છે, જે બનાવવા માટે લાભાર્થીએ રૂ. ૫ હજાર, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૫ હજાર તેમજ મનરેગા હેઠળ રૂ. ૧૨ હજારનો ફાળો આપવામાં આવે છે. આમ, લાભાર્થી માત્ર રૂ. ૫ હજારનું રોકાણ કરીને બાયોગેસ પ્લાન્ટનું નિર્માણ કરી શકે છે.

ગ્રામવિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા અને ગ્રામ વિકાસ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડાના માર્ગદર્શનમાં સ્વચ્છ ભારત






**પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી નિમિત્તે ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ સ્થિત 'અટલ ઘાટ' ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે તેમણે પૂર્વ વડાપ્રધાન દેશવાસીઓ માટે પ્રેરણાસ્ત્રોત હોવાનું જણાવતા કહ્યું હતું કે, અટલ બિહારી વાજપેયીજીના ઉચ્ચ આદર્શો, રાષ્ટ્રભક્તિ અને મૂલ્યનિષ્ઠ જીવનનો પ્રકાશ સદાય સમગ્ર દેશને માર્ગદર્શન આપતો રહેશે.**

મિશન (ગ્રામીણ) ફેઝ-૨ અંતર્ગત ગ્રામીણ વિસ્તારોને ઓડીએફ પ્લસ સ્ટેટસ તરફ લઈ જવા માટે ગોબરધન યોજના મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે.

## પશુઓમાં કૃત્રિમ બીજદાનમાં પાંચ ગણો વધારો

ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવવામાં પશુપાલન ક્ષેત્ર એક મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ પુરવાર થઈ રહ્યું છે. દૂધ ઉત્પાદન વધારવાની દિશામાં રાજ્ય સરકારે અપનાવેલી કૃત્રિમ બીજદાન પદ્ધતિ 'ગેઈમ ચેન્જર' બની છે. કૃત્રિમ બીજદાન પદ્ધતિના પરિણામે દૂધ ઉત્પાદન સાથે પશુઓની ઓલાદમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

રાજ્ય સરકારે હવે પશુપાલન ક્ષેત્રમાં વધુ એક ક્રાંતિકારી ટૅક્નોલૉજી "સેક્સ સોર્ટેડ સીમેન" અમલમાં મૂકી છે. સેક્સ સોર્ટેડ સીમેન વડે કૃત્રિમ બીજદાન કરવાથી પશુઓ લગભગ ૮૫ થી ૯૦ ટકા માદા બચ્ચાંને અને માત્ર ૧૦ થી ૧૫ ટકા જ નર બચ્ચાંને જન્મ આપે છે.

રાજ્ય સરકારની આ સેવા હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૫,૭૪૬ પશુઓને અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૫,૬૨૦ પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ આપવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૩૦,૯૨૫ પશુઓને તેમજ ચાલુ વર્ષે ઑક્ટોબર માસ સુધીમાં ૧,૦૦,૧૭૮ પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ આપવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા થયેલા કૃત્રિમ બીજદાન સામે ગાભણ થયેલા અને વિયાણ થયેલાં પશુઓમાંથી ૯૪ ટકા પશુઓએ માદા બચ્ચાંને જન્મ આપ્યો છે, જે સેક્સ સોર્ટેડ સીમેન ટૅક્નોલૉજીની કાર્યક્ષમતાનો જીવંત પુરાવો છે.

ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ ગુજરાતના ફ્રોઝન સીમેન સ્ટેશન - પાટણ ખાતે સેક્સ સોર્ટેડ સીમેન ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે રૂ. ૪૭.૫૦ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. જેની સહાયતાથી સેક્સ સોર્ટેડ સીમેનના પૂરતા ડોઝ ગુજરાતના પશુપાલકોને પરવડે તેવી કિંમતે રાજ્યમાં જ ઉપલબ્ધ થશે.

યુનાઈટેડ નેશન દ્વારા સુશાસનના સાત સિદ્ધાંતો વર્ણવવામાં આવ્યા છે, જેમાં પહેલો સિદ્ધાંત ભાગીદારીનો છે. ભાગીદારી એટલે જનતાની ભાગીદારી અને જનતાના પ્રતિનિધિની ભાગીદારી, માત્ર પૉલિસી નિર્માણમાં ભાગીદારી નહીં, પરંતુ એ પૉલિસીના અમલીકરણમાં પણ જનતાની ભાગીદારી હોવી જોઈએ. બીજો સિદ્ધાંત છે કાયદાનું અનુશાસન, આ લોકતંત્રના પાયાનો સિદ્ધાંત છે. ગુજરાતમાં કાયદાના અનુશાસન સાથે પૉલિસી નિર્માણ અને પૉલિસીનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્રીજો સિદ્ધાંત છે પારદર્શિતા, આજે ગુજરાતમાં દરેક તબક્કે પારદર્શિતા દાખવવામાં આવી રહી છે. ચોથો સિદ્ધાંત છે જવાબદારી, ગુજરાત સરકાર રાજ્યના નાગરિકો પ્રત્યે ખૂબ જ જવાબદાર છે રાજ્યમાં આવી પડતી કોઈ પણ આફતના સમયે સરકાર નાગરિકોની પડખે ઊભી રહી તેમની સમસ્યાઓ નિવારે છે અને છેવાડાના માનવી સુધી ગુણવત્તાસભર સેવા પૂરી પાડે છે.

પાંચમો સિદ્ધાંત છે રિસ્પોન્સિવનેસ, ગુજરાત સરકાર રાજ્યમાં આવતી કુદરતી કે માનવસર્જિત હોનારતોના સમયે નાગરિકોને પડતી સમસ્યાઓને પોતાની સમજીને તેને દૂર કરવા સતત પ્રયત્ન કરે છે. છઠ્ઠો સિદ્ધાંત છે સમાનતા અને સમાવિષ્ટતા, ગુજરાત સરકાર રાજ્યના દરેક નાગરિક માટે કોઈ પણ ભેદભાવ રાખ્યા વગર સમાનતાના ધોરણે ગુણવત્તાસભર સેવાઓ પૂરી પાડે છે. સાતમો સિદ્ધાંત છે અસરકારકતા અને કાર્યક્ષમતા, રાજ્ય સરકાર કાર્યક્ષમ હોવી જોઈએ. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ સિદ્ધાંત પરિપૂર્ણ થઈ રહ્યો છે.



## જ્ઞાનરૂપી પાંખ

# ૧૩ લાખ વિદ્યાર્થીઓને સ્કૉલરશિપનો સાથ

જ્ઞાનવર્ધન જ માનવીય વિકાસની કૂંચી છે. જ્ઞાનસમૃદ્ધ યુવાવર્ગ પોતાની પ્રતિભાના જોરે "વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત"ના નિર્માણના ધ્યેયને સાકાર કરવામાં ચાવીરૂપ ભૂમિકા નિભાવી શકે છે. તેથી જ ગુજરાત સરકારે વિવિધ શૈક્ષણિક યોજનાઓ થકી વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ આપી યુવાપ્રતિભાને પ્રોત્સાહન આપવાનાં અભિગમને અમલમાં મૂક્યો છે. તાજેતરમાં રાજ્ય સરકારે શિક્ષણમાં રોકાણ થકી પ્રગતિનાં મંડાણ કરવા વિદ્યાર્થીઓ માટે સ્કૉલરશિપ ક્રાંતિ કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કૉલરશિપ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કૉલરશિપ યોજનાના ૧૩ લાખથી વધુ લાભાર્થી વિદ્યાર્થીઓને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં રૂ. ૩૭૦ કરોડથી વધુની સ્કૉલરશિપ સહાય ડી.બી.ટી.થી એનાયત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ “બેટી પઢાવો” અભિયાનથી દેશમાં દીકરીઓના ભણતરને વેગ આપ્યો છે. શાળા પ્રવેશોત્સવ - કન્યા કેળવણી મહોત્સવની સફળતાને પગલે દીકરીઓનો ડ્રોપ-આઉટ રેટ ૩૭%થી ઘટીને બે ટકાથી પણ નીચો આવ્યો. ગ્રામીણ વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની ૨૮૩૪ શાળાઓ ઉપરાંત રાજ્યમાં ૩૨૦૦થી વધુ કૉલેજ, અને ૨૮૮ એન્જિનિયરિંગ કૉલેજ વિદ્યાર્થીઓના ઘડતરનું કાર્ય કરી રહી છે. ગુજરાતની મેડિકલ કૉલેજમાં ૭૦૦૦ હજારથી વધુ સીટો છે. મેડિકલમાં અભ્યાસ કરતી દીકરીઓને આર્થિક મદદ મળે તે માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનામાંથી અત્યાર સુધીમાં રાજ્યની ૨૪ હજારથી વધુ દીકરીઓને સહાય આપવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે શરૂ કરેલી ફ્લેગશિપ યોજનાઓ પૈકીની ચાર યોજનાઓ અંતર્ગત આજે ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓનાં બેંક ખાતામાં રૂ.૩૭૦ કરોડથી વધુ રકમની શિષ્યવૃત્તિ સહાય સીધી જ DBT માધ્યમથી ટ્રાન્સફર થઈ છે. તેમણે મુખ્યમંત્રીશ્રીને બીજી ટર્મમાં સફળતાપૂર્વકનાં ત્રણ વર્ષ નિમિત્તે અભિનંદન પાઠવ્યાં હતાં.

શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ જણાવ્યું હતું કે, નમો લક્ષ્મી યોજના દીકરીઓના સશક્તીકરણનું શક્તિશાળી માધ્યમ બની છે. આ યોજનાના પરિણામે વિદ્યાર્થિનીઓની હાજરીમાં ૭૩ ટકા જેટલો નોંધપાત્ર વધારો થયો છે તેમજ ધોરણ ૧૨માં પ્રવેશ મેળવનાર દીકરીઓની સંખ્યામાં ૧૩.૫૯ ટકાનો વધારો નોંધાયો છે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાથી વિજ્ઞાન પ્રવાહના નામાંકનમાં ૬.૩૪ ટકાનો વધારો થયો છે.

શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર નમો લક્ષ્મી, નમો સરસ્વતી સહિત અનેકવિધ યોજનાઓ થકી બાળકોનાં સર્વાંગી વિકાસ, શિક્ષણ અને આરોગ્યને કેન્દ્રમાં રાખીને સતત કાર્ય કરી રહી છે. આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# કાંકરિયા કાર્નિવલ ૨૦૨૫ : વિરાસત અને વિકાસનો ભવ્ય મેળો





કાંકરિયા કાર્નિવલ 'વિરાસત ભી, વિકાસ ભી'ના મંત્રને સાકાર કરે છે. કાંકરિયા કાર્નિવલ નાગરિકો માટે આનંદ, સંસ્કૃતિ અને વિકાસનું પ્રતીક બની રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દેશ-વિદેશમાં વિખ્યાત કાંકરિયા કાર્નિવલ-૨૦૨૫નો રંગારંગ પ્રારંભ કરાવ્યો હતો.

આ અવસરે તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તથા અમદાવાદ વિકાસ સત્તામંડળના રૂ. ૫૨૬ કરોડથી વધુનાં ૧૦૯ વિવિધ પ્રજાલક્ષી વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં, જેનાથી શહેરી વિકાસને નવી ગતિ મળી છે. જેમાં ગાંધીનગર, અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભામાં AMC વિભાગના રૂ. ૧૯૬.૭૩ કરોડનાં ૮૮ કામોના લોકાર્પણ તેમજ રૂ. ૧૫૦.૪૬ કરોડનાં ૧૨ કામનાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. આ બન્ને મળીને કુલ રૂ. ૩૪૭.૧૯ કરોડનાં ૧૦૦ કામના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયાં હતાં. ગાંધીનગર લોકસભામાં ઔડા વિભાગના રૂ. ૫.૨૫ કરોડનાં ૩ કામનું લોકાર્પણ અને રૂ. ૧૭૪.૩૪ કરોડનાં ૬ કામનાં ખાતમુહૂર્ત કરાયાં હતાં. આ બન્ને લોકસભા વિસ્તારો મળીને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન અને ઔડા વિભાગના રૂ. ૫૨૬.૭૮ કરોડના ખર્ચે ૯૧ જેટલાં વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયાં હતાં. ઉપરાંત તેમણે ટીબીમુક્ત ભારત અભિયાન અંતર્ગત પોષણ કિટનું વિતરણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ૧૬મા કાંકરિયા કાર્નિવલના પ્રારંભે ભારત રત્ન અટલબિહારી વાજપેયીની ૧૦૧મી જયંતી નિમિત્તે ભાવવંદના કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કાંકરિયા લેકફ્રન્ટની કાયાપલટ થતાં તે આજે શહેરની ઓળખ અને ગૌરવ બન્યું છે. વર્ષ ૨૦૨૪માં ૪૨ લાખથી વધુ લોકોએ કાંકરિયા લેકફ્રન્ટની મુલાકાત લીધી હતી, જે તેની લોકપ્રિયતા દર્શાવે છે. તેમણે સ્વચ્છતા પર પણ ભાર મૂકીને નાગરિકોને સહયોગ કરવા અપીલ કરી હતી.

લોકલ ટુ ગ્લોબલ' થીમ સાથે યોજાયેલી કાર્નિવલ પરેડ, ભવ્ય ડ્રોન શો, લાઇટ એન્ડ સાઉન્ડ શો તથા દેશભક્તિ ગીતોએ નગરજનોમાં ઉત્સાહ ભર્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં લોકપ્રિય કલાકાર કીર્તિદાન ગઢવીએ રંગ જમાવ્યો. ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા સહિતનાં ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા નગરજનોએ કાંકરિયા કાર્નિવલને માણ્યો હતો.



# સિદ્ધિઓના શિખરે સવાર 'સ્વચ્છ અને સ્માર્ટ' સિટી સુરત



રાજ્યનાં શહેરોના વિકાસને વેગ આપવા અને શહેરીજનોને વધુ સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરતવાસીઓને રૂ.૬૦૦ કરોડથી વધુનાં વિકાસકામોની ભેટ આપી હતી. મહાનગરપાલિકા અને સુડા(સુરત શહેરી વિકાસ સત્તામંડળ) ના કુલ રૂ.૨૪૯ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૧૦૯.૫૧ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ અર્બન રિંગ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ. (URDCL) દ્વારા સાકારિત થનારા અંદાજિત રૂ.૨૪૨ કરોડના વિવિધ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત કર્યાં હતાં. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશિપનો લાભ સમગ્ર દેશની સાથે ગુજરાતને મળી રહ્યો છે. સમગ્ર ગુજરાત સહિત સુરત તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ સુરત મહાનગરપાલિકાના વૉટ્સએપ ચેટબોર્ડની ઓનલાઇન પેમેન્ટ સુવિધાનું લોન્ચિંગ કર્યું હતું.

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં શહેરીકરણ ખૂબ જ ઝડપથી થઈ રહયું છે, જેને અનુલક્ષીને માળખાકીય સવલતો અને વ્યવસ્થાનું આગોતરું આયોજન થયું છે. આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સહિત પદાધિકારીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યનું પ્રથમ એલિવેટેડ માર્કેટ યાર્ડ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સુરત દ્વારા નવનિર્મિત રાજ્યના સૌથી મોટા અને સૌપ્રથમ એલિવેટેડ એટલે કે પ્રથમ માળે ભારે વાહનો અવરજવર કરી શકે તેવા અદ્યતન માર્કેટયાર્ડનું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું. સાથોસાથ તેમણે અત્યાધુનિક એલિવેટેડ માર્કેટ યાર્ડમાં આવતા ખેડૂતો, વેપારીઓ તથા શ્રમિકો માટે વિનામૂલ્યે પ્રાથમિક સારવાર કેન્દ્ર તથા બિયારણ વિતરણ કેન્દ્રનું પણ લોકાર્પણ કર્યું હતું.

### આવકની દૃષ્ટિએ ગુજરાતમાં પ્રથમ

કૃષિ જણસોના વેચાણ માટે આવતા ખેડૂતોને આર.ટી.જી.એસ મારફતે ઓનલાઇન ચુકવણી જેવી સુવિધાઓ માટે અભિનંદન આપતાં મુખ્યમંત્રીશ્રીએ આ સુવિધાના પરિણામે મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, આંધ્ર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવાં અન્ય રાજ્યોમાંથી પણ ખેડૂતો પોતાની કૃષિ પેદાશો વેચવા માટે સુરત તરફ આકર્ષાયા છે તેની પણ સરાહના કરી હતી. દૈનિક ૧૨થી ૧૫ હજાર લોકોની અવરજવર સાથે આ માર્કેટ યાર્ડ છેલ્લાં બે વર્ષથી આવકની દૃષ્ટિએ ગુજરાતમાં પ્રથમ ક્રમે છે.

**'સુરત APMCના નવનિર્મિત એલિવેટેડ માર્કેટ અને રેમ્પની સુવિધાથી ટ્રાફિકની સમસ્યાથી કાયમી છૂટકારો મળ્યો છે. અમારા જેવા વેપારીઓ તેમજ દૂર-દૂરથી પોતાની ઊપજ લઈને આવતા ખેડૂતોને પણ મોટી રાહત મળી છે''**

- મનોજસિંહ રાજપૂત



આ પ્રસંગે કૃષિ અને સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને નવી સુવિધાઓ, આધુનિક વ્યવસ્થાઓ અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળે અને તેમની આવક વધે તે હેતુથી રાજ્ય સરકાર અને સહકારી ક્ષેત્ર દ્વારા સતત પ્રયાસ થઈ રહ્યા છે, જેનું જીવંત ઉદાહરણ સુરતની એપીએમસી માર્કેટ છે.

આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ સહિત પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, ધારાસભ્યશ્રીઓ સહિત અગ્રણીઓ, ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

### સુરત એપીએમસી માર્કેટની વિશેષતા

સુરત એપીએમસી માર્કેટના આધુનિકીકરણ અને વિસ્તૃતીકરણના ભાગરૂપે એલિવેટેડ માર્કેટ યાર્ડનું નિર્માણ પામેલી આ અત્યાધુનિક માર્કેટમાં ૧૦૦ ફૂટ પહોળો રેમ્પ બનાવવામાં આવ્યો છે, જેથી કૃષિ જણસો સીધી વેપારીઓની દુકાનો પર જ ઉતારી શકે છે. આ માર્કેટમાં પ્રથમ માળે હાઈટેક ૧૦૮ દુકાનો, સ્ટોરરૂમ, લિફ્ટ, પૅસેન્જર લિફ્ટ, વાહન પાર્કિંગ, પ્રાથમિક સારવાર કેન્દ્ર, બિયારણ વિતરણ કેન્દ્ર જેવી સુવિધા ઊભી કરાઈ છે. વાર્ષિક રૂ.૩૭૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતી સુરત APMCનું રાજ્યના અર્થતંત્રમાં મહત્ત્વનું યોગદાન છે.

### વૈશ્વિક ફલક પર આગવી ઓળખ ઊભી કરતું સુરત

સુરતને જુલાઈ ૨૦૨૫માં ૭ સ્ટાર ગાર્બેજ ફ્રી સિટી' અને સપ્ટેમ્બર ૨૦૨૫માં 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ' માં સતત શ્રેષ્ઠ પ્રદર્શન માટે રાષ્ટ્રીય ઍવૉર્ડ્સ મળ્યા છે. જળ વ્યવસ્થાપન ક્ષેત્રે 'નૅશનલ વોટર ઍવૉર્ડ' અને નવેમ્બર ૨૦૨૫માં મળેલ 'જળ સંચય જન ભાગીદારી ઍવૉર્ડ' શહેરની જળ સંરક્ષણ પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવે છે. આ ઉપરાંત, સ્માર્ટ સિટી મિશન હેઠળ 'ધ સિટી ઍવૉર્ડ', આધુનિક પરિવહન સેવા (BRTS) માટે 'ઍવૉર્ડ ઑફ એક્સેલન્સ' અને ડિજિટલ ગવર્નન્સ માટે યુનેસ્કો તથા ભારત સરકારના અનેક પ્રતિષ્ઠિત ઍવૉર્ડ્સ મેળવીને સુરતે વૈશ્વિક ફલક પર પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે.



# સુરતમાં ૧૬ રાજ્યોના મૅયર્સનું વિકાસ મંથન






શહેરોનો સર્વગ્રાહી આર્થિક, સામાજિક વિકાસ અને સ્માર્ટ, સસ્ટેનેબલ સિટી ડેવલપમેન્ટ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાનો મજબૂત પાયો છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટેના વડાપ્રધાનશ્રીના ધ્યેયને પૂર્ણ કરવામાં ગુજરાતને અગ્રેસર રાખવા અર્નિંગવેલ-લિવિંગવેલ મંત્ર સાથે વિકસિત ગુજરાત @ ૨૦૪૭નો રોડ મૅપ કંડાર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેરી વિકાસ આયોજનો અને લોકોના ઈઝ ઑફ લિવિંગમાં વધારો કરવાના ગુજરાતના ઈનિશ્યેટિવ્ઝની પ્રભાવક પ્રસ્તુતિ સુરતમાં યોજાયેલી અખિલ ભારતીય મેયર્સ પરિષદમાં કરી હતી.

આ પરિષદની ૧૧૬મી કાર્યકારિણી બેઠકના પ્રારંભ અવસરના અધ્યક્ષસ્થાનેથી ૧૬ રાજ્યોના મેયર્સને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરીકરણના પડકારોને અવસરમાં પલટાવીને ગુજરાતમાં મૉડર્ન અર્બન ડેવલપમેન્ટ મૉડલની પહેલ વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસવર્ષથી કરી હતી. વેલ-પ્લાન્ડ સિટી ડેવલપમેન્ટ માટેના બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણને આના પરિણામે વેગ મળ્યો અને ૨૦૦૫ના શહેરી વિકાસવર્ષની બે દાયકાની સફળતાને પગલે રાજ્ય સરકારે પણ ૨૦૨૫ વર્ષને શહેરી વિકાસવર્ષ તરીકે ઊજવ્યું છે. ૨૦૨૫ના આ શહેરી વિકાસવર્ષમાં શહેરોની સ્વચ્છતા અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટમાં ગતિ આવી છે. આ પ્રસંગે શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યનાં શહેરોના વિકાસ માટે રૂ. ૨૮૦૦ કરોડના ચેક અર્પણ

શહેરીકરણને જ્યારે પડકાર ગણવામાં આવતો ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૦૫ના વર્ષમાં શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરાવી હતી. ૨૦૦૫ની સફળતાને પગલે મૉડર્ન અર્બન ટ્રાન્સફોર્મેશનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ ટ્રાન્સફોર્મેશનને વધુ ગતિ આપવા રાજ્ય સરકારે ૨૦૨૫ના વર્ષને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઊજવ્યું છે.






મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ના ઉપલક્ષ્યમાં અમદાવાદમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને એક સાથે એક જ મંચ પરથી કુલ રૂ. ૨૮૦૦ કરોડના ચેક વિવિધ સર્વાંગી વિકાસકામો માટે અર્પણ કર્યા હતા. રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને કુલ ૨૧૩૨ કરોડ રૂપિયા તથા નવી રચાયેલી ૯ મહાનગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૪૦ કરોડ મુજબ કુલ ૩૬૦ કરોડ જ્યારે ૧૫૨ નગરપાલિકાઓને કુલ ૩૦૮ કરોડ રૂપિયા વિકાસકાર્યો માટે આપ્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપરાંત શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા મુખ્યમંત્રીશ્રી સાથે શહેરી વિકાસની ઉજવણીમાં જોડાયાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જો વિઝનરી લીડરશિપ હોય અને વિકાસ માટેના કમિટમેન્ટ સાથે નાણાંની કોઈ કમી ન હોય તો કેટલી સ્પીડથી અર્બન ડેવલપમેન્ટ કરી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાતે શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શહેરી વિકાસ વર્ષથી પૂરું પાડ્યું છે. સ્માર્ટ સિટીઝ અન્વયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સિટી ઇન્વેસ્ટમેન્ટ્સ ટુ ઇનોવેટ, ઇન્ટિગ્રેટ અને સસ્ટેઇન કાર્યક્રમમાં ગુજરાત દેશનાં અગ્રણી રાજ્યોમાં છે. ક્લાઇમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા આપણાં નગરો-મહાનગરોએ ગ્રીન સ્પેસ, ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી તથા સૉલિડ વૅસ્ટ મૅનેજમૅન્ટ અને સ્વચ્છતા સર્વેક્ષણમાં લીડ લીધી છે. એટલું જ નહિ, સર્ક્યુલર ઇકોનોમીને વેગ આપવા ચાર 'R' રિડ્યૂસ, રિયૂઝ, રિસાઇકલ અને રિકવર પર ફોકસ કર્યું છે.

સૉલિડ વેસ્ટ મૅનેજમેન્ટમાં બધાં જ શહેરો નેતૃત્વ લે, વૉર્ડ દીઠ કચરાનું ૧૦૦ ટકા સેગ્રિગેશન થાય, નગરપાલિકાઓમાં વીજ બિલની બચત માટે ગ્રીન ક્લિન સોલર એનર્જીનો ઉપયોગ વધે તેના પર ભાર મૂક્યો હતો તેમજ સિટિઝન સેન્ટ્રિક ઇ-સર્વિસીસ અને મોબાઇલ ગવર્નન્સનો વ્યાપ વધારીને બધાં જ શહેરોમાં ટેક્સ કલેક્શન, વીજ બિલ સહિતનાં બિલોના પેમેન્ટ માટે યુ.પી.આઇ.ના ઉપયોગને વેગ મળે તેમજ ૨૦૪૭ના વિકસિત ભારત પહેલાં ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાનાં ૭૫ વર્ષ ઊજવાય ત્યાં સુધીમાં આપણાં શહેરોને દેશમાં ઉત્કૃષ્ટ સુવિધાયુક્ત શહેરો બનાવવાની તકનો મહત્તમ ફાયદો મેળવાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આ અવસરે રાજ્યના વિવિધ શહેરી વિસ્તારોના સર્વાંગી વિકાસની ઝાંખી કરાવતી ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે શહેરી વિકાસ માટે એક જ સ્થળેથી રાજ્યભરની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ચેક અર્પણ કરવાના આ કાર્યક્રમ બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે મુખ્યમંત્રીશ્રી પ્રજાની સમસ્યાઓ અને તકલીફોના સમાધાન માટે સતત પ્રયાસરત રહે છે. મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વિભાગનું બજેટ રૂ. ૨૨,૦૦૦ કરોડથી વધારીને રૂ. ૩૦,૦૦૦ કરોડ કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના શહેરી વિકાસ વિભાગના બજેટમાં ઉત્તરોત્તર વધારો કરીને લોકોની સુખાકારી વધારવા માટે અનેકવિધ પ્રકલ્પોના વિકાસ માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાના હોદ્દેદારોને તેમણે દરેક વિકાસકામ સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો.

# ગુજરાત પોલીસમાં ૧૧,૬૦૭ ઉમેદવારો નાગરિકોની સેવામાં જોડાયા



પોલીસનો ગણવેશ જાહેર સલામતી, શિસ્ત અને નાગરિકોના મનમાં સુરક્ષાની છાપ ઊભી કરે છે. નાગરિકોમાં સુરક્ષા અને સલામતીની ભાવના ઉજાગર કરવા ગુજરાત પોલીસ વર્ષોથી પ્રશંસનીય કામગીરી કરી રહી છે. ગાંધીનગરમાં પોલીસ સેવામાં જોડાતા ઉમેદવારોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. રાજ્યમાં પોલીસ દળની ભરતીઓમાં ઉત્તીર્ણ થઈને ૩૧૦૦ જેટલી યુવતીઓ સહિત ૧૧ હજારથી વધુ યુવાઓ ટીમ ગુજરાતમાં જોડાયાં છે. મુખ્યમંત્રીશ્રીએ આ નવા યુવા પોલીસ કર્મીઓને સરકારમાં આવકાર્યા હતા. કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને ગૃહરક્ષક દળ રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકારી નોકરીનો એપોઇન્ટમેન્ટ લેટર એ ઈમાનદારી જવાબદારી, શિસ્ત પાલન અને રાષ્ટ્ર સેવાનો સંકલ્પ લેવાનો અવસર છે. એક પોલીસ કર્મીના ફરજ પાલનમાં માનવ અધિકારોનું સન્માન, સંવૈધાનિક મૂલ્યનું પાલન અને નિષ્પક્ષતા જાળવવી આવશ્યક છે. P એટલે પોલાઇટ-વિનમ્ર, O એટલે ઓબિડિયન્ટ-જે ઑફિસરની આજ્ઞા સાથે ફરજ બજાવે, L એટલે લોયલ-ભારતના સંવિધાનને વફાદાર રહે, I એટલે ઈન્ટેલિજન્ટ, હંમેશાં બુદ્ધિચાતુર્યથી કામ લે, C એટલે કરેજિયસ, કોઈ પણ સ્થિતિમાં હિંમત ન હારે, E એટલે એન્થુઝિઆસ્ટિક-ઉત્સાહી જે જનતાની સેવા-સલામતી માટે હરહંમેશ તત્પર હોય તેને POLICE કહેવાય.

# ગાંધીનગરમાં યોજાઈ રાજ્યસ્તરીય ક્રાઇમ કૉન્ફરન્સ




પ્રત્યેક સમાજના સર્વાંગીણ વિકાસમાં સુરક્ષાનું વાતાવરણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગુજરાતના નાગરિકો જે શાંતિમય રીતે જીવન નિર્વાહ કરે છે તેનું શ્રેય રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ વિભાગ અને પોલીસતંત્રની સક્રિયતાને આભારી છે. રાજ્યના આ વાતાવરણને વધુ સશક્ત બનાવવાના ઉદ્દેશ્યથી ગાંધીનગરમાં રાજ્યસ્તરની ક્રાઇમ કૉન્ફરન્સ યોજાઈ હતી. આ કૉન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ ક્રાઇમ કૉન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો, જેમાં તમામ શહેર, રેન્જના વિવિધ જિલ્લાઓની બેસ્ટ પ્રેક્ટિસિસ અંગે પ્રેઝન્ટેશન અને બોર્ડર સિક્યોરિટી, કોસ્ટલ સિક્યોરિટી, લૉ એન્ડ ઓર્ડર તેમજ ક્રાઇમ ડિટેક્શન-પ્રિવેન્શન જેવા તમામ સુરક્ષા સંબંધિત વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. સાયબર ક્રાઇમ, નાર્કોટિક્સ જેવા વર્તમાન સમયના પડકારો અને તેના નિવારણો વિશે સામૂહિક ચિંતન કરવામાં આવ્યું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં જે શાંતિ, સલામતી અને સુરક્ષા છે તેના પરિણામે આપણે વિકાસના રોલમોડલ રાજ્યનું ગૌરવ મેળવ્યું છે. ગ્લોબલ કંપનીઝ અને ઉદ્યોગો રાજ્યની શાંતિ-સુરક્ષાની સ્થિતિને કારણે જ વેપાર-ઉદ્યોગ માટે ગુજરાતને પસંદ કરે છે. તેમણે રાજ્ય પોલીસની સતર્કતા, ફરજ નિષ્ઠા અને કર્તવ્ય ભાવના બદલ પોલીસ દળને અભિનંદન પાઠવ્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ પોલીસ દળમાં એ.આઇ.નો ઉપયોગ, કોસ્ટલ સિક્યૉરિટી, સાયબર ક્રાઇમ અટકાવવાની કામગીરી અંગે બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

# જુવેનાઇલ ડાયાબિટીસ નિયંત્રણમાં સરકારની સંવેદના



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણનો દૃઢ નિર્ધાર કર્યો છે. છેક છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પહોંચે તે માટે આયુષ્માન ભારત જેવી વિશ્વની સૌથી મોટી આરોગ્ય સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. આ દિશામાં રાજ્ય સરકારે પણ ટાઈપ-૧ ડાયાબિટીસ ધરાવતાં બાળકોના સચોટ નિદાન અને સમયસર સારવાર દ્વારા રોગ નિયંત્રણનો સંકલ્પ લીધો છે

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ બાળ આરોગ્ય સંભાળમાં પ્રિકોશન, પ્રિવેન્શન અને પોઝિટિવ લાઈફસ્ટાઈલ પર ભાર મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી ટાઈપ-૧ ડાયાબિટીસ કાર્યક્રમનો રાજ્યવ્યાપી પ્રારંભ કર્યો હતો. આ અવસરે તેમણે જણાવ્યું હતું કે, જુવેનાઇલ ડાયાબિટીસ ધરાવતાં બાળકોના પરિવાર પર સારવારનો ભાર ન આવે તે માટે રાજ્ય સરકાર નિઃશુલ્ક ઈન્જેક્શન, ગ્લુકોમિટર અને જરૂરી સારવાર કિટ પૂરી પાડે છે. શાળા આરોગ્ય અભિયાન અંતર્ગત દર વર્ષે એક કરોડથી વધુ બાળકોની આરોગ્ય તપાસ થાય છે. જરૂર જણાય ત્યારે કીડની, હૃદયરોગ, કૅન્સર, લીવર ટ્રાન્સપ્લાન્ટ જેવી સુપર સ્પેશિયાલિટી સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે. છેલ્લાં ૧૧ વર્ષમાં ૨ લાખ ૧૮ હજાર કરતાં વધુ બાળકોને લાભ મળ્યો છે. જીવનશૈલીમાં સુધારા દ્વારા ડાયાબિટીસ નિયંત્રિત કરી શકાય છે. મુખ્યમંત્રીશ્રીએ 'વિકસિત ભારત @૨૦૪૭'ને સ્વસ્થ ગુજરાતથી સાકાર કરવાનું આહ્વાન કર્યું.

# ફરિયાદીનું સ્વાગત, ફરિયાદનો નિકાલ




'રાજ્ય સ્વાગત' કાર્યક્રમ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ નાગરિકોની ફરિયાદોનું સંવેદનશીલ અને ઝડપી નિવારણ થાય છે. જે અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૫ના રાજ્ય સ્વાગતમાં રાજ્યભરમાંથી ૯૭થી વધુ રજૂઆતકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા સ્વાગતની ૧૨૮૪ તથા તાલુકા સ્વાગતની ૨૪૫૮ રજૂઆતો અંગે જિલ્લા અને તાલુકાકક્ષાએ નિવારણની કાર્યવાહી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સ્વાગતમાં જૂનાગઢના કેશોદ તાલુકાના એક ખેડૂતને તેના ખેતરમાં જવા માટે રસ્તો મળી રહે તે માટે સ્થાનિક તપાસ કરીને કાર્યવાહી કરવા જિલ્લા કલેક્ટરને સૂચના આપી હતી. સીપુ યોજના અન્વયે સાબરમતી સરસ્વતી લિન્ક કૅનાલ યોજનામાં મહેસાણાના ખેડૂતની સંપાદિત થયેલી ખેતીની જમીનનું વળતર તાત્કાલિક ચૂકવવા કલેક્ટરને જણાવ્યું હતું. નગરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમૅન્ટ અને નાગરિક સુવિધાનાં કામોમાં ક્વૉલિટી જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા અને આવા કામોમાં બેદરકારી કે નિષ્કાળજી દાખવનારાઓ સામે કડક પગલાં લેવા સૂચના આપી. વાપી નગરપાલિકા વિસ્તારમાં સંયુક્ત માલિકીની જમીનમાં અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ કનેક્શન માટે કરવામાં આવતા અવરોધો દૂર કરીને આ કનેક્શન તાત્કાલિક આપવા અને બાબરા તાલુકાના રજૂઆતકર્તાને સરકારે ફાળવેલા મફત ઘરના પ્લૉટની ગામના નમૂનામાં નોંધ કરીને માલિકીહક આપવા સંબંધિત તંત્રવાહકોને કાર્યવાહી હાથ ધરવા તેમજ રાજ્યના વિભાગો અને વહીવટી તંત્રના અધિકારીઓને સ્વાગતમાં આવતી રજૂઆતોનું નિવારણ સામૂહિક પ્રયત્નોથી લાવવા તાકીદ કરી હતી.

# અમદાવાદને મળી તેની પ્રથમ "મેક ઇન ઇન્ડિયા" મેટ્રો ટ્રેન






દેશના વિકાસમાં આંતરમાળખાકીય સુવિધાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. દેશમાં રેકૉર્ડ બ્રેક ગતિએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સવલતો વધી છે. હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનથી રેપિડ ટ્રાન્ઝિસ્ટને નવી દિશા મળી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ શહેરને તેની પ્રથમ સ્વદેશી એવી 'મેક ઇન ઇન્ડિયા' મેટ્રો ટ્રેનની ભેટ આપી. કલકત્તા નજીક ટિટાગઢ રેલ સિસ્ટિમ્સના આધુનિક પ્લાન્ટની મુલાકાત લઈને મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મેટ્રો રેલ માટેના કોચીસનું લોન્ચિંગ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પ્લાન્ટના વરિષ્ઠ ઇજનેરો સાથે ચર્ચા દ્વારા અમદાવાદ મેટ્રો ટ્રેન વિશે જાણકારી મેળવી હતી.

તેમણે જણાવ્યું કે, અમદાવાદની આ મેટ્રો ટ્રેન શહેરમાં મેટ્રો રેલ વ્યવસ્થાની વધતી માંગ અને લોકપ્રિયતાને પહોંચી વળવા સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટિમ્સને સુગમ બનાવશે. ગુજરાત મેટ્રો રેલ કૉર્પોરેશન લિમિટેડે (GMRCL) કોલકતાના ટિટાગઢ રેલ સિસ્ટિમ્સ લિમિ.ને ૧૦ ટ્રેન નિર્માણનો ઓર્ડર આપ્યો છે. આ ટ્રેન ફેઝ-૨ના ૨૧ કિ.મી.નું કાર્ય પૂર્ણ થતાં આગામી ૫-૬ મહિનામાં તબક્કાવાર પૂરી પાડવામાં આવશે. ઉચ્ચ ગુણવત્તાના સ્ટેનલેસ સ્ટીલથી બનેલી આ મેક ઇન ઇન્ડિયા ટ્રેનમાં રંગો અને ડિઝાઇનનો જે વિશેષ સ્પર્શ આપવામાં આવ્યો છે તે અમદાવાદની સંસ્કૃતિ અને પરંપરાને પ્રતિબિંબિત કરે છે.

# પર્યાવરણને અનુકૂળ ઇમારતોનું નિર્માણ આવશ્યક : મુખ્યમંત્રીશ્રી

છેલ્લાં ૨૫ વર્ષથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત વેલ-પ્લાન્ડ અર્બન ડેવલપમેન્ટ સાથે વિકાસનું રોલમોડલ બન્યું છે. વડાપ્રધાનશ્રીએ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું જે વિઝન આપ્યું છે, તેને સાકાર કરવામાં રિયલ એસ્ટેટ ક્ષેત્રનો મહત્ત્વપૂર્ણ ફાળો રહેશે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દિલ્હી ખાતે યોજાયેલી ક્રેડાઈની નૅશનલ કોન્કલેવમાં પ્રેરક સંબોધન આપ્યું હતું.

દેશની વધતી વસ્તી સંદર્ભે 'હાઉસિંગ ફોર ઓલ'ના લક્ષ્યાંક પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે કે ગરીબમાં ગરીબ વ્યક્તિને પણ પાકું મકાન મળે, અને પ્રધાનમંત્રી આવાસ યોજના આ દિશામાં મહત્ત્વનું પગલું છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે ક્રેડાઈ તથા રિયલ એસ્ટેટ ક્ષેત્રે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરવાની જરૂર હોવાનું તેમણે જણાવ્યું.

સસ્ટેનેબિલિટી અને ઇનોવેશન પર ભાર મૂકતાં તેમણે પર્યાવરણને અનુકૂળ ઘરો, ઑફિસો અને સરકારી ઇમારતોના નિર્માણની આવશ્યકતા વ્યક્ત કરી. વધતા શહેરીકરણને ધ્યાનમાં રાખીને સંસાધનોના યોગ્ય સંચાલન માટે દૂરંદેશી આયોજન જરૂરી હોવાનું તેમણે જણાવ્યું. ગિફ્ટ સિટી અને ધોલેરા સ્માર્ટ સિટી જેવા પ્રોજેક્ટ્સનું ઉદાહરણ આપી ભવિષ્યના વિકાસ મોડલ પર પ્રકાશ પાડ્યો. આ નૅશનલ કોન્કલેવમાં ક્રેડાઈના આગેવાનો અને દેશભરના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



# યોગ કોચ અને ટ્રેનર્સનો પ્રથમ દીક્ષાંત સમારોહ



ભારત વિશ્વને આધ્યાત્મિક માર્ગદર્શન આપનારો દેશ છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગને વૈશ્વિક સ્વીકૃતિ અપાવી તેના પરિણામે ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આજના સ્પર્ધાત્મક યુગમાં યોગ અને ધ્યાન એ એકાગ્રતા, નિર્ણયશક્તિ અને આંતરિક શાંતિ વધારવા માટે કોઈ ખર્ચ કે આડઅસર વગર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તાજેતરમાં ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોચ અને યોગ ટ્રેનરના પ્રથમ દીક્ષાંત સમારોહ અને વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત@૨૦૪૭ના લક્ષ્યને મનની શાંતિ અને સ્વસ્થ-નિરોગી જીવનશૈલી સાથે ધ્યાનયોગથી જ સ્વસ્થ સમાજ અને રાષ્ટ્ર નિર્માણ દ્વારા સાકાર કરી શકાશે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ સમારોહમાં યોગ ટ્રેનર્સને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી શિશપાલજી, ગાંધીનગરનાં મેયર શ્રીમતી મીરાંબહેન પટેલ, ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન પટેલ, યોગ ટ્રેનર્સ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમદાવાદમાં ‘ભારતકૂલ અધ્યાય-૨’ કાર્યક્રમ યોજાયો



અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત 'ભારતકૂલ અધ્યાય-૨'ના પ્રારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માધ્યમોની કામગીરીની સરાહના કરતાં કહ્યું કે, રાજ્યના વિકાસમાં મીડિયાની ભૂમિકા સહાયકની છે. સરકાર હંમેશાં નાગરિકોની સુખાકારી માટે પ્રયત્નશીલ છે, ત્યારે નીતિઓમાં સુધારા અને લોકકલ્યાણ માટે યોગ્ય ટીકાનો ભાવ હકારાત્મક હોવો જોઈએ.

તેમણે ભારતકૂલના આયોજન બદલ ગુજરાત મીડિયા ક્લબ અને ગુજરાત યુનિવર્સિટીને અભિનંદન પાઠવી તેને યુવા શક્તિને સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડનાર મંચ ગણાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે યુવાશક્તિએ સમય સાથે કદમ મિલાવીને સ્વદેશી, સાંસ્કૃતિક મૂલ્યોના જતન જેવા સંકલ્પો સાથે વિકાસના પંથે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ગુજરાતના વિકાસમાં 'ભાવ, રાગ અને તાલ'ને મહત્ત્વના ગણાવી ભારતકૂલના કાર્યક્રમમાં 'ભાવ, રાગ અને તાલ' જેવા અદભુત વિષયોની પસંદગી બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યાં હતાં.

# સી. એમ. ડેશબોર્ડ દ્વારા ગવર્નન્સ પર્ફોર્મન્સ ઇન્ડેક્સની નવતર પહેલ



દેશમાં સુશાસનના રોલમૉડલ તરીકે પ્રસ્થાપિત થયેલા ગુજરાતમાં સિટીઝન સેન્ટ્રિક ગવર્નન્સનો અભિગમ સુનિશ્ચિત થાય અને યોજનાઓના અમલ સહિતની બાબતોનું રિયલ ટાઇમ મોનિટરિંગ થાય તે હેતુથી સી.એમ. ડેશબોર્ડ કાર્યરત કરવામાં આવ્યું છે. ટૅક્નોલૉજીના સમુચિત ઉપયોગની પહેલના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં સી એમ ડેશ બોર્ડ દેશનાં અન્ય રાજ્યો માટે જનહિતલક્ષી અને યોજનાકીય કામગીરી મૂલ્યાંકન તથા અમલીકરણ માટેનું ઉદાહરણરૂપ પ્લૅટફૉર્મ બન્યું છે.

રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલમાં મુકાયેલી કામગીરી દ્વારા રાજ્યનાં નાગરિકોના જીવનધોરણમાં સકારાત્મક સુધારો જોવા મળે છે. આ વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ માટે મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં વિવિધ વિભાગોની જુદા-જુદા પ્રકારની કામગીરીઓનાં મહત્ત્વપૂર્ણ પેરામીટર્સને સી.એમ. ડેશબોર્ડ પર એક જ ઇન્ટિગ્રેટેડ પ્લેટફોર્મ પર લાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ગુડ ગવર્નન્સની એ ઉજ્જવળ પરંપરાને ગતિપૂર્વક આગળ ધપાવતાં સી.એમ. ડેશબોર્ડ દ્વારા સમગ્રલક્ષી ગવર્નન્સ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ (GPI) તૈયાર કરાવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ GPI સંદર્ભે વિભાગોની કામગીરીની પ્રગતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષામાં જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સંવેદનશીલતા અને સશક્તીકરણનો સમન્વય : ખેડૂતોની હામી બનતી સરકાર

રાજ્યના નાગરિકોનું હિત અને સુરક્ષા એ જ ગુજરાત સરકારની કાર્યશૈલીનો મુખ્ય મંત્ર છે. ગુજરાતના સર્વાંગી વિકાસના કેન્દ્રમાં હંમેશાં રાજ્યનો અન્નદાતા રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મળેલી કૅબિનેટ બેઠકે સાબિત કરી દીધું છે કે સરકાર માત્ર આયોજન જ નથી કરતી, પણ તેનું ત્વરિત અમલીકરણ પણ કરે છે. કૃષિ રાહત પૅકેજ દ્વારા રૂ. ૫,૩૩૦ કરોડની સીધી સહાય હોય કે ટેકાના ભાવે પારદર્શક ખરીદી, ગુજરાત સરકાર ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે મક્કમ ડગલાં ભરી રહી છે.

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ માટે ખૂબ જ ટૂંકા ગાળામાં બે અલગ ઐતિહાસિક કૃષિ રાહત પૅકેજ જાહેર કર્યા હતા. આ બંને રાહત પૅકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૨૩.૧૮ ખેડૂતોના કુલ રૂ. ૬૮૯૦.૯૮ કરોડના ઓનલાઇન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી કુલ ૧૭.૯૨ લાખ ખેડૂતોને કુલ રૂ. ૫૩૩૦.૪૩ કરોડથી વધુની સહાય સીધી તેમના બૅંક ખાતામાં ચૂકવવામાં આવી છે. કૃષિ રાહત પૅકેજ અંતર્ગત સહાય મેળવવા માટે રાજ્યના કુલ ૩૦.૭૧ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઇન અરજી કરી છે.

મગફળીની ખરીદી માટે રાજયના ૧૧૪ તાલુકામાં આશરે ૩૧૭ ખરીદ કેન્દ્રો મારફત કુલ ૪.૭૫ લાખ ખેડૂતો પાસેથી રૂ. ૭,૫૩૭ કરોડના મૂલ્યની કુલ ૧૦.૪૯ લાખ મે. ટન મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. જેની સામે ૨.૧૮ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૩,૪૬૮ કરોડની રકમ સીધી તેમના બૅન્ક ખાતામાં ચૂકવી દેવામાં આવી છે.વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ કહ્યું હતું કે, આર્થિક સહાય અંતર્ગત મગફળી સહિતના વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરીને રાજ્ય સરકાર ખેડૂતોની હામી બની છે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ અને રાજકોટમાં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટના આયોજનની સમીક્ષા કરી હતી. AMCની શાળાની છાત્રા માહી ભટ્ટને 'નાસા સ્ટેમ'માં ગાઇડ તરીકે આમંત્રણ મળતા મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર મંત્રીમંડળે દીકરી અને તેના પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.






**સંબોધન :** અમદાવાદમાં આયોજિત 'ગૌરવશાળી ગુજરાત' કૉન્કલેવમાં સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત અને વિકાસ આજે એકબીજાના પર્યાય બન્યાં છે, જેના પાયામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસની રાજનીતિ છે, જેણે એક નવો ઇતિહાસ રચ્યો છે. ગુજરાત વિકાસનું રોલમૉડલ બન્યું છે. અમદાવાદ ખાતે નૅશનલ ન્યૂઝ ચૅનલ - રિપબ્લિક ઇન્ડિયા દ્વારા આયોજિત 'ગૌરવશાળી ગુજરાત' કોન્કલેવમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતની સલામતી અને સુરક્ષા કડક કાનૂની વ્યવસ્થાઓને આભારી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા ખેલ મહાકુંભથી રાજ્યના યુવાઓ ખેલકૂદ ક્ષેત્રે આગળ વધ્યા છે.



**સેવા :** લાયન્સ ઇન્ટરનૅશનલ સેવા અને નેતૃત્વમાં દીવાદાંડીની જેમ કાર્ય કરતું સંગઠન છે, તેમજ ૨૦૦થી વધુ દેશો-પ્રદેશોમાં સેવાકીય પ્રવૃત્તિ માટે ૪૯ હજારથી વધુ ક્લબ ધરાવતું સક્રિય નેટવર્ક છે. ગુજરાતના આંગણે યોજાયેલા ઇન્ટરનેશનલ ઍસોસિયેશન ઑફ લાયન્સ ક્લબના ૫૩મા લાયન્સ ઇન્ટરનેશનલના આઈસેમ (ISAME) ત્રીજા ફોરમમાં વિવિધ દેશોના અનેક આમંત્રિત પ્રતિનિધિઓ સહિત ૪ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ISAME-૨૦૨૫ ફોરમનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો.



**બેઠક :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટ અન્વયે રાજ્ય સરકારના વિભાગોએ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં કરેલા ખર્ચની ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ સરકારના વિભાગોને ખર્ચની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન માટેની અગાઉની બેઠકમાં થયેલાં સૂચનો સંદર્ભે લીધેલાં પગલાંઓની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વન-પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળી તેમજ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ.એસ. રાઠૌર અને તમામ વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ અને સચિવશ્રીઓ આ બેઠકમાં સહભાગી થયા હતા.



**ઉજવણી :** દેશમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતી તેમજ 'વંદે માતરમ્'ની પણ ૧૫૦ વર્ષની ઉજવણીની સાથે ગુજરાતના લોકપ્રિય સામયિક ચિત્રલેખાની ૭૫ વર્ષની ઉજવણીનો સુભગ સમન્વય રચાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ચિત્રલેખાનાં ૭૫ વર્ષની ઉજવણીમાં જોડાયા હતા. જાણીતા ભાગવત કથાકાર ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાએ ચિત્રલેખાનાં ૭૫ વર્ષના યોગદાનને બિરદાવીને શતાબ્દી ઊજવવા આશીર્વચન પાઠવ્યાં હતાં. અમદાવાદમાં થયેલી ઉજવણીના કાર્યક્રમમાં જાણીતા ગાયક શ્રી પાર્થિવ ગોહિલે ગુજરાતી ગીતો ગાઈને સંગીતમય માહોલ સર્જ્યો હતો. ચિત્રલેખાના ચૅરમૅન શ્રી મૌલિકભાઈ કોટકે ચિત્રલેખાના શરૂઆતી સંઘર્ષની યાત્રાને યાદ કરી હતી.

**મુલાકાત:** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાઉદી વ્હોરા સમાજના સર્વોચ્ચ ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબની અમદાવાદની મઝાર-એ-કુત્બી ખાતે સૌજન્ય મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં સૈયદના સાહેબે જનકલ્યાણ, સામાજિક સમરસતા અને જવાબદાર નાગરિકત્વના મહત્ત્વ વિશે ચર્ચા કરી હતી. ઉપરાંત અમદાવાદના સતત થઈ રહેલા વિકાસ તેમજ શહેરની વ્યવસ્થા અને નાગરિક સુખાકારી બદલ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ૩૨મા દાઈ સૈયદના કુતબખાન કુતબુદ્દીન-સાહેબની પુણ્યતિથિ નિમિત્તે તેમની દરગાહ પર પુષ્પાંજલિ અર્પણ કરી અને શહેર-સમાજના ઈતિહાસ અને વારસાને બિરદાવ્યો હતો.





**પ્રોપર્ટી ફેસ્ટ :** અમદાવાદના ઓગણજમાં નૅશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ, ગુજરાત (NAREDCO) દ્વારા પ્રોપર્ટી ફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેની મુલાકાત લીધી હતી. આ અવસરે મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ પ્રોપર્ટી ફેસ્ટમાં વિવિધ રિયલ એસ્ટેટ ગ્રૂપના સ્ટોલ્સની મુલાકાત લઈ, આધુનિક બાંધકામ અને શહેરી વિકાસના પ્રોજેક્ટ્સની ઝીણવટભરી માહિતી પણ મેળવી હતી. આ ફેસ્ટમાં ૪૧ જેટલા રિયલ એસ્ટેટ ગ્રૂપના સ્ટોલ્સ હતા. રોકાણકારો, ઘર ખરીદનારાઓ અને પ્રોપર્ટીમાં રસ ધરાવનારા અનેક લોકો ફેસ્ટની મુલાકાતે આવ્યા હતા.

# GCCI ખાતે ઇન્ડસ્ટ્રી ઇન્ટરેક્શન મીટ



ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI) દ્વારા અમદાવાદમાં નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી શ્રી હર્ષ સંઘવી અને ઉદ્યોગજગતના લોકો સાથે ઇન્ટરેક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી હર્ષ સંઘવીએ રાજ્યના ઔદ્યોગિક વિકાસના રોડમેપ, આગામી નીતિઓ અને ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં થયેલા નોંધપાત્ર સુધારાઓ રજૂ કર્યા અને ઉદ્યોગપતિઓને 'વિકસિત ગુજરાત @ ૨૦૪૭'ના વિઝનમાં ખભેખભો મિલાવીને યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ઉદ્યોગજગતે ગુજરાતને ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ દેશમાં નંબર વન રાજ્ય બનાવ્યું છે. ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિને કોઈ પણ પ્રકારના સ્પીડબ્રેકર વગર આગળ લઈ જવાનું કામ આપણે સાથે મળીને કરવાનું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત, વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ પ્રયાણ કરી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સિદ્ધ કરવા રાજ્યના અર્થતંત્રને ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડૉલર સુધી પહોંચાડવાનું ધ્યેય છે, જેના માટે ગુજરાતમાં સેમિકન્ડક્ટર, ગ્રીન હાઇડ્રોજન, રિન્યૂએબલ એનર્જી જેવાં ક્ષેત્રો અને ગ્રીન ગ્રોથ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો દ્વારા ગ્રાસરૂટ સ્તરે રોકાણની શક્યતાઓને અનલોક કરવામાં મદદ કરશે.

# અમદાવાદમાં ૧૯૫ લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત



અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત કેમ્પમાં ૧૯૫ લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી દર્શનાબહેન વાઘેલા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં CAA અંતર્ગત ૧૨૨ અને કલેક્ટર કચેરીમાં નોંધાયેલા ૭૩ લોકો મળીને કુલ ૧૯૫ ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ કેમ્પમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, અનેક દેશોમાં વર્ષો સુધી યાતનાઓ વેઠીને અને દુઃખો સહન કરીને ભારતમાં શરણાર્થી તરીકે આવીને વસેલા લોકો વર્ષોથી દેશના વિકાસમાં સહભાગી બન્યા છે. દેશનું દાયિત્વ સંભાળ્યા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રિય મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં નાગરિકતા નિયમોમાં સુધારા કરીને પાકિસ્તાનમાંથી ભારત આવીને વસેલા નાગરિકોને તેમની ઓળખ સમાન નાગરિકતા પ્રમાણપત્ર મળે તે માટે દિશાસૂચક કામગીરી કરવામાં આવી છે. શરણાર્થી નાગરિકોને ભારતમાં ગર્વભેર જીવન જીવવા અને પોતાનાં સપનાઓ સાકાર કરવામાં CAA કાયદો મહત્ત્વનો સાબિત થયો છે. નાગરિકતા પ્રમાણપત્ર મેળવીને તેઓ વિવિધ અધિકારો અને સેવાઓ સરળતાથી પ્રાપ્ત કરી શકશે. શરણાર્થી નાગરિકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર મેળવવામાં મદદ કરનારા સૌ નાગરિકો, સામાજિક અગ્રણીઓ, સંસ્થાઓને તથા અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રની કામગીરીને તેમણે બિરદાવી હતી.

**પદવીદાન :** વડોદરાની પારૂલ યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૨૫ના વિદ્યાર્થીઓનો પદવીદાન સમારોહ રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ સમારોહમાં વિવિધ ફૅકલ્ટીના ગ્રૅજ્યુએટ અને પોસ્ટ-ગ્રૅજ્યુએટ વિદ્યાર્થીઓને ડિગ્રી તથા શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. દેશનાં ઑલિમ્પિયન બૉક્સર મેરી કોમ, ટેનિસ ચૅમ્પિયન સાનિયા મિર્ઝા, પ્રખ્યાત બિઝનેસ વુમન વિનિતા સિંહ, પ્રસિદ્ધ પત્રકાર રજત શર્મા સહિત વિવિધ મહાનુભાવો ઉપરાંત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ, શૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં.






**સંવાદ :** નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી (HUDA) સંલગ્ન સંબંધિત ગામોના આગેવાનો તથા ગ્રામજનો સાથે ગાંધીનગરમાં મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં રચાયેલી કમિટીના સભ્યો ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા ઉપસ્થિત રહ્યા હતા.

**લોકાર્પણ :** અમદાવાદ ગ્રામ્ય પોલીસ હેડક્વાર્ટરમાં ખાખી ભવન ઉપરાંત અમદાવાદ ગ્રામ્ય પોલીસના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કર્યાં હતાં. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે એડીઆર-શિલ્ડ, બ્લૂ સર્કિટ પ્રોજેક્ટ, અભયયાત્રી પ્રોજેક્ટ, અસલાલી વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ તથા વીરમગામ પોલીસલાઇનનું ખાતમુહૂર્ત કરાયું હતું. ઉપરાંત, અમદાવાદ ગ્રામ્ય પોલીસમાંથી ઉમદા કામગીરી કરનારા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓનું સન્માન કરાયું હતું. ‘તેરા તુજકો અર્પણ’ અંતર્ગત ચાર નાગરિકોને તેમનાં ચોરાયેલાં નાણાં-ઘરેણાં પરત કરવામાં આવ્યાં હતાં અને તૈયાર કરવામાં આવેલી પ્રદર્શનીની મુલાકાત પણ લીધી હતી.



**એક્ઝિબિશન :** અમદાવાદમાં ૮૦ હજાર સ્ક્વેર મીટર વિસ્તારમાં દુનિયાના સૌથી મોટા પ્લાસ્ટિક એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા લોકોને ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી રાજ્ય હોવાની ભૂમિકા વ્યક્ત કરી, સ્ટેક હૉલ્ડર્સને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક લોકો ઉપરાંત વિવિધ રાજ્યોના ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં સામેલ થયા હતા.






**આયોજન :** જૂનાગઢ ભવનાથ મહાશિવરાત્રિ મેળાના સુદૃઢ આયોજન સંદર્ભે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. તેમણે સાધુ સંતો, પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ જૂનાગઢ વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મેળા દરમિયાન મોટી સંખ્યામાં આવતા લોકો તેમજ સાધુ-સંતો માટે તમામ પ્રાથમિક આવશ્યકતાઓ સંદર્ભે બારીકાઈથી ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા ઉપરાંત સ્થાનિક પદાધિકારીઓ તેમજ જૂનાગઢ જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**મુલાકાત :** નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદના સાણંદ અને બાવળા પંથકની મુલાકાત લઈ રાજ્યની ઔદ્યોગિક પ્રગતિની સમીક્ષા કરી હતી. નાયબ મુખ્યમંત્રીએ સાણંદ-૨ GIDCમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રની વૈશ્વિક કંપનીઓ Micron Technology, Kaynes Semicon Private Limited અને CG SEMI Private Limitedના એકમોની મુલાકાત લીધી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ બાવળા તાલુકાના ભાયલા ગામ પાસે ક્રિસ્ટલ લોજિસ્ટિક્સ પાર્કમાં INOX Windના WTG મૅન્યુફૅક્ચરિંગ પ્લાન્ટ અને INOX Solarના PV મૉડ્યૂલ મૅન્યુફૅક્ચરિંગ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે જળસંપત્તિ રાજ્યમંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રૂફટોપ રેવોલ્યુશન : ગુજરાતે સર્જ્યો સૌરઊર્જાનો નવો અધ્યાય



ગુજરાત સહિત વિશ્વભરમાં દર વર્ષે તા. ૧૪મી ડિસેમ્બરે 'વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસ'ની ઉજવણી થાય છે. ગુજરાતમાં ઊર્જા સંરક્ષણ બાબતે કરેલી કામગીરી અંગે ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતે 'પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના'ના સફળ અમલીકરણ થકી એક ક્રાંતિકારી પહેલ કરી છે. વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલી પી. એમ. સૂર્ય ઘર યોજનાના અમલીકરણમાં ૨૫ ટકાના યોગદાન સાથે ગુજરાત દેશમાં પ્રથમક્રમે છે.

સૌરઊર્જા ઉત્પન્ન કરવામાં ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વીજળીના સતત વધી રહેલા વપરાશ અને ભાવિ માંગને પહોંચી વળવા તૈયાર છે. ગુજરાતે આગામી વર્ષ-૨૦૨૭ સુધીમાં પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના અંતર્ગત ૧૦ લાખ રહેણાકીય રૂફટોપ સોલર સિસ્ટિમ્સ સ્થાપવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં આ યોજના હેઠળ કુલ ૧૮૮૬ મેગાવૉટ સોલર ક્ષમતાની ૪.૯૬ લાખ રૂફટોપ સોલર સિસ્ટિમ્સ સ્થાપવામાં આવી છે, જે રાજ્યના લક્ષ્યાંકના ૪૯ ટકાથી વધુ છે જે એક મહત્ત્વની સિદ્ધિ છે.

પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાની કામગીરીની સમીક્ષા માટે રાજ્ય કક્ષાની સંકલન બેઠક બોલાવવામાં આવે છે, જેમાં રાજ્યમાં ચાલી રહેલી યોજનાની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવે છે. રાજ્ય સરકારે 'પીએમ સૂર્ય ઘર મફત વીજળી' યોજનાને વધુ વેગવંતી બનાવવા અને રૂફટોપ સોલર ઇન્સ્ટોલેશન માટે ગ્રાહકોને પ્રોત્સાહિત કરવા, ૬ કિલોવૉટ સુધીની સોલર રૂફટોપ સિસ્ટિમ માટે રેગ્યુલેટરી ચાર્જીસ રૂ.૨૯૫૦ની સહાય તથા ૬ કિલોવૉટ સુધીની સોલર રૂફ ટોપ સિસ્ટિમ માટે નેટવર્ક સ્ટ્રેન્ધનિંગ ચાર્જ માફ કરવામાં આવ્યો છે. તેમજ વધુ સુવિધા માટે નેટ મિટરિંગ ઍગ્રીમેન્ટ કરવાની જરૂરિયાતમાંથી પણ મુક્તિ આપવામાં આવી છે, જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વધુમાં વધુ નાગરિકો પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાનો લાભ લઈ રહ્યા છે.

# પર્યાવરણના જતન સાથે જ્ઞાનની સરવાણીને 'ગ્રીન સ્કૂલ ઍવૉર્ડ'

'જ્ઞાન સાથે ગમ્મત અને સાથે પર્યાવરણનું જતન' કરનારી શાળાઓનું સન્માન શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા નવીનતમ પરિવર્તનનું ઉદાહરણ ગણાવી શકાય. તાજેતરમાં ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા રાષ્ટ્રીય સ્તરે મુંબઈમાં આયોજિત 'ગ્રીન યોર સ્કૂલ પ્રોગ્રામ' હેઠળ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની જીવરાજના મુવાડા ગામની સરકારી પ્રાથમિક શાળાને રાષ્ટ્રીય કક્ષાનો 'ગ્રીન સ્કૂલ ઍવૉર્ડ-૨૦૨૫' અપાયો છે. અંદાજે ૧,૨૦૦થી વધુ વૃક્ષ ધરાવતી આ શાળાને રાષ્ટ્રીય સ્તરે ગ્રીન સ્કૂલ અંગેના ૧૧ નવા વિચારો અને પ્રોજેક્ટના અમલીકરણ માટે રૂ. ૩ લાખનું પ્રોત્સાહન ઇનામ પણ આપવામાં આવ્યું છે.



રાજ્યના સમગ્ર શિક્ષણ વિભાગ, શાળાના આચાર્ય તેમજ શિક્ષકોના માર્ગદર્શન દ્વારા તૈયાર કરવામાં આવેલી ગ્રીન સ્કૂલ અંગેના સ્કૂલમાં ચાલતા પ્રોજેક્ટ અંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જૂરી સમક્ષ પ્રભાવી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.


પર્યાવરણના જતનની સાથે શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર આ શાળાએ સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે. આ વર્ષે આ પ્રોગ્રામમાં દેશમાંથી ૭૨૦ સ્કૂલ સહભાગી થઈ હતી, જેમાં પ્રથમ ત્રણ નંબરમાં ગુજરાત, અરુણાચલ પ્રદેશ અને પુડુચેરી રાજ્યોની શાળાની પસંદગી કરવામાં આવી હતી. શિક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે શાળાની નવીન પહેલને મળેલાં આ પ્રોત્સાહન અન્ય માટે પ્રેરણારૂપ છે.

# સુશાસનનું સરવૈયું

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં જે સંકલ્પોને પૂર્ણ કરી ગુજરાત રાજ્યે વિકાસનાં નવાં સોપાન સર કર્યાં તેનું પ્રતિબિંબ 'ગુજરાત' પાક્ષિકના માધ્યમથી જનજન સુધી પહોંચ્યું છે. છેલ્લા એક વર્ષમાં પ્રત્યેક અંકમાં રજૂ થયેલી ગુજરાતની ગૌરવ સિદ્ધિઓ, ઉત્કૃષ્ટ કામગીરી, ગૌરવપૂર્ણ બાબતો, જનહિતલક્ષી નિર્ણયોની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.**







## જાન્યુઆરી

- રાજ્યમાં નવી ૫૧૩ સહિત દેશમાં ૧૦ હજાર એમ-પેક્સ, ડેરી એન્ડ ફિશરીઝ કો-ઑપરેટિવનો પ્રારંભ.
- માહિતી વિભાગ દ્વારા તૈયાર કરાયેલા 'મારી યોજના' પોર્ટલનો પ્રારંભ-૬૮૦થી વધુ સરકારી યોજનાઓ એક ક્લિકમાં.
- મુખ્યમંત્રીશ્રી કાર્યાલય દ્વારા ગવર્નમેન્ટ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ, સ્કોલરશિપ મોનિટરિંગ સિસ્ટિમ, રેવન્યૂ ડેશબોર્ડ, સી.એમ. ફૅલોશિપ વેબસાઈટ "સ્વર" પ્લૅટફૉર્મ, ગુજરાત ઈન્ડિયા પોર્ટલનો પ્રારંભ કરાયો.
- "સ્વાગત ૨.૦" ઓટો એસ્કેલેશન મેટ્રિક્સ અને સ્વાગત મોબાઇલ ઍપનું લૉન્ચિંગ.
- ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં જનતાની પ્રથમ પસંદ બન્યો.
- સોશિયલ ચૅલેન્જીસના ઉપાયો માટે A.I. ટાસ્કફોર્સની રચના.
- ગુજરાતની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પૉલિસી' નાબૂદ.
- સુરતના ઇચ્છાપોર પોલીસસ્ટેશનને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પોલીસસ્ટેશન તરીકે માન્યતા.
- રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂના હસ્તે સર્વશ્રેષ્ઠ 'રાજ્ય દિવ્યાંગજન આયુક્ત'નો વર્ષ ૨૦૨૪નો ઍવૉર્ડ એનાયત.
- પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-૨ ગ્રામપંચાયતે દીનદયાલ ઉપાધ્યાય પંચાયત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઍવૉર્ડ (DDUPSVP) થીમ અંતર્ગત "સુશાસનયુક્ત પંચાયત" શ્રેણીમાં પ્રથમ સ્થાન.

## ફેબ્રુઆરી

- વડનગરમાં આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સલ મ્યૂઝિયમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો હતો તે નવનિર્મિત પ્રેરણા સ્કૂલનું લોકાર્પણ.
- ૭૬મા પ્રજાસત્તાક પર્વની તાપી જિલ્લામાં રાજ્યકક્ષાની ઉજવણી.
- ગાંધીનગરમાં ગિફ્ટ ઇન્ટરનૅશનલ ફીન્ટેક એન્ડ ઇનોવેશન હબનું ઉદ્ઘાટન.
- ગાંધીનગરમાં સૌપ્રથમ "બિમસ્ટેક યૂથ સમિટ" યોજાઈ.
- ગિફ્ટ સિટીમાં સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ્સનો પ્રારંભ.
- ગિફ્ટ સિટીમાં AI સેન્ટર ઑફ









એક્સલન્સનો પ્રારંભ.

- ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પૉલિસી (૨૦૨૫-૩૦) લોન્ચ.
- ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ રૅન્કિંગમાં ગુજરાત "ટોપ એચિવર".
- સુરતમાં ડુમસ ફોરેસ્ટ કૉલોની-સુલતાનાબાદ ખાતે રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે ૪.૫૦ હેક્ટરમાં વનવિભાગ દ્વારા ગુજરાતના સૌપ્રથમ નવનિર્મિત 'નગરવન' ને ખૂલ્લું મૂકવામાં આવ્યું.

## માર્ચ

- કિસાન સન્માન નિધિના ૧૯મા હપતામાં ગુજરાતના ૫૧.૪૧ લાખ ખેડૂતોને રૂ. ૧૧૪૮ કરોડની સહાય.
- વિકાસના પાંચ સ્તંભ આધારિત રૂ. ૩.૭૦ લાખ કરોડનું રાજયના ઇતિહાસનું સૌથી મોટું બજેટ રજૂ.
- રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે અને બજેટમાં આ માટે ૪૦%નો વધારો કરી ૩૦ હજાર કરોડથી વધુ બજેટની ફાળવણી પણ કરી.
- ગુજરાતમાં પ્રથમ વખત યોજાયું ASICON ૨૦૨૫નું રાષ્ટ્રીય સંમેલન.
- ગુજરાતમાં કૃષિક્ષેત્રના વિકાસને નવી દિશા આપવા માટે ઍગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ (AIF) હેઠળ ૩,૫૦૦ કૃષિ પ્રોજેક્ટ્સ માટે રૂ.૩,૯૦૦ કરોડની સહાય મંજૂર.
- રાજયની ૭ GMERS સંલગ્ન હૉસ્પિટલમાં અત્યાધુનિક નવીન હાઇ એન્ડ માઇક્રોસ્કોપ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા.
- SKOCH-૧૦૦ સમિટમાં ગુજરાતના આરોગ્ય વિભાગને બે ઍવૉર્ડ પ્રાપ્ત.
- વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં નવસારીના જલાલપોરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીની "For All Women and Girls Rights. Equality, Empowerment" થીમ અંતર્ગત ઉજવણી.
- રાજ્યનાં ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથોની ૨.૫ લાખથી વધુ મહિલાઓને રૂ.૪૫૦ કરોડની સહાય અર્પણ.
- સ્વસહાય જૂથોની મહિલાઓને નાણાકીય સહાય માટે 'જી-સફલ' તેમજ ગ્રામીણ આજીવિકા માટે કાર્યરત સ્ટાર્ટઅપ્સને નાણાકીય સહાય માટે 'જી-મૈત્રી' યોજનાઓનું વડાપ્રધાનશ્રીએ લોન્ચિંગ કર્યું હતું.
- ગિફ્ટ સિટીમાં ઇન્ડિયા ઍરક્રાફટ લિઝિંગ એન્ડ ફાઇનાન્સિંગ સમિટ-૨૦૨૫
- “મિષ્ટી” યોજના હેઠળ મેન્ગ્રોવના વાવેતરમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર.
- રાજ્યની સરકારી વીજ કંપનીઓને કેન્દ્રીય વીજ મંત્રાલય દ્વારા A+ રેટિંગ.

## એપ્રિલ

- દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું દહેજમાં GACLના સ્થાપના દિવસે વર્ચ્યુઅલ લોકાર્પણ.
- 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત સ્ટિયરિંગ કમિટીની રચના.
- સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર (CBIP) દ્વારા GETCOને સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પ્રદર્શન ધરાવતી પાવર ટ્રાન્સમિશન (સિસ્ટિમ) યુટિલિટી CBIP ઍવૉર્ડ ૨૦૨૪થી સન્માનિત.
- કલોલમાં ઈફકોના માતૃ એકમ સંકુલની સુવર્ણ જયંતી નિમિત્તે "બીજ સંશોધન કેન્દ્ર"નો શિલાન્યાસ.
- નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના દેગામ ખાતે દેશના સૌથી મોટા વારી કંપનીના ૫.૪ ગીગાવૉટ સોલાર સેલ ઉત્પાદન પ્લાન્ટ તથા કન્ટ્રોલ સેન્ટરનું ઉદ્ઘાટન.
- ચાંગોદરમાં મેટર કંપની દ્વારા નિર્મિત દેશના સૌ પ્રથમ ગિયર્ડ ઈલેક્ટ્રિક મોટર-બાઈક પ્લાન્ટનો શુભારંભ.
- 'કેચ ધ રેઈન'-'સુજલામ્ સુફલામ્' જળ અભિયાન ૨.O'નો મહેસાણાના દવાડાથી રાજ્યવ્યાપી પ્રારંભ.
- ગુજરાત સરકારના મહેસૂલી ક્ષેત્રે ક્રાંતિકારી નિર્ણયો : ખેતી હેતુ માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો જૂની શરતની ગણાશે.

## મે

- પારદર્શી અને પ્રજાલક્ષી શાસન દાયિત્વની પારાશીશી 'સ્વાગત'નાં ૨૨ વર્ષ પૂર્ણ.
- પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ PAIના રાજ્યવાર મૂલ્યાંકનમાં ગુજરાત ૩૪૬ ગ્રામપંચાયતો સાથે મોખરે.
- "હોલિસ્ટિક ડેવલપમેન્ટ કૅટેગરી" અંતર્ગત દેશના ૭૮૦ જિલ્લાઓમાંથી રાજકોટે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી "પી. એમ. ઍવૉર્ડ્સ ફોર એક્સેલેન્સ પબ્લિક ઍડમિનિસ્ટ્રેશન ૨૦૨૪" મેળવ્યો.
- સ્પેસ ટૅક્નોલૉજી ક્ષેત્રને વેગ આપવા ગુજરાત સરકારે ગુજરાત સ્પેસટેક પૉલિસી ૨૦૨૫-૨૦૩૦ જાહેર કરી.
- ખેતી વિષયક વીજ-જોડાણ માટે સહમાલિકની સંમતિ જરૂરી નહીં.
- ઘેડમાં વરસાદી પાણીના નિકાલ માટે રૂ.૧૫૦૦ કરોડનાં કામો મંજૂર.
- ઈલેક્ટ્રિક વાહનો પર ઉચ્ચક વાહનવેરાનો દર ૧ ટકો.
- ઑપરેશન સિંદૂર બાદ સાવધાની અને સતર્કતાની સમીક્ષા મોકડ્રિલમાં ગુજરાતની અભૂતપૂર્વ એકતા.
- I-PRAGATI પોર્ટલ, સાયબર ક્રાઈમ રિફંડ પોર્ટલ "તેરા તુઝકો અર્પણ" અને અનફીઝ ઍપ્લિકેશન લોન્ચ.
- પાવનધરા પંચમહાલમાં ગુજરાત સ્થાપના દિવસ-ગૌરવ દિવસની ગર્વભેર ઉજવણી.
- થેલિસિમિયા નાબૂદી માટે ગુજરાત બન્યું રોલમૉડલ, ગુજરાતમાં કુલ ૧૫.૫૦ લાખથી વધુ લોકોના થેલિસિમિયા ટેસ્ટ કરાયા.
- કારીગરોની મહેનત, 'ગરવી ગુર્જરી'નો મંચ, એક વર્ષમાં રૂ. ૩૧.૪૭ કરોડના વેચાણનો વિક્રમ.
- ગુજરાતના પેન્શનરો અને વૃદ્ધ પેન્શનરોને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા હયાતી (લાઈફ સર્ટિફિકેટ) ની ખરાઈ તેમના ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય.
- "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજના અંતર્ગત ધોરણ ૧૦-૧૨ની બૉર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં રૂ. ૨૦ હજારનો વધારો.

## જૂન

- કચ્છની ધરા પરથી રૂ. ૫૩ હજાર કરોડથી વધુના લોકાર્પણ-ખાતમુહૂર્ત વિકાસ પ્રકલ્પો વડાપ્રધાનશ્રી દ્વારા જનસમર્પિત.
- વડાપ્રધાનશ્રીએ ગુજરાતના દાહોદમાં રૂ. ૨૪ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને શિલાન્યાસ કરી દાહોદની ઈલેક્ટ્રિક લોકોમોટિવ ફૅક્ટરીમાંથી નિર્મિત આધુનિક ટૅક્નોલૉજીથી સજ્જ સંપૂર્ણ સ્વદેશી ૯૦૦૦ હોર્સપાવરનું ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન ડી-૯ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.
- વેરાવળ (સોમનાથ) - સાબરમતી(અમદાવાદ) 'વંદેભારત એક્સપ્રેસ' ટ્રેનનું પ્રસ્થાન.
- દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફૅસ્ટ'નો શુભારંભ.
- 'ગુજરાતની સિંહ-સમૃદ્ધિ'; ૧૬મી સિંહ વસતી અંદાજમાં સાવજની સંખ્યા ૮૯૧ થઈ.
- રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડથી દૈનિક ૩૨૦ કરોડ લિટર પાણીનું વિતરણ
- સૌર ઊર્જા ક્ષેત્રે અગ્રેસર ગુજરાત, પીએમ સૂર્ય ઘર યોજનામાં સૌથી વધુ ૩૪% યોગદાન.
- વિશ્વ પર્યાવરણ દિવસે અમદાવાદમાં સિંદૂરવન અને ગાંધીનગરમાં સચિવાલય પ્રાંગણમાં ૪ હજાર રોપાઓના વાવેતર સાથે માતૃવન

નિર્માણથી 'એક પેડ માં કે નામ ૨.૦' અભિયાનનો પ્રારંભ.
- AMCના 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાનનો શુભારંભ.
- ગિફ્ટ સિટીમાં ઇન્ફોસિસના નવા ડેવલપમેન્ટ સેન્ટરનો શુભારંભ.
- અમદાવાદમાં દેવી અહિલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જયંતીની ઉજવણી.
- નળ સરોવરનું ખાસ મહેમાન બન્યું દુર્લભ આર્કટિક પક્ષી સબાઈન ગલ (Xema sabini).
- ગુજરાતની પ્રથમ બાયોડાઈવર્સિટી હેરિટેજ સાઇટ "ગુનેરી ઇનલેન્ડ મેન્ગ્રોવ".

## જુલાઈ

- અનંત અનાદિ વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે ૨૧૨૧ યોગ સાધકોએ એક સાથે ભુજંગાસન કરીને 'ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ' સર્જી ભારતીય સંસ્કૃતિની શક્તિનો પરચમ લહેરાવ્યો.
- ભુજ ખાતે અષાઢી બીજે સંસ્કૃતિ, ઉત્સવ અને વારસાનો મહોત્સવ એવો કચ્છ કાર્નિવલ યોજાયો.
- 'ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પૉલિસી-૨૦૨૫(GECMS-૨૦૨૫) જાહેર.
- GMC મ્યુનિસિપલ બોન્ડ ઇસ્યૂ લાવનારી રાજ્યની પાંચમી મહાનગરપાલિકા બની.
- ગુજરાત રાજ્ય માર્ગ-વાહનવ્યવહાર નિગમ એસ.ટી.માં નવી નિમણૂક મેળવેલા ૨૩૨૦ કંડક્ટર કક્ષાના યુવાઓ અને પાણી પુરવઠા બોર્ડમાં નવનિયુક્ત વિવિધ સંવર્ગના ૧૪૪ અધિકારીઓને નિમણૂકપત્રો એનાયત.
- કેન્દ્રીય સહકારિતા મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિત્તે આણંદમાં "ત્રિભુવન" સહકારિતા યુનિવર્સિટીનો શિલાન્યાસ, અમૂલ ડેરીના ચૉકલેટ, દૂધ, દહીં અને મોઝરેલા ચીઝના એક્સટેન્શન પ્લાન્ટ, એનડીડીબી સંકુલમાં નવું ભવન, NCDFI બિલ્ડિંગનું લોકાર્પણ.
- જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો ગાંધીનગરથી રાજ્યવ્યાપી પ્રારંભ
- ટી.બી.મુક્ત ભારત અભિયાનમાં 'સ્ટેટ્સ વિથ મોસ્ટ ઇમ્પ્રૂવમેન્ટ' શ્રેણીમાં ગુજરાત પ્રથમ.
- ભારતનેટ ફેઝ-૩ MoC કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય.
- ગુજરાતના નાગરિકો હવેથી અરજદારો ફેસલેસ લર્નિંગ લાઇસન્સની સેવા આધાર બેઇઝ્ડ e-KYC દ્વારા મેળવી શકશે તેવો રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

## ઑગસ્ટ

- સ્વચ્છ સર્વેક્ષણ વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતની ચાર મહાનગરપાલિકાઓએ વિવિધ કૅટેગરીમાં રાષ્ટ્રીય સ્તરની સિદ્ધિ મેળવી.
- અમદાવાદે દસ લાખથી વધુની વસ્તી ધરાવતાં શહેરોની 'ગ્રીનેસ્ટ બિગ સિટી' શ્રેણીમાં દેશનું સૌથી સ્વચ્છ શહેર બનીને ગૌરવ પ્રાપ્ત કર્યું.
- ધરોઈ ડેમ સાઇટને સસ્ટેનેબલ ટૂરિઝમ એન્ડ યાત્રાધામ સ્થળ તરીકે વિકસાવાશે.
- રાજ્યની શાસન વ્યવસ્થામાં ત્વરિત નિર્ણય, નાગરિકલક્ષી યોજનાઓ, સેવા વિતરણ પ્રણાલી અને કલ્યાણ યોજનાઓનો લાભ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગથી ઝડપી અને અસરકારક રીતે મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક્શન પ્લાન ફોર ઇમ્પ્લિમેન્ટેશન ઑફ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ૨૦૨૫-૨૦૩૦ને મંજૂરી આપી.
- 'ગ્રીટ'ની નવનિર્મિત કચેરી, 'ગ્રીટ'ની વેબસાઇટ તેમજ ડિજિટલ ડેશબોર્ડના લોન્ચની સાથે સંસ્થા દ્વારા તૈયાર કરાયેલા પૉલિસી પેપર્સ, વર્કશોપ અહેવાલો અને સેક્ટર સ્પેસિફિક સ્ટડી રિપોર્ટ્સનું અનાવરણ.
- નાવલીમાં પાંચ કરોડના ખર્ચે નિર્મિત એન.સી.સી. લીડરશિપ ઍકેડમી ભવનનું લોકાર્પણ કરાયું.
- ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિસનો પ્રોજેક્ટ લોન્ચ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય
- "ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી ઍવૉર્ડ" માટે ગીર સોમનાથ જિલ્લાએ પ્રથમ સ્થાન મેળવ્યું.
- ગુજરાતને One District One Product (ODOP) અંતર્ગત કામગીરી માટે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત.
- વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઇમ્સ ૨૦૨૫માં ૬૪ પદકો સાથે ભારતને મળ્યું ત્રીજું સ્થાન.
- 'સ્વામિત્વ' યોજનામાં મિલકતધારકોને હવે વિનામૂલ્યે સનદ મળશે.
- સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ કરમસદ સાથે જોડાયેલી આણંદ મહાનગરપાલિકાના સ્થાને "કરમસદ-આણંદ મહાનગરપાલિકા", "KARAMSAD ANAND MUNICIPAL CORPORATION" નામાભિધાન કરવા કૅબિનેટમાં ઠરાવ મંજૂર.
- બરડા વન્યજીવ અભયારણ્યમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી.
- કેન્દ્ર સરકારે ધન ધાન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી છે. આ યોજના માટે ૨૪,૦૦ કરોડ રૂપિયા ફાળવવાની

કેન્દ્ર સરકારની સહાય.

- હરિત વન પથ યોજનામાં ૭.૬૩ લાખ રોપાઓનું વાવેતર.
- દરિયાઈ માછલીના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં બીજા સ્થાને.
- ગ્રીન હાઇડ્રોજન સુવિધા કાર્યરત કરનાર કંડલા ભારતનું પ્રથમ બંદર.
- 'MISHTI' પ્રોજેક્ટમાં ચેરના વાવેતરમાં ગુજરાત દેશમાં પ્રથમ.
- "સ્કીમ ફોર પ્રમોટિંગ રિસર્ચ ઈન હેલ્થ એન્ડ મેડિકલ કેર"ને મંજૂરી.

## સપ્ટેમ્બર

- વિકસિત ભારત, વિકસિત ગુજરાત અંતર્ગત વડાપ્રધાનશ્રીએ એક જ દિવસમાં ગુજરાતને એકસાથે રૂ. ૫૪૭૭ કરોડનાં વિવિધ વિકાસકામોની ભેટ આપી.
- અમદાવાદના હાંસલપુર ખાતે મારુતિ-સુઝૂકી દ્વારા બૅટરી ઈલેક્ટ્રિક વાહન 'e-VITARA' અને TDSG લિથિયમ-આયન બૅટરી પ્લાન્ટના શુભારંભ સાથે ભારતે ગ્રીન ટૅક્નોલૉજી અને વૈશ્વિક EVના ક્ષેત્રમાં પોતાની હાજરી નોંધાવી છે.
- ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરમાં ૭૯મા રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ગૌરવભેર ઉજવણી.
- રાજ્ય ગ્રામવિકાસ સંસ્થાના "SIRD NEWSLETTER"ના પ્રથમ અંકનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિમોચન.
- વર્ષ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે "કો-ઑપરેટિવ બિલ્ડ ધ બેટર વર્લ્ડ"ની થીમ સાથે ઊજવવામાં આવ્યું.
- ૭૦મા ફિલ્મફેર ઍવૉર્ડ્સના આયોજન માટે ટૂરિઝમ કૉર્પોરેશન ઑફ ગુજરાત લિમિટેડ અને વર્લ્ડવાઇડ મીડિયા પ્રા. લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં MoU.
- સાણંદમાં ભારતની સૌપ્રથમ એન્ડ ટુ એન્ડ OSAT ફૅસિલિટીનો પ્રારંભ
- રાજ્યના ૨૪મા સાંસ્કૃતિક વન તરીકે ગળતેશ્વર વનનું લોકાર્પણ. ૭૬મા વનમહોત્સવની રાજ્યવ્યાપી ઉજવણી.
- અમદાવાદમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપ-૨૦૨૫ની ઉજવણી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૪માં 'વિશ્વ પર્યાવરણ દિવસે' શરૂ કરાવેલા 'એક પેડ માં કે નામ' અભિયાનમાં ગુજરાતે સમગ્ર દેશમાં સૌથી વધુ ૬.૦૫ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે રાજ્યના ગ્રીન કવરમાં વધારો કરતાં દેશમાં ત્રીજો ક્રમાંક હાંસલ કર્યો.
- હિંમતનગરમાં કામધેનુ વેટરનરી કૉલેજ મંજૂર.
- દિલ્હીમાં ૫૬મી જીએસટી કાઉન્સિલમાં લેવાયા ઐતિહાસિક નિર્ણય.
- '૧૧૨ જનરક્ષક' પ્રોજેક્ટ અંતર્ગત અદ્યતન કૉલ સેન્ટર અને ૫૦૦ જનરક્ષક- વાનનું પ્રસ્થાન તેમજ પોલીસની મોબિલિટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ હેઠળ નવીન ૫૩૪ જેટલી બોલેરો વાનનું લોકસેવા માટે લોકાર્પણ.
- રાજ્યના નાગરિકોને પોતાના પોલીસ કેસ સંદર્ભે થયેલી પ્રગતિની અપડેટ મળે તે માટે I-PRAGATI પહેલ.
- નવાં ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને મંજૂરી.

## ઑક્ટોબર

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકાસપુરુષ અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસે માતૃગયા તીર્થ સિદ્ધપુરમાં નિર્મિત માતુશ્રી હીરાબા સરોવરનું લોકાર્પણ.
- વડાપ્રધાનશ્રીના હસ્તે ભાવનગરમાં 'સમુદ્ર સે સમૃદ્ધિ' અંતર્ગત રૂ.૩૩,૬૦૦ કરોડથી વધુનાં વિકાસકામો સાથે વિવિધ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રાર્પણ.
- અમદાવાદના નારણપુરામાં રૂ. ૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલું વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ.
- ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'હિન્દી દિવસ-૨૦૨૫'ની ઉજવણી અને 'પાંચમું અખિલ ભારતીય રાજભાષા સંમેલન' યોજાયું.
- બહુભાષી અનુવાદ સોફ્ટવેર તથા ડિજિટલ હિન્દી શબ્દકોશનું લોકાર્પણ.
- ભારતનું સૌપ્રથમ અને ખાસ પ્રકારનું એક માત્ર એવું ૧૦ લાખ વૃક્ષો ધરાવતું "વન કવચ" ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ષગાંઠ નિમિત્તે મોરબીમાં "નમો વન" બનાવાયું.
- BSNLની સિલ્વર જયુબિલી: ગુજરાતના ૪ હજાર સહિત દેશભરમાં ૯૨ હજારથી વધુ સ્વદેશી 4G ટાવરોનું ઉદ્ઘાટન.
- રાજ્યમાં "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના"નો શુભારંભ.
- સુરત : ગ્રીન વિહિકલ પૉલિસી અપનાવનારું દેશનું પ્રથમ શહેર.
- બનાસકાંઠામાંથી નવો વાવ-થરાદ જિલ્લો તેમજ રાજયના ૨૧ તાલુકામાંથી નવા ૧૭ તાલુકાની રચના કરવાની દરખાસ્તને મંજૂરી.
- રાજ્યના તાલુકાઓની સંખ્યા હવે ૨૬૫ થઈ.
- ગૂજરાત વિદ્યાપીઠનો ૭૧મો દીક્ષાંત સમારોહ સંપન્ન
- ૭ ઑક્ટોબરથી ૧૫ ઑક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી

- મહેસાણામાં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ (VGRC) યોજાઈ.
- પ્રથમ VGRCમાં ૩.૨૪ લાખ કરોડનાં રોકાણો અંગે ૧૨૧૨ એમ.ઓ.યુ. થયા.
- અમદાવાદમાં ૧૧મી એશિયન ઍક્વેટિક્સ ચૅમ્પિયનશિપ યોજાઈ.

## નવેમ્બર

- અમદાવાદમાં 'નૅશનલ અર્બન કોન્ક્લેવ' અને 'મેયરલ સમિટ'નું સમાપન.
- સુરત મ્યુનિસિપલ ગ્રીન બોન્ડનું મુંબઈ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ.
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વના મંત્રીમંડળમાં નવા સમાવિષ્ટ થયેલા નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી હર્ષ સંઘવી તથા રાજ્ય મંત્રીમંડળના કૅબિનેટ કક્ષાના પાંચ, રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા ૩ તથા રાજ્યકક્ષાના ૧૨ પદનામિત મંત્રીશ્રીઓએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત સમક્ષ શપથ લીધા હતા.
- રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂના હસ્તે 'પ્રધાનમંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન'-(PM-JANMAN) હેઠળ સમગ્ર દેશમાં 'બેસ્ટ પર્ફોર્મિંગ રાજ્ય' તરીકે ગુજરાતને ઍવૉર્ડ એનાયત.
- PM-JANMAN હેઠળ બેસ્ટ પર્ફોર્મિંગ જિલ્લા તરીકે નવસારી જિલ્લાની પસંદગી થઈ હતી.
- આદિ કર્મયોગી અભિયાનમાં વલસાડને બેસ્ટ પર્ફોર્મિંગ જિલ્લા તરીકે ઍવૉર્ડ
- બેસ્ટ પર્ફોર્મિંગ ITDAS તરીકે ગુજરાતના છોટા ઉદેપુર અને દાહોદને પસંદ કરાયા.
- ધરતી આબા અભિયાનમાં ટોપ પર્ફોર્મિંગ જિલ્લામાં ડાંગ અને દાહોદનો સમાવેશ.
- રાજ્ય કક્ષાના સુપર કોચ-માસ્ટર ટ્રેનર તરીકે ગુજરાતની પસંદગી
- આદિ કર્મયોગી અભિયાનમાં ટોપ પર્ફોર્મિંગ જિલ્લા તરીકે વલસાડ, સુરત, ભરૂચ અને તાપીને ઍવૉર્ડ.
- વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતમાં ગુજરાતના એકતાનગરમાં શૌર્ય, સન્માન સાથે સંસ્કૃતિનો સમન્વય એવા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી.
- કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાંથી તેમને ફરી બેઠા કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સંવેદનશીલ અભિગમથી કુલ રૂ. ૧૧,૦૦૦ કરોડથી વધુનું કૃષિ રાહત-પૅકેજ જાહેર.
- ગાંધીનગરમાં જનગણના-સેન્સસ ગુજરાતની અદ્યતન વેબસાઇટ https://gujarat.census.gov.in લોન્ચ.
- ગાંધીનગરમાં નીતિ આયોગના નીતિ ફ્રન્ટિયર ટેક હબ દ્વારા તૈયાર કરાયેલા "રિ-ઈમેજિંગ ઍગ્રિકલ્ચર: અ રોડમેપ ફોર ફ્રન્ટિયર ટૅક્નોલૉજી લેડ ટ્રાન્સફોર્મેશન'નું લોન્ચિંગ.
- દૂધિયા ચમકને મળ્યું માન - અંબાજી માર્બલને GI Tag.
- દેશભક્તિનું સ્મરણપર્વ વંદે માતરમ્ @૧૫૦ની ઉજવણી.
- એકતાનગરમાં ૧૫ દિવસ સુધી સમગ્ર ભારત અને ભારતીય પરંપરાઓની 'ભારત પર્વ'માં ઉજવણી કરવામાં આવી.

## ડિસેમ્બર

- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ભગવાન બિરસા મુંડા જયંતીએ એકતાનગરમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી.
- ધરતી આબાના શૌર્યને નમન સાથે રૂ. ૯૭૦૦ કરોડનાં વિકાસકાર્યોની ભેટ.
- અમદાવાદ શહેર વર્ષ-૨૦૩૦માં યોજાનારા ૨૪મા કોમનવેલ્થ ગેઈમ્સની યજમાની કરશે. આ અંગેની જાહેરાત ગ્લાસગો, સ્કોટલેન્ડમાં આયોજિત "કોમનવેલ્થ સ્પોર્ટ્સ જનરલ ઍસેમ્બ્લી'ની બેઠકમાં કરવામાં આવી.
- રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિર વલસાડના ધરમપુરમાં યોજાઈ.
- સરદારસાહેબની ૧૫૦મી જયંતીના અવસરે કરમસદથી કેવડિયા સુધીની રાષ્ટ્રીય પદયાત્રા 'સરદાર@૧૫૦ :યુનિટી માર્ચ યોજાઈ.
- વડનગરમાં તાના-રીરી મહોત્સવ ૨૦૨૫ યોજાયો.
- મુખ્યમંત્રીશ્રીના હસ્તે સુપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયિકા સુશ્રી કલાપિની કોમકલીને પ્રતિષ્ઠિત તાના-રીરી સંગીત સન્માન ઍવૉર્ડ એનાયત.
- સુરતમાં CCTV કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'નેત્રમ્'નું લોકાર્પણ.
- ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરેલા છઠ્ઠા નૅશનલ વૉટર ઍવૉર્ડ્સમાં ગુજરાતે જળ-સંરક્ષણ ક્ષેત્રે દ્વિતીય સ્થાન મેળવ્યું છે.
- આ ઉપરાંત શ્રેષ્ઠ સિવિલ સોસાયટી શ્રેણીમાં બનાસ ડેરીને પ્રથમ સ્થાન, શ્રેષ્ઠ ઇનસાઇડ કેમ્પસ શ્રેણીમાં IIT-ગાંધીનગરને પ્રથમ સ્થાન તેમજ શ્રેષ્ઠ અર્બન લોકલ બોડી શ્રેણીમાં ભાવનગર મહાનગરપાલિકાને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે.

સંપાદન સહયોગ : હર્ષદ રૂપાપરા



# રાજ્યપાલશ્રીની સહજતા



પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના નવા ઢીંકવા ગામમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પ્રગતિશીલ ખેડૂત લક્ષ્મણભાઈ રાઠવાના પ્રાકૃતિક કૃષિ ફાર્મમાં પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડવામાં આવેલા વિવિધ પાકોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. હળદરના પાકમાં મેળવેલા મબલખ ઉત્પાદન અને તેની ગુણવત્તા જોઈ તેમણે હર્ષ અને સંતોષ વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી સ્વયં ખેતરમાં હળ ચલાવીને ખેતીકામમાં સહભાગી થયા હતા. આ પૂર્વે તેમણે ગાયનું દૂધ દોહન પણ કર્યું હતું. રાજ્યપાલશ્રીની આ સહજતા જોઈ ઉપસ્થિત સૌ કોઈ પ્રભાવિત થયા હતા. ખેડૂત સાથેના સંવાદમાં રાજ્યપાલશ્રીએ તેમના અનુભવો જાણ્યા અને ગૌ-સંવર્ધન, જમીનની ફળદ્રુપતા, સ્વાસ્થ્ય સુરક્ષા સહિતના મહત્ત્વના મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું

# સાંસદ ખેલ મહોત્સવ : યુવા ઉત્સાહનો મંચ






રમતના મેદાનમાં કોઈ હારતું નથી, પણ જીતવા અને આગળ વધવા માટે પ્રેરણા મળે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશમાં રમતગમત પ્રવૃત્તિ પીપલ્સ મૂવમેન્ટ બની છે. ખેલ દ્વારા સંસ્કારોનું પણ સિંચન થાય છે, સ્પોર્ટ્સમેન સ્પિરિટ વિકસવાની સાથે રમત હાર પચાવતાં પણ શીખવે છે. તાજેતરમાં જૂનાગઢના સરદાર પટેલ સંકુલ ખાતે કેન્દ્રીય રમત ગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષસ્થાને પોરબંદર લોકસભાના સાંસદ ખેલ મહોત્સવ- ૨૦૨૫ સમાપાન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી જોડાયા હતા અને દેશભરમાં જુદાં જુદાં સ્થળોએ સાંસદ ખેલ મહોત્સવમાં સહભાગી બનેલા રમતવીરો સાથે સંવાદ સાધી, ખેલના મેદાનમાં ભારતનો પરચમ લહેરાવવા માટે પ્રેરણા પૂરી પાડી હતી, તેમણે રમતગમતના સંદર્ભમાં યુવા નિર્માણથી રાષ્ટ્ર નિર્માણની પણ વાત કરી હતી.

આ તકે લોકોને રમત રોજબરોજના જીવનનો અભિન્ન ભાગ બને તેવો સંકલ્પ લેવાનો અનુરોધ વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કર્યો હતો.

આ ઉપરાંત ભાવનગરના સિદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ભાવનગર-બોટાદ જિલ્લા કક્ષાની ભાઈઓ માટેની સ્પર્ધાનો પ્રારંભ કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ, ગ્રાહકોની બાબતો વિભાગનાં રાજ્યમંત્રી શ્રીમતી નિમુબહેન બાંભણિયાએ કરાવ્યો હતો.

*સમગ્ર ભારતમાં ૨૯૦ સાંસદોએ ખેલ મહોત્સવનું આયોજન કર્યું હતું, તેમાં એક કરોડથી વધુ પ્રતિભાગીઓ જોડાયા હતા. પોરબંદર લોકસભા હેઠળનાં ૭ વિધાનસભા ક્ષેત્રોના ૧૨થી ૮૨ વર્ષના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક જુદી જુદી રમતોમાં સહભાગી બની ખેલ સંસ્કૃતિને આગળ વધારી છે. આ સાંસદ ખેલ મહોત્સવમાં ૩૮૦૦૦ જેટલા રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.*

# મહિલા નેતૃત્વ અને સ્વદેશી વિચારનો સંકલ્પ : સશક્ત નારી મેળો



નવસારીના આંગણે ત્રિ-દિવસીય 'સશક્ત નારી મેળો' યોજાઈ ગયો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને મહિલા-નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તીકરણના વિઝનને સાકાર કરવા ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત મેળાનો પ્રારંભ કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે કર્યો હતો. આ પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તથા આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ પ્રધાનમંત્રી ખનીજક્ષેત્ર કલ્યાણ યોજના- ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનના રૂ.૩.૫૭ કરોડના ખર્ચે છ કામોનું ખાતમુહૂર્ત તથા રૂ.૩.૫૫ કરોડના ખર્ચે ત્રણ વિકાસકામોનું ઇ-લોકાર્પણ અને પંચાયત સિંચાઈ વિભાગના રૂ.૧.૩૬ કરોડનાં ૧૩ વિકાસકામોનું ઇ-ખાતમુહૂર્ત કર્યું હતું. કાર્યક્રમમાં મંત્રીઓના હસ્તે લાભાર્થીઓને લાભોનું વિતરણ કરાયું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ વિદેશી વસ્તુઓનો મોહ છોડી સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરવાનો અનુરોધ કર્યો હતો.

# સક્ષમ કર્મચારી, શક્તિશાળી રાજ્ય

સચિવાલય તાલીમ કેન્દ્ર, ગાંધીનગર રાજ્ય સરકારની એવી પ્રતિષ્ઠિત તાલીમ સંસ્થા છે, જે નાગરિક કેન્દ્રિત અભિગમ સાથે સુશાસનને વધુ સશક્ત બનાવવા સતત પ્રયત્નશીલ છે. સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પિપા), અમદાવાદ હસ્તક કાર્યરત આ કેન્દ્ર દ્વારા માનવ સંસાધન કૌશલ્યવર્ધન માટે વિવિધ ગુણવત્તાયુક્ત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

જૂન-૨૦૨૪થી સચિવાલય સંવર્ગ, ગુજરાત જાહેર સેવા આયોગ તથા ગુજરાત વિધાનસભાના સીધી ભરતીથી નિમણૂક પામેલા નાયબ સેક્શન અધિકારી અને ઑફિસ આસિસ્ટન્ટ સહિતના કુલ ૩૪૨ નવનિયુક્ત કર્મચારીઓને પૂર્વ સેવા તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં વહીવટી જ્ઞાનની સાથે શૈક્ષણિક પ્રવાસ, ક્ષેત્ર મુલાકાત, ડિજિટલ ગવર્નન્સ, યોગ-પ્રાણાયામ, સ્વરક્ષણ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો સુંદર સમન્વય જોવા મળ્યો.



FSL, ગિફ્ટ સિટી અને ગુજરાત સાયન્સ સિટી જેવી સ્થળ મુલાકાતોથી વૈજ્ઞાનિક અને વ્યવહારુ અભિગમ વિકસ્યો, જ્યારે e-Sarkar, CM ડેશ બોર્ડ, PG Portal, RTI અને IFMS જેવી સિસ્ટિમોની પ્રાયોગિક તાલીમથી ડિજિટલ કાર્યક્ષમતામાં વધારો થયો.

તદુપરાંત, જુલાઈ-૨૦૨૪થી કુલ ૬૦ Executive Development Programme તથા અન્ય વૈવિધ્યસભર વિષયો પર કાર્યક્રમો યોજાયા, જેમાં ૨૧૬૭ કર્મચારીઓએ ભાગ લીધો. આમ, સચિવાલય તાલીમ કેન્દ્ર રાજયના કર્મચારીઓને કાર્યક્ષમ, સંવેદનશીલ અને જવાબદાર વહીવટ માટે સજ્જ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.



**સેમિનાર :** સોમનાથમાં 'ગુજરાતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રની સંપૂર્ણ સંભાવનાનો ઉપયોગ' વિષય પર રાષ્ટ્રીય સેમિનારમાં મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી શ્રી પરસોત્તમભાઈ સોલંકી સહભાગી થયા હતા. મરીન અને ઇનલેન્ડ ફિશરીઝ પ્રોડક્ટિવિટી વધારવી, આધુનિક માળખું અને મૂલ્યક્ષમતાવર્ધન, મેરિકલ્ચર અને એક્વાકલ્ચરનું વૈવિધ્યીકરણ, નીતિ, સુશાસન અને ટકાઉતાની પગદંડીઓ અંગેના વિવિધ સેમિનારો યોજાયા હતા. દેશભરમાંથી પધારેલા તજ્જ્ઞો અને હિતધારકોએ વિચારવિમર્શ કર્યા હતા.



**પદયાત્રા :** દેશ-રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખાકારી અર્થે ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ ઘેલા સોમનાથથી સોમનાથ સુધીની ૨૨૯ કિ.મી લાંબી 'જનકલ્યાણ શિવવંદના પદયાત્રા'નું પ્રયાણ કર્યું હતું. નાગરિકોની સુખાકારી, સહિતની ભાવના સાથે પદયાત્રામાં મંત્રીશ્રીએ વિવિધ ગામોના નાગરિકો તથા છેવાડાના લોકો સાથે રૂબરૂ સંવાદ સાધી સરકાર તેમની સાથે હોવાની પ્રતીતિ કરાવી હતી.



**ગ્રાહક સુરક્ષા દિવસ :** અમદાવાદમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી અને અન્ન, નાગરિક પુરવઠા રાજ્યમંત્રીશ્રી પૂનમચંદ બરંડાની ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ' ઉજવાયો. ડિજિટલ ન્યાય દ્વારા કાર્યક્ષમ અને ઝડપી નિકાલ' ની થીમ સાથે ઉજવાયેલા આ કાર્યક્રમમાં મંત્રીશ્રીઓના હસ્તે ગ્રાહક જાગૃતિને લગતા કેલેન્ડર (વર્ષ ૨૦૨૬)નું અને લીગલ મેટ્રોલોજી ટેક્નિકલ મેન્યુઅલનું વિમોચન કરવામાં આવ્યું હતું.




**વિમોચન :** સમાજ નિર્માણમાં મહિલાઓની ભૂમિકાને વધુ મહત્ત્વ આપી તેમનામાં નેતૃત્વના ગુણો વિકસાવવાના હેતુથી 'બાલિકા પંચાયત'ની નવતર પહેલ શરૂ કરાઈ છે. તાજેતરમાં મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી ડૉ. મનીષાબહેન વકીલે ગાંધીનગરથી 'બાલિકા પંચાયત તાલીમ મૉડ્યૂલ'નું વિમોચન કર્યું હતું. આ મૉડ્યૂલ દ્વારા જિલ્લા તથા તાલુકા કક્ષાએ માસ્ટર ટ્રેનર તૈયાર કરવામાં આવશે જેઓ બાલિકા પંચાયતની બાલિકાઓને તાલીમ આપશે.



**સમીક્ષા :** મોરબીમાં શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાએ અધિકારીઓ/કર્મચારીઓ સાથે મહાનગરપાલિકાનાં વિકાસકામોની પ્રગતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં મંત્રીશ્રીએ મોરબી મહાનગરપાલિકાના રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઇટ, બ્રિજ, હેલ્થ સેન્ટર, લાઇબ્રેરી, ફાયર સ્ટેશન, ગાર્ડન સહિત વિવિધ વિકાસકામો અંતર્ગત પૂર્ણ થયેલાં કામો, પ્રગતિ હેઠળનાં કામો તેમજ ડીપીઆર હેઠળનાં કામોની માહિતી મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી.



**બેઠક :** રાજકોટ તથા મોરબી જિલ્લાની વન વિભાગની કામગીરીની સમીક્ષા બેઠક વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની અધ્યક્ષતામાં યોજાઈ. બેઠકમાં ધારાસભ્યો દ્વારા વનીકરણ માટે હેતુસર રાજ્ય સરકાર પાસે માંગણી કરેલ જમીન ફાળવણી અંગે ચર્ચા કરી ત્વરિત કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીઓને માટે સૂચના આપવામાં આવી તેમજ ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ હેઠળ સામાજિક વનીકરણની 30 દરખાસ્તો પર વિગતવાર વિચારણા કરવામાં આવી.



**શુભારંભ :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે બાવનમા 'રાણી અબક્કાદેવી યુવા મહોત્સવ'નો શુભારંભ કરાવ્યો હતો. 'પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર અને વનૌષધિ પ્રદર્શન'ને ખુલ્લું મૂક્યું હતું 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરતો આ આદિવાસી મેળાએ આદિવાસી કલાકારો અને સ્થાનિક કારીગરોને વેચાણ માટે સીધું બજાર પૂરું પાડ્યું હતું.

**વાઈબ્રન્ટ કોન્ફરન્સ :** મોરબીમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને તેમજ ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઇ વેકરીયાની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાની વાઈબ્રન્ટ કોન્ફરન્સ યોજાઈ. તેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને ૫૦ કંપનીઓ વચ્ચે રૂ.૨૪૭૦ કરોડનાં એમ.ઓ.યુ. થયાં. સ્થળ પર પ્રતીક રૂપે પાંચ ઉદ્યોગ સાહસિકોએ એમ.ઓ.યુ. કર્યાં હતાં. મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે લાભાર્થી ઉદ્યોગકારોને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.





**પ્રદર્શન :** નડિયાદ જિલ્લાના ડાકોરમાં જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડાના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ વિવિધ વૈજ્ઞાનિક કૃતિઓનું નિરીક્ષણ કર્યું હતું અને બાળ વૈજ્ઞાનિકો સાથે સંવાદ કરી, પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રદર્શનમાં કુલ ૫૦ બાળ વૈજ્ઞાનિકોએ પોતાની સર્જનાત્મક અને વૈજ્ઞાનિક દૃષ્ટિ પ્રગટ કરતી કૃતિઓ રજૂ કરી હતી.



**નારી મેળો :** પાટણમાં યોજાયેલા 'સશક્ત નારી મેળા'નું ઉદ્ઘાટન ખાદી રાજ્યમંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરે કર્યું હતું. આ પ્રસંગે વિશિષ્ટ કામગીરી કરનાર સ્વ-સહાય જૂથની મહિલાઓને મંત્રીશ્રીએ હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મેળામાં સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા સામગ્રી, ખાદ્ય પ્રક્રિયા, મિલેટ આધારિત ઉત્પાદનો, હાથવણાટ અને ખાદી એકમો સહિત કુલ ૧૦૦ સ્ટોલ્સ હતા. મંત્રીશ્રીએ મેળામાં વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

## V.C.E.ની કામગીરી માટે સમાન મહેનતાણાનો નિર્ણય

**નિર્ણય :** મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં કમિશન બેઝ કામ કરતા ગ્રામ કમ્પ્યૂટર સાહસિક (વી.સી.ઈ.) યુવાઓને મહત્તમ આવક મળે તે માટે સંવેદનાસભર અભિગમ અપનાવ્યો છે. ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની ૧૨મી ગવર્નિંગ બોડીની બેઠકના અધ્યક્ષસ્થાનેથી મુખ્યમંત્રીશ્રીએ વી.સી.ઈ.ના વિવિધ વિભાગ દ્વારા સોંપવામાં આવતી કામગીરીના મહેનતાણામાં અસમાનતાની બાબત ધ્યાનમાં આવતા મુખ્યમંત્રીશ્રીએ તત્કાલ સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજય સરકારના વિભાગો દ્વારા વી.સી.ઈ.ને સોંપવામાં આવતી કોઈ પણ કામગીરી માટે યુનિટદીઠ ન્યૂનતમ રૂ.૨૦નું મહેનતાણું ચૂકવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત સંબંધિત વિભાગે વી.સી.ઈ.ને કામગીરી સોંપતાં પહેલાં પંચાયત વિભાગ તથા ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીને જાણ કરવાની રહેશે.

## નશાયુક્ત સેવન અટકાવવા ગૃહ વિભાગની કડક કાર્યવાહી

**નિર્ણય :** રાજ્યના ગૃહ વિભાગે નશાના દૂષણને રોકવા માટે એક મહત્ત્વપૂર્ણ અને તાત્કાલિક નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે જાહેરનામું બહાર પાડીને સમગ્ર ગુજરાતમાં રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓના સંગ્રહ, વેચાણ, વિતરણ અને હેરાફેરી પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. રોલિંગ પેપર અને સ્મોકિંગ કોનમાં ટાઈટેનિયમ ઑક્સાઇડ, પોટેશિયમ નાઈટ્રેટ, આર્ટિફિશિયલ ડાઈ, કૅલ્શિયમ કાર્બોનેટ અને ક્લોરિન બ્લીચ જેવા ઝેરી પદાર્થો હોય છે, જે માનવ-સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. આ ગંભીર બાબતે બારીક અભ્યાસ કરીને ગૃહ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**આદેશ :** ગૃહ વિભાગના જાહેરનામા મુજબ હવે રાજ્યનાં તમામ પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનોમાં આ પ્રકારની ચીજવસ્તુઓનું વેચાણ સંપૂર્ણપણે બંધ કરવાનું રહેશે. આ આદેશનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (BNS) ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## રૂ. ૧૧૦ કરોડના ખર્ચે સાબરમતી નદી પર બ્રિજનું નિર્માણ કરાશે

**મંજૂરી :** આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના રિંઝા ગામ ખાતે સાબરમતી નદી પર નવા પુલનું રૂ. ૧૧૦ કરોડના ખર્ચે નિર્માણ કરવાની મંજૂરી અપાઇ.

**રજૂઆત :** તારાપુર તાલુકાના રિંઝા, નભોઈ, પચેગામ અને દુગારી ગામોનાં લોકોએ સાબરમતી નદીનું વહેણ બદલાવાને કારણે ચોમાસામાં સામે કાંઠે જઈ શકાતું ન હોવાની તથા સંપર્ક વિહોણા થઈ જતા હોવાની રજૂઆત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સમક્ષ કરી હતી. રજૂઆતનો સંવેદનાપૂર્ણ પ્રતિસાદ આપતા મુખ્યમંત્રીશ્રીએ ટુ લેન બ્રિજ સહિત પથ રેખા પર ૪ કિ.મી.નો નવો રસ્તો બનાવવા જમીન સંપાદન, બાંધકામ પૂર્વે હાઇડ્રોલિક સર્વે, સોઇલ ઇન્વેસ્ટિગેશન અને આલેખન જેવી બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ સહિતના સંભવિત ખર્ચ માટે સમગ્રતયા ૧૧૦ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ આપી છે. **લાભ :** ચોમાસા દરમિયાન નદીનું વહેણ બદલાવાથી સંપર્ક વિહોણા થઈ જતાં આ ગામોની વર્ષો જૂની સમસ્યાનું નિવારણ આ પુલનું બાંધકામ પૂર્ણ થતાં આવી જશે.

## ટેકાના ભાવે તુવેરની ખરીદી કરાશે

**નિર્ણય :** ખેડૂતોને તેમની ઊપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે આગામી સમયમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

**આયોજન :** આ વર્ષે તુવેર માટે ભારત સરકારે રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. રાજ્યમાં તુવેરના કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ભારત સરકાર દ્વારા ઉત્પાદનના ૧૦૦ ટકા જથ્થા મુજબ ખરીદી કરવાનો આયોજન કરવા નિર્ણય કરવામાં આવ્યો છે.

**ક્યારે ખરીદી કરશે :** કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, તુવેરની ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજયના તમામ જિલ્લાના ખેડૂતો આગામી તા. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે આધાર ઑથેન્ટિકેશન અથવા ફેસ ઑથેન્ટિકેશન દ્વારા VCE મારફત ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરી શકશે.

**લાભ :** વાવેતર કરતાં પહેલાં જ સરકારે ટેકાના ભાવ જાહેર કરી ખેડૂતોને ચિંતામુક્ત કરી દીધા છે. ખેતપેદાશના સારા ભાવ મળતા ખેડૂતોનું જીવનધોરણ અને આવક બંને ઊંચાં આવવાથી સમૃદ્ધિમાં વધારો થશે.

સંપાદન સહયોગ : સમાચાર શાખા, ગાંધીનગર

# પુસ્તક દેવો ભવઃની વિભાવનાને ચરિતાર્થ કરતા ચૈતન્યભાઈ

હેતલ દવે

मातृदेवो भव, पितृदेवो भव, अतिथि देवो भव જેવી ઉચ્ચ વિભાવનાઓનું વહન કરતી ભારતીય સંસ્કૃતિમાં કેટલીક વ્યક્તિઓએ પુસ્તક દેવો ભવના વિચારને આત્મસાત્ કર્યો હોય છે. સતત પુસ્તકના સંગાથ દ્વારા વાચન, લેખન, ચિંતન અને મનન જેવા ગુણો કેળવાતા હોય છે. વાંચન માત્ર શબ્દોનો સરવાળો નથી—તે આપણા મનને નવી દિશા આપે છે, વિચારોને ઉજાગર કરે છે અને જીવનમાં બદલાવ લાવવા માટે પ્રેરિત કરે છે. જીવનના દરેક પડાવ પર કોઈ એક વાક્ય, વિચાર અથવા એક પુસ્તક આપણું માર્ગદર્શક બની રહે છે. તેથી જ પ્રેરણાત્મક વાંચન એ મન અને વ્યક્તિત્વને ઘડવાનું અનોખું સાધન છે.

આજના ઝડપભર્યા યુગમાં દરેકને આગળ વધવા માટે 'પોઝિટિવ એનર્જી'ની જરૂર જણાય ત્યારે એક પ્રેરણાત્મક પુસ્તક મનમાં નવો દીવો પ્રગટાવી અજવાળું કરે છે. પ્રેરણાત્મક વાંચન આપણને ધ્યાન અને ધીરજ તરફ આગળ ધપાવતું શક્તિશાળી માધ્યમ છે. પ્રેરણાત્મક વાંચન વ્યક્તિને સકારાત્મકતા તરફ દોરી જાય છે. આજના સમયમાં સર્જનાત્મક અને પ્રેરણાત્મક વાંચન અને લેખનનું મહત્ત્વ વધી ગયું છે. ભારતીય પરંપરામાં દાનના અનેક પ્રકારોમાં એક પ્રકાર વિદ્યાદાન પણ છે કારણ કે એક પુસ્તક અનેકોના જીવનમાં જ્ઞાનનાં અજવાળાં રેલાવી શકે છે. આવું ઉમદા કામ કરનાર વ્યક્તિત્વ એટલે શ્રી ચૈતન્ય સંઘાણી.

શ્રી ચૈતન્ય સંઘાણી એક વાચક હોવાની સાથે આણંદ જિલ્લામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે. "સુખની શોધમા" અને "सच्चे सुख की ओर" જેવી આધ્યાત્મિક ટીવી સિરીઝ દ્વારા અનેક લોકોને ભારતીય



સંસ્કૃતિ અને અધ્યાત્મ સાથે જોડવામાં નિમિત્ત બન્યા છે. આ અધિકારીનો વિદ્યાર્થીકાળથી એક વિશેષ શોખ રહ્યો છે અને તે છે લોકોને સારા પુસ્તકોનું નિશુલ્ક વિતરણ. અત્યાર સુધીમાં તેઓ ૨૫,૦૦૦થી વધુ પુસ્તકોનું નિ:શુલ્ક વિતરણ કરી ચૂક્યા છે. તેઓ કહે છે કે સમાજનો દરેક વર્ગ અને ખાસ કરીને યુવાનો, ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મ સાથે જોડાય તે માટે તેઓ નિરંતર પ્રયત્નશીલ છે. શાળા, કૉલેજ, આધ્યાત્મિક સંસ્થાઓ અને અનેક મોટિવેશનલ મંચોએ તેમને વિવિધ વિષયો પર પ્રવચન આપવા આમંત્રિત કર્યા છે. તેમણે આપેલાં પ્રવચનોની કુલ સંખ્યા ૧૫૦૦થી પણ વધુ છે. શ્રીમદ્ રાજચંદ્ર અને સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરુષોને પોતાના આદર્શ માનતા તેઓ કહે છે કે જે કંઈ પણ મને પ્રાપ્ત થયું છે તેમાં પરમાત્મા અને ગુરુકૃપાની સાથોસાથ સારુ વાંચન પણ તેમાં નિમિત્ત બન્યું છે. તેમની પાસે વ્યક્તિગત રીતે ૭૦૦૦થી વધુ પુસ્તકોનો સંગ્રહ છે.

ચૈતન્યભાઈનાં પ્રવચનો પરથી પ્રકાશિત થયેલાં પુસ્તકો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે. 'સમાધાન સંભવ છે', 'સાચા સુખની સંજીવની', 'આપણું ખોવાયેલું સુખ' વગેરે તેમનાં પુસ્તકોના વિમોચન વિવિધ ક્ષેત્રના મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યાં છે. ઑક્ટોબર ૨૦૨૩માં ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા 'ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા' પુરસ્કાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તેમની આધ્યાત્મિક પ્રવૃત્તિઓના ઉપલક્ષમાં તેમને પ્રાપ્ત થયો હતો. ઘણા લોકો પ્રશ્ન કરે છે કે સરકારી નોકરી કરતા સાહિત્ય અને અધ્યાત્મમાં આટલી ઊંડી રુચિ કેવી રીતે ટકી રહી શકે? તેઓ તેનો ઉત્તર સરળતાથી આપે છે: "વાંચન ઘણા પ્રશ્નોની ઔષધિની સાથે ઘણાં સુખોની ચાવી છે. વાંચનને કારણે સદા જીવંતતા અનુભવાય છે."

તેઓ પોતાનો અનુભવ વર્ણવતાં કહે છે કે "સરકારી ટેબલ પરના તેમના કામ દરમિયાન અથવા તો ક્યાંય તેઓ પ્રવાસે અને યાત્રાએ હોય ત્યારે અનેક લોકો એવા મળી આવે છે જેમ કહે કે 'અમે તમને સાંભળીએ છીએ, તમારાં પ્રવચનોમાંથી જીવનમાં ઘણી શાંતિ પ્રાપ્ત કરી છે', ત્યારે ઈશ્વરની કૃપા સાક્ષાત્ વારંવાર અનુભવાય છે."

# પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે ખેડૂતે બનાવી વેબસાઇટ



ક્રિષ્ના સિસોદિયા

ગુજરાતના પ્રગતિશીલ ખેડૂતે વિશ્વના બજારને ખેતર વચ્ચે લાવીને મૂકી દીધું છે. ટૅક્નોલૉજીના જ્ઞાન અને સહાયથી રાજ્યનો ખેડૂત પોતાની ખેતપેદાશ સીધી જ ગ્રાહકને પહોંચાડી રહ્યો છે. જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના તાલુકાના કુકસવાડામાં રહેતા ખેડૂત મોહનભાઈ પંડિતે પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે વેબસાઇટ બનાવી છે. રાજ્ય સરકારની મદદથી પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન મેળવી માત્ર ૬ વીઘા જમીનમાંથી તેઓ વર્ષે રૂ. ૧૦થી ૧૨ લાખની આવક મેળવી રહ્યા છે.

પ્રગતિશીલ ખેડૂત મોહનભાઈ વેબસાઇટ થકી ગાયના ઘી, ઉપરાંત પંચગવ્ય પ્રોડક્ટ, ઔષધીઓ મિશ્રિત ચા, શૅમ્પૂ, નાળિયેરનું તેલ, ગૌમૂત્રના ફિનાઈલનું વેચાણ કરી રહ્યા છે. તેમનાં દેશી ગાયના શુદ્ધ ઘી તથા પંચગવ્ય આધારિત ઉત્પાદનોની ડિમાન્ડ અમદાવાદ, સુરત અને મુંબઈ સુધી રહે છે.

રાસાયણિક ખેતી છોડીને સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી અપનાવનાર મોહનભાઈ નાળિયેરી, કેળ, હળદર, સૂરણ, આંબા અને રતાળુની મિશ્ર-બહુસ્તરીય પદ્ધતિથી ખેતી કરે છે. ગાયના ગોબર-ગૌમૂત્રથી તૈયાર થતા જીવામૃત, ઘનજીવામૃત અને વિવિધ પ્રાકૃતિક કીટનાશકોનો જ ઉપયોગ કરે છે અને રાસાયણિક ખાતર કે દવાનો ઉપયોગ કરતા નથી.

ધોરણ- ૧૦ સુધી ભણેલા ખેડૂત શ્રી મોહનભાઈએ જણાવ્યું હતું કે, કોરોના કાળ દરમિયાન મોબાઈલનો ધંધો બંધ થયો અને બીમાર ગાયની સંસ્થામાં સેવા આપતી વખતે તેના શરીરમાંથી પ્લાસ્ટિક નીકળતાં જોયું, ત્યારથી નક્કી કરી લીધું કે, પ્રાકૃતિક કૃષિ એ દરેક સૃષ્ટિના દરેક જીવનું કલ્યાણ થવા માટેનો એકમાત્ર માર્ગ છે.

મોહનભાઈને પ્રાકૃતિક કૃષિની તાલીમ સાથે બાગાયત વિભાગ સહિતના અધિકારીઓનું માર્ગદર્શન મળ્યું. આ સાથે સરકારની વિવિધ પ્રાકૃતિક કૃષિ માટેની યોજનાઓનો પણ તેમણે લાભ લીધો છે. આ ઉપરાંત તેમણે પદ્મશ્રી સુભાષ પાલેકરની પ્રાકૃતિક કૃષિ માટે તાલીમ લીધી હતી.

મોહનભાઈ તેમની ૬ વીઘા જમીનમાં નાળિયેરી, કેળ, હળદર, સૂરણ, આંબામોરી સહિતના પાકોની મિશ્ર પાક પદ્ધતિથી ખેતી કરે છે. સાથે જ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો પાસેથી ગાયના ઘીનું બ્રાન્ડિંગ અને પૅકિંગ કરી અમદાવાદ, સુરત, મુંબઈ સુધી તેઓ વેચાણ કરી રહ્યા છે. આ ઉપરાંત પંચગવ્ય પ્રોડક્ટ, ઔષધીઓ મિશ્રિત ચા, શૅમ્પૂ, તેલ, નેચરલ ફ્લોર ક્લીનર ગોનાઈલ, મોબાઈલ માટે ઍન્ટિરેડિએશન ચીપ, પેઇનકિલર ઑઈલ સહિતની પ્રોડક્ટનું વેચાણ કરે છે.



## ગૌકૃપા ફાર્મ બન્યું રિસોર્સ સેન્ટર :

*માળિયાહાટીના તાલુકાના કુકસવાડા ખાતે તેમનું ગૌકૃપા ફાર્મ એ આત્માનું મૉડેલ ફાર્મ જાહેર થયું છે તેમજ ગુજરાતની સૌ પ્રથમ નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી હાલોલમાં ચાલતા પ્રોજેક્ટ અંતર્ગત રિસોર્સ સેન્ટર છે. દર મહિને ૬૦ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો જેમકે બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાપસા મિશ્રપાકની પ્રૅક્ટિકલ તાલીમ આપી રહ્યા છે. તેઓ નાળિયેર, કેળાનાં ટિસ્યૂ G9 કેળા ડીલરશિપ પણ ધરાવે છે. તેઓ ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા, પ્રાકૃતિક કૃષિ દ્વારા વધુ ઉત્પાદન મેળવવા પ્રેરણા આપી રહ્યા છે.*

# શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

1. ગુજરાતના લોકસંગીતમાં ગજથી વાગતાં વાજિંત્રમાં એકમાત્ર .....છે.
2. શંખ એ અત્યંત પ્રાચીન ગણાતું ......... વાદ્ય છે.
3. ૧૪મી સદીમાં યુરોપિયન દેશોમાં ......... શુભેચ્છાનું પ્રતીક અને ફેશન ગણાતી.
4. ખંજરીનું પ્રાચીન નામ શું છે?
5. ૫૦૦૦ વર્ષ જૂના ઇજિપ્તના પિરામિડમાંથી સૌથી પ્રિય વસ્તુ તરીકે રાખેલો ચામડાનો ........ મળી આવ્યો છે.
6. .........વાદ્ય એ રુદ્રવીણાનું અત્યંત પ્રાકૃત સ્વરૂપ છે.
7. શાસ્ત્રીય સંગીતમાં નાદને ....... તરીકે ઓળખવામાં આવે છે.
8. ૧૫મી સદીના ઉત્તરાર્ધથી ૧૮મી સદી સુધીના સમયગાળાને કયો યુગ કહેવામાં આવે છે ?
9. અહમદ શાહનો મકબરો કોના હજીરા તરીકે ઓળખાય છે.
10. બાયડ તાલુકામાં આવેલા ................ પ્રવાસન સ્થળ પર ગંગેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે.
11. ........ વિશે પ્રચુર પ્રામાણિક સામગ્રી આપનાર ગ્રંથ 'ભરતનાટ્ય શાસ્ત્ર' છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઋ | ગ્વે | દ | ઝાં | શિ | મ | લી | સા | ક્ષ |
| વ | ન | ડો | જ | કો | ધ્ય | છ | સુ | ક |
| દ | સં | શો | ધ | ન | યુ | ગ | ષિ | ઠ |
| ન | ગી | ચ | બ્ર | ઢીં | ગ | લી | ર | પૂ |
| જં | ત | ર | હ્મ | પૂ | કં | ના | ટૉ | ત |
| મ | શા | જ | રા | વ | ણ | હ | થ્થો | ળી |
| ણ | સ્ત્ર | જિ | જા | ઝાં | ફો | ઢીં | ર | વા |
| શા | કં | યુ | ના | ઝ | ઝ | ષિ | પો | ણી |
| બો | પ્ર | મા | ણ | મં | જ | રી | ખો | ફુ |

12. સૂર્યના રથને સુંદર સુશોભિત કોતરણીવાળા હજાર સ્તંભો હોવાનો ઉલ્લેખ કયા વેદમાંથી મળે છે.
13. ૩૦૪ શ્લોકમાં રચાયેલા ......... ગ્રંથની રચના ૧૩મી કે ૧૪મી સદીમાં થઈ હોવાનું મનાય છે.
14. દેવી ઉપાસનાનો એક પ્રકાર એવી ભવાઈ કયા યુગમાં સોળે કલાએ ખીલી.
15. શિષ્ટ નાટકોની ઉત્પત્તિ ...........ના ખેલમાંથી થઈ છે.

૧. રાવણહથ્થો, ૨. સુષિર, ૩. ઢીંગલી, ૪.કંજિરા, ૫. દડો, ૬. જંતર, ૭. બ્રહ્મ, ૮. સંશોધન યુગ, ૯. રાજાના, ૧૦. ઝાંઝરી, ૧૧. સંગીત શાસ્ત્ર, ૧૨. ઋગ્વેદ, ૧૩. પ્રમાણમંજરી, ૧૪. મધ્યયુગ, ૧૫. કઠપૂતળી

# વાત કરીએ વાત દોષ વિશે

**ડૉ. શીતલ ભાગીયા**

સામાન્ય ભાષામાં, 'દોષ' શબ્દનો અર્થ થાય છે 'ખામી' અથવા 'ભૂલ', પરંતુ આયુર્વેદમાં તેનો અર્થ અલગ છે. આયુર્વેદનો મુખ્ય સિદ્ધાંત ત્રિદોષ - વાત (ગતિ), પિત્ત (ચયાપચય) અને કફ (બંધારણ) પર આધારિત છે. આ ત્રણે દોષ મળીને શરીરની રચના, કાર્ય અને માનસિકતા નક્કી કરે છે, જેને આયુર્વેદમાં 'પ્રકૃતિ' કહેવામાં આવે છે. દોષો શરીરની તમામ શારીરિક, માનસિક અને ભાવનાત્મક ક્રિયાઓનું સંચાલન કરે છે. દરેક વ્યક્તિના જન્મ સમયે આ ત્રણ દોષોનું પ્રમાણ અલગ હોય છે, જે આપણા મૂળ સ્વભાવ (પ્રકૃતિ)ને નક્કી કરે છે. હેલ્થ ટિપ્સ અંતર્ગત વાત દોષ વિશે વિસ્તૃત જાણીએ.

**વાત દોષ :** વાત દોષ શરીરની બધી ગતિઓ માટે જવાબદાર છે. તે શ્વાસ લેવો, હૃદયના ધબકારા, લોહીનું પરિભ્રમણ, નર્વસ સિસ્ટિમના સંકેતો, મળ-મૂત્રનો નિકાલ, ઉત્સાહ, પાચનતંત્રની ક્રિયા અને મનની વિચારપ્રક્રિયાને નિયંત્રિત કરે છે.

**ત્રિદોષને સંતુલિત રાખવા માટેનો સૌથી મોટો અને સર્વશ્રેષ્ઠ ઉપચાર છે નિયમિત દિનચર્યા. જેમકે સવારે વહેલા (બ્રાહ્મમુહૂર્તમાં) ઊઠવું, સમયસર અને યોગ્ય ભોજન લેવું. સૂવા અને જાગવાનો સમય નિશ્ચિત રાખવો.**

**વાત પ્રકૃતિ ધરાવનાર વ્યક્તિઓ :** સામાન્ય રીતે પાતળી કાયાની, ઝડપી ચાલવાળી, ઝડપી સમજણશક્તિ, અનુકૂલનશીલતા ધરાવનારી, વધારે બોલકણી અને સર્જનાત્મક વિચારોવાળી હોય છે. તેમને ઠંડી વધારે લાગવી, ત્વચા શુષ્ક રહેવી, અનિયમિત ભૂખ અને નિદ્રાની તકલીફ થવી સામાન્ય છે. વાત વધે ત્યારે ચિંતા, અનિદ્રા, સાંધામાં દુખાવો, કબજિયાત, ગેસ જેવી સમસ્યાઓ જોવા મળે છે.

**વાત દોષ સંતુલન માટેના ઉપચાર :** અનિયમિતતા વાત દોષને વધારે છે, તેથી નિયમિત સમયપત્રક અનુસરવું, જેમકે સવારે એક જ સમયે નિયમિત જાગવું, ભોજન કરવું અને સૂવું. વાતને સંતુલિત રાખવા માટે ગરમ ખોરાક, ગરમ પાણી, વધારે ગાયના ઘી તેમજ તેલયુક્ત પૌષ્ટિક આહાર, જાયફળ અથવા સૂંઠવાળું ગરમ દૂધ, અભ્યંગ (તેલ મસાજ), અનુલોમ-વિલોમ અને નાડીશોધન પ્રાણાયામ ઉપયોગી થાય છે. વાત પ્રકૃતિવાળાએ ઉપવાસ કરવાથી બચવું. વાચક મિત્રો, આવતા અંકમાં હેલ્થ ટિપ્સમાં પિત્ત તેમજ કફ દોષ વિશે તેમજ આ દોષ ધરાવનાર વ્યક્તિઓનાં લક્ષણો તેમજ દોષ સંતુલન માટેના ઉપચાર વિશે જાણીશું.

# પર્યાવરણ સંરક્ષક : સૉલિડ-સ્ટેટ EV

જીગર ખૂંટ

પર્યાવરણની ચિંતા અને વધતી જતી ઈંધણની કિંમતો વચ્ચે, ઇલેક્ટ્રિક વાહનો (EVs) હવે વૈકલ્પિક નહીં પણ ભવિષ્યની જરૂરિયાત બની ગયાં છે. ભારતમાં પણ ઇલેક્ટ્રિક સ્કૂટરથી લઈને કાર સુધીના માર્કેટમાં તેજી જોવા મળી રહી છે. જોકે, આ ક્રાંતિના માર્ગમાં એક સૌથી મોટો અવરોધ છે - બૅટરી ટૅક્નોલૉજી. અત્યારે મોટાભાગના EVsમાં વપરાતી લિથિયમ-આયન બૅટરી તેની મર્યાદાઓ ધરાવે છે. આ મર્યાદાઓને દૂર કરીને EVsના ક્ષેત્રમાં મોટી હરણફાળ ભરવા જે ટૅક્નોલૉજીમાં તાકાત છે, તેનું નામ છે: સૉલિડ-સ્ટેટ બૅટરી ટૅક્નોલૉજી. તો ચાલો 'ઝૂમ ઇન' કરીએ આ બૅટરી ટૅક્નોલૉજીની દુનિયામાં...

### હાલની લિથિયમ-આયન બૅટરીમાં શું મુશ્કેલી છે?

આજની બેટરીઓમાં પ્રવાહી ઇલેક્ટ્રોલાઇટનો ઉપયોગ થાય છે, જે બૅટરીના મુખ્ય ઘટકો - એનોડ (Anode) અને કેથોડ (Cathode) - વચ્ચે આયનો (ions)ને વહન કરવાનું કામ કરે છે. આ પ્રવાહી ઇલેક્ટ્રોલાઇટને કારણે બૅટરીઓ ભારે બને છે, તેને ચાર્જ થવામાં લાંબો સમય લાગે છે અને સૌથી અગત્યનું, વધુ પડતી ગરમ થવાથી તેમાં આગ લાગવાનો કે વિસ્ફોટ થવાનો ભય રહે છે. આ પ્રવાહી ઇલેક્ટ્રોલાઇટ જ બૅટરીની સુરક્ષા અને ઊર્જા સંગ્રહ ક્ષમતાને સીમિત કરી દે છે.

### સૉલિડ-સ્ટેટ બૅટરી શું છે?

સૉલિડ-સ્ટેટ બૅટરીમાં પ્રવાહી ઇલેક્ટ્રોલાઇટને બદલે ઘન (Solid) પદાર્થ, જેમકે સિરામિક, પોલિમર અથવા કાચનો ઉપયોગ ઇલેક્ટ્રોલાઇટ તરીકે કરે છે. સરળ ભાષામાં સમજીએ, તો તમારી કારની ટાંકીમાં અત્યારે પાણી (પ્રવાહી) છે, જ્યારે સૉલિડ-સ્ટેટ ટૅક્નોલૉજી તેને બરફના (ઘન) ટુકડામાં રૂપાંતરિત કરી દેશે, જે વધુ શક્તિશાળી અને સલામત છે.

### સૉલિડ-સ્ટેટ બૅટરી ટૅક્નોલૉજી ત્રણ મુખ્ય ક્ષેત્રોમાં અદ્ભુત સુધારો લાવી શકે છે:

**1. વધુ ઊર્જા ઘનતા :** સૉલિડ ઇલેક્ટ્રોલાઇટમાં લિથિયમ ધાતુના એનોડનો ઉપયોગ કરી શકાય છે. લિથિયમ મેટલ, ગ્રેફાઇટ આધારિત એનોડ કરતાં લગભગ દસ ગણી વધુ ઊર્જા સંગ્રહિત કરવાની ક્ષમતા ધરાવે છે.

આનો સીધો અર્થ એ છે કે બૅટરીનું કદ અને વજન ઘટાડ્યા વગર, તે EVને બેથી ત્રણ ગણી વધુ રેન્જ આપી શકશે. એટલે કે, એક વખતના ચાર્જિંગમાં વાહન હવે ૨૦૦ કિલોમીટરને બદલે ૫૦૦થી ૮૦૦ કિલોમીટરનું અંતર કાપી શકશે.

**2. સુરક્ષામાં વધારો :** પ્રવાહી ઇલેક્ટ્રોલાઇટની ગેરહાજરીમાં, બૅટરીમાં આગ લાગવાની શક્યતા લગભગ શૂન્ય થઈ જાય છે. ઘન ઇલેક્ટ્રોલાઇટ અગ્નિશામક (Non-flammable) હોય છે, જે અકસ્માત કે ઓવરહીટિંગના સમયે જોખમ ઘટાડે છે. આનો અર્થ છે કે ઇલેક્ટ્રિક વાહનો હવે પેટ્રોલ-ડીઝલ વાહનો જેટલાં અથવા તેનાથી પણ વધુ સુરક્ષિત બનશે.

**3. સુપરફાસ્ટ ચાર્જિંગ :** સૉલિડ-સ્ટેટ બૅટરીમાં આયનો ઝડપથી આગળ-પાછળ થઈ શકે છે. આનો અર્થ છે કે બૅટરી હવે ઓછા સમયમાં ચાર્જ થઈ શકશે. કેટલાક સંશોધનો અનુસાર, આ બૅટરીઓ માત્ર ૧૦થી ૧૫ મિનિટમાં ૮૦% સુધી ચાર્જ થઈ શકે છે. એટલે કે EVને ચાર્જ કરવા માટે લાંબો સમય રાહ જોવાની જરૂર નહીં પડે, જે પેટ્રોલ પમ્પ પર ઈંધણ ભરવા જેટલો જ સમય લેશે.

### ભારત અને સૉલિડ-સ્ટેટ ભવિષ્ય

ભારત સરકારના હાઇડ્રોજન મિશન અને PLI સ્કીમને બળ આપતી સૉલિડ-સ્ટેટ બૅટરી ટૅક્નોલૉજી ઊર્જા ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવી શકે છે. EVs ઉપરાંત મોબાઇલ, લેપટોપ અને રિન્યૂએબલ એનર્જી સ્ટોરેજ સિસ્ટિમ્સને પણ સંપૂર્ણપણે બદલી નાખશે. આગામી થોડાં વર્ષોમાં, આપણે આ ક્રાંતિકારી બૅટરીઓને બજારમાં જોતાં થઈ જઈશું, જે ખરા અર્થમાં ઇલેક્ટ્રિક વાહનોને પરિવહનનો નવો આધાર બનાવશે.





## પરંપરાનો ગૌરવવંતો તાજ

# ૩૭૩ પ્રકારની પાઘડીઓ બાંધવામાં મહારથી ધર્મરાજસિંહ વાઘેલા

દર્શન ત્રિવેદી

પાઘડી એ લગભગ તમામ પ્રદેશો, ધર્મો અને જાતિઓમાં સન્માનનું સર્વોચ્ચ પ્રતીક માનવામાં આવે છે. પ્રાચીન કાળમાં તેને 'ઉષ્ણીશ' કહેવાતું. પાઘ (પાટલી), પાઘડી (વળ), સાફો અને ફેંટો તેના મૂળ પ્રકારો છે, જે પ્રસંગ અને જ્ઞાતિ પ્રમાણે જુદા પડે છે. ગુજરાતમાં વડોદરાની બાબાશાહી, સુરતી, ઝાલાવાડી, ભાવનગરી જેવી પ્રાદેશિક પાઘડીઓ જાણીતી હતી. ભરવાડોમાં ભોજપરું અને રબારીઓમાં રાતા છેડાવાળી પાઘડી જેવી જ્ઞાતિગત ઓળખ પણ સ્પષ્ટપણે જોવા મળતી હતી.

આ પાઘડીઓને બાંધવાની વિશેષ કલાનું શ્રેય જાય છે રાજ્ય સરકારના એક અધિકારીને, જેમણે ૩૭૩ પ્રકારની પાઘડીઓ બાંધીને ભારતની ભવ્ય શિરોભૂષણ કલાને જીવંત રાખી છે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી ધર્મરાજસિંહ વાઘેલા પાસે આ અદ્ભુત અને અનન્ય કલા છે. તેઓ પ્રાચીનકાળથી લઈને અર્વાચીન કાળ સુધી પ્રવર્તતી ૩૭૩ પ્રકારની પરંપરાગત પાઘડીઓ બાંધી જાણે છે. આ સંખ્યા તેમને સમગ્ર દેશમાં સૌથી વધુ શૈલીની પાઘડી બાંધવાની કલાના એકમાત્ર મહારથીનું બિરુદ અપાવે છે.

ધર્મરાજસિંહની આ વિરલ કલાકારીની કહાણી રસપ્રદ છે. બાળપણથી જ તેમને સાફા બાંધવાનો અદમ્ય શોખ હતો. શુભ-અશુભ પારિવારિક પ્રસંગોમાં વિવિધ પ્રાંતના પરિજનોનાં માથા પર બંધાતી પાઘડીઓ જોઈને તેમનામાં આ કલા શીખવાની પ્રબળ જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. રાજકોટમાં સ્નાતક અભ્યાસ દરમિયાન NCC અને રમતગમત (હોકી, શૂટિંગ)ના કારણે તેમને અનેક રાજ્યોમાં જવાનું થયું, જ્યાં તેમણે સ્થાનિક જાણકાર કલાકારો પાસેથી આ કલા ખૂબ જ રસપૂર્વક શીખી. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, ઉત્તરપ્રદેશ સહિત દેશ-વિદેશની પાઘડીઓની માહિતી તેમણે એકઠી કરી.



પોતાની આ પ્રિય કલાને જીવંત રાખવા માટે ધર્મરાજસિંહે પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI) બનવાના બદલે સાંસ્કૃતિક વિભાગમાં જવાનું પસંદ કર્યું. ધર્મરાજસિંહ વાઘેલાના મતે, આ ૩૭૩ પ્રકારો પૈકી સૌથી વધુ કપરી અને કળાભરેલી શૈલી કાઠિયાવાડી પાઘડીની છે. એક સામાન્ય ગુજરાતી પાઘડી બાંધવા માટે ૯થી ૧૩ મીટર લાંબા પૂર્ણ પનાવાળા કાપડની જરૂર પડે છે. તેમણે સૌથી મોટી પાઘડી ભગવાન શ્રી સોમનાથના ૭ મીટરના ઘેરાવાળા શિવલિંગને ૨૦૦ મીટર કાપડમાંથી તૈયાર કરીને શ્રદ્ધાપૂર્વક ચઢાવી હતી.

ધર્મરાજસિંહ માત્ર આ કલાનું જતન નથી કરી રહ્યા, પણ તેનો સક્રિયપણે પ્રચાર-પ્રસાર પણ કરી રહ્યા છે. તેમણે અત્યાર સુધીમાં આ કલાના જ્ઞાન અને જાગૃતિ માટે ૧૬ પ્રદર્શનો અને યુવાનોને શીખવવા માટે ૨૩ તાલીમ શિબિરોનું આયોજન કર્યું છે. તેમના પ્રયાસો થકી, તેમની પાસે શીખેલા ૪૦ જેટલા યુવાનો વ્યાવસાયિક ધોરણે સાફા બાંધવાનું કામ કરે છે. તેમણે આર્થિક રીતે નબળા યુવાનોને કાપડ ખરીદી આપીને મદદ પણ કરી છે.

આમ, ધર્મરાજસિંહ વાઘેલા માત્ર એક સરકારી અધિકારી નથી, પણ ભારતીય સંસ્કૃતિના એક જીવંત વારસદાર છે, જેઓ પોતાના અદભુત શોખ દ્વારા આપણી અમૂલ્ય પરંપરા અને વારસાને સન્માન સાથે જાળવી રહ્યા છે.

# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

૧. મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ........ ની નાસાપુરમ લેસ ક્રાફ્ટને GI ટેગ મળ્યાનો ઉલ્લેખ કર્યો હતો.
(A) તેલંગાણા (B) તમિલનાડુ
(C) આંધ્રપ્રદેશ (D) કેરલ

૨. મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ચાલતા કયા ઉત્સવમાં પધારવા લોકોને આમંત્રણ પાઠવ્યું?
(A) રણોત્સવ (B) નમોત્સવ
(C) પતંગ મહોત્સવ (D) પંચોત્સવ

૩. મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ સુશાસન દિવસ નિમિત્તે ......... ખાતે શ્રી અટલ બિહારી વાજપેયીની પ્રતિમાનું અનાવરણ કર્યું.
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) પાટણ (D) મહેસાણા

૪. સુશાસન દિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારના ૨૪ હજારથી વધુ સરકારી દસ્તાવેજોને ડિજિટલ AI રિપોઝીટરી સ્વરૂપે ઉપલબ્ધ કરાવતું ...... પોર્ટલ લોન્ચ કર્યુ.
(A) જી-દાર (B) જી-સાર (C) જી-કાર (D) જી-તાર

૫. AB PMJAY – MA હેઠળ લાભાર્થીઓને દાવાઓની ચૂકવણી કરવામાં ગુજરાતનો ક્રમ કયો છે?
(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો

૬. સી.એમ. ડેશબોર્ડ અંતર્ગત સરકાર જિલ્લા કલેક્ટર્સ-ડીડીઓ મહાનગરપાલિકા અને પ્રાદેશિક કમિશનરોની કામગીરીનું રિયલ ટાઈમ મૂલ્યાંકન કરવા માટે RTPMS 2.0 એટલે રિયલ ટાઈમ પર્ફોમન્સ ........ સિસ્ટિસ્ટમ.
(A) મેનેજમેન્ટ (B) મેસેન્જર (C) મેનુવર (D) મેઝરમેન્ટ

૭. ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ ગુજરાતમાં કયા જિલ્લામાં સેક્સ સોર્ટેડ સીમેન ઉત્પાદન સુવિધા સ્થપાશે?
(A) કચ્છ (B) વાવ થરાદ (C) બનાસકાંઠા (D) પાટણ

૮. નમો લક્ષ્મી યોજનાના પરિણામે ગુજરાતમાં વિદ્યાર્થિનીઓની હાજરીમાં કેટલા ટકાનો વધારો નોંધાયો છે?
(A) ૭૩ (B) ૬૩ (C) ૫૩ (D) ૪૩

૯. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાથી વિજ્ઞાન પ્રવાહના નામાંકનમાં કેટલા ટકાનો વધારો થયો છે?
(A) ૩.૩૪ (B) ૪.૩૪ (C) ૬.૩૪ (D) ૫.૩૪

૧૦. મુખ્યમંત્રીશ્રીએ નીચેનામાંથી કયા જિલ્લાની APMC ખાતે રાજ્યના સૌથી મોટા અને સૌપ્રથમ એલિવેટેડ માર્કેટયાર્ડનું લોકાર્પણ કર્યું?
(A) સુરત (B) નવસારી (C) મહેસાણા (D) ગીર સોમનાથ

૧૧. મુખ્યમંત્રીશ્રીએ નીચેનામાંથી કયા શહેરને પ્રથમ મેક ઈન ઈન્ડિયા મેટ્રો ટ્રેનની ભેટ આપી હતી?
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) વડોદરા (D) સુરત

૧૨. NASA STEM માં ગાઈડ તરીકે આમંત્રણ મેળવનાર અમદાવાદ ખાતે AMC સંચાલિત શાળામાં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય દિકરીનું નામ શું છે?
(A) સુરભિ પટેલ (B) દેવલ પરીખ
(C) માહી ભટ્ટ (D) ધ્રુવી શુક્લા

૧૩. વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસ નીચેનામાંથી કયા દિવસે ઉજવાય છે?
(A) ૧૭ ડીસેમ્બર (B) ૧૪ ડીસેમ્બર
(C) ૧૧ ડીસેમ્બર (D) ૨૧ ડીસેમ્બર

૧૪. રાષ્ટ્રીય કક્ષાનો ગ્રીન સ્કૂલ એવોર્ડ ૨૦૨૫ મેળવનાર જીવરાજના મુવાડા ગામની સરકારી પ્રાથમિક શાળા નીચેનામાંથી કયા જિલ્લામાં આવી છે?
(A) કચ્છ (B) અમદાવાદ (C) સુરત (D) ગાંધીનગર

૧૫. વી.સી.ઈ.ને સોંપવામાં આવતી કામગીરી માટે યુનિટદીઠ ન્યૂનતમ કેટલું મહેનતાણું ચૂકવવાનો નિર્ણય કર્યો છે?
(A) રૂ. ૧૮ (B) રૂ. ૧૯ (C) રૂ. ૨૦ (D) રૂ. ૨૧

૧૬. ધન્વંતરિ આરોગ્ય રથ યોજનાનો હેતુ નીચેનામાંથી કોને પ્રાથમિક સારવાર મળી શકે તે છે?
(A) બાંધકામ શ્રમિકો (B) સિકલ સેલ એનિમિયાગ્રસ્ત બાળકો
(C) મીઠું પકવતા કારીગરો (D) ટી.બી.ના રોગીઓ

૧૭. પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાનો લાભ મેળવવા માટે શ્રમયોગી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં કેટલા વર્ષથી નોંધાયેલ હોવા જોઈએ?
(A) ૨ વર્ષ (B) ૩ વર્ષ (C) ૪ વર્ષ (D) ૫ વર્ષ

૧૮. નીચેનામાંથી કયા શૈક્ષણિક સંસ્થાન દ્વારા શરૂ કરાયેલ સંગીત વર્ગ ગીતાંજલિ તરીકે સાંસ્કૃતિક કેન્દ્ર બન્યું છે?
(A) IIT ગાંધીનગર (B) IISc બેંગલુરુ
(C) IIM અમદાવાદ (D) IIT બોમ્બે

૧૯. મુખ્યમંત્રીશ્રીએ ....... મહાનગરપાલિકાના વૉટ્સએપ ચેટબોર્ડની ઓનલાઈન પેમેન્ટ સુવિધાનું લોન્ચિંગ કર્યુ?
(A) અમદાવાદ (B) સુરત (C) ભાવનગર (D) વડોદરા

૨૦. ગુજરાતે વર્ષ ૨૦૨૭ સુધીમાં પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના અંતર્ગત ......... રહેણાકીય રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યુ છે.
(A) ૩ લાખ (B) ૫ લાખ (C) ૭ લાખ (D) ૧૦ લાખ

જવાબ: 1 (C), 2 (A), 3 (B), 4 (B), 5 (A), 6 (D), 7 (D), 8 (A), 9 (C), 10 (A), 11 (B), 12 (C), 13 (B), 14 (D), 15 (C), 16 (A), 17 (D), 18 (B), 19 (B), 20 (D)

***ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.***

### સાયબર છેતરપિંડી સામે મોબાઇલ યુઝર્સનું ડિજિટલ રક્ષાકવચ

# અનિચ્છનીય કૉલ્સને અલવિદા: TRAI DND 3.0 સાથે સ્માર્ટ સુરક્ષા

**ભાવિકા લીંબાસીયા**




મોબાઈલ યુગમાં વધતા સ્પામ કૉલ્સ અને SMSથી નાગરિકોની ગોપનીયતા અને શાંતિભંગ થાય છે. આ સમસ્યાથી રાહત આપવા માટે TRAI દ્વારા TRAI DND - ડુ નોટ ડિસ્ટર્બ ૩.૦ ઍપ અમલમાં મૂકાઈ છે. આ ઍપ દ્વારા મોબાઈલ નંબરને NCPR હેઠળ નોંધાવી શકાય છે તેમજ અનિચ્છનીય કૉલ્સ અને સંદેશાઓની સરળતાથી ફરિયાદ કરી શકાય છે. યુઝર્સ પોતાની પસંદગી મુજબ DND સેટ કરી શકે છે અને ફરિયાદની સ્થિતિ પણ જોઈ શકે છે. ઘણા સ્પામ કૉલ્સ ગ્રાહકોને છેતરવાના ઈરાદાથી કરવામાં આવે છે. આ ઍપ સંભવિત સ્પામને ઓળખીને ગ્રાહકોને સાયબર છેતરપિંડીથી સુરક્ષિત રાખે છે. આ ઍપ્લિકેશન ગ્રાહકોને તેમના ટેલિકોમ સેવા પ્રદાતા - TSP સાથે સીધો સંપર્ક કરી UCC સંબંધિત ફરિયાદો નોંધાવવા માટે એક સરળ માધ્યમ પૂરું પાડે છે, જેનાથી ફરિયાદ નિવારણ ઝડપી બને છે.

## ઍપ ડાઉનલોડ કરવાની રીત

TRAI DND ઍપ ૩.૦ ગુગલ પ્લે સ્ટોર - એન્ડ્રોઇડ અને એપલ ઍપ સ્ટોર - iOS પર નિઃશુલ્કમાં ઉપલબ્ધ છે. આ ઍપ UMANG ઍપ કે જે ભારત સરકારની એક પહેલ છે, તેના પર પણ ઉપલબ્ધ છે. આ ઍપ હિન્દી અને અંગ્રેજી એમ બે ભાષામાં ઉપલબ્ધ છે.



**ઍપ શોધો અને ઈન્સ્ટોલ કરો :** તમારા સ્માર્ટફોનના સંબંધિત ઍપ સ્ટોર પર જઈને સર્ચ બારમાં "TRAI DND" ટાઈપ કરો અને TRAI દ્વારા પ્રકાશિત અધિકૃત ઍપ્લિશનને ઈન્સ્ટોલ કરો.

**રજિસ્ટ્રેશન અને લોગ-ઈન :** ઍપ ખોલો અને તમારો મોબાઈલ નંબર એડ કરો. બે સીમકાર્ડ સુધી મોબાઈલ નંબર એડ કરી શકાય છે.

**OTP દ્વારા વેરિફિકેશન :** તમારા નંબર પર આવેલા OTP દ્વારા લોગ-ઈન પ્રક્રિયા પૂર્ણ કરો.

**પરવાનગી :** સ્પામ કૉલ અને SMSની ઓળખ કરવા માટે, એપને જરૂરી પરવાનગીઓ જેમકે, કોન્ટેક્ટ્સ, કૉલ લોગ્સ, SMS લોગ્સ આપવી જરૂરી છે. એક વાર લોગ-ઈન થયા પછી, તમે મુખ્ય મેનૂમાંથી સરળતાથી સ્પામ કૉલ/SMSની ફરિયાદ નોંધાવી શકો છો અથવા તમારા DND રજિસ્ટ્રેશનની સ્થિતિ ચકાસી શકો છો.

આ ઍપ સામાન્ય મોબાઈલ યૂઝરને સ્પામ સામે ટેક્નોલૉજી આધારિત સુરક્ષા કવચ પ્રદાન કરે છે. દરેક મોબાઈલ યૂઝરે આ ઍપ ડાઉનલોડ કરીને પોતાનો મોબાઈલ સ્પામ-મુક્ત બનાવવો જોઈએ.

GET IT ON Google Play

Available on the App Store

## વિશેષતાઓ

**સ્પામ કૉલ/SMS ફરિયાદ :** ઍપ્લિકેશન દ્વારા તમે અનિચ્છનીય કોમર્શિયલ કૉલ અથવા SMSની સરળતાથી ફરિયાદ નોંધાવી શકો છો. આ ફરિયાદ સીધી તમારા ટેલિકોમ સેવા પ્રદાતા પાસે ૧૯૦૯ ટોલ-ફ્રી નંબર પર મોકલાય છે, જેનાથી નિવારણ ઝડપી બને છે.

**DND પસંદગીઓ સેટ કરવી :** ગ્રાહકોને સંપૂર્ણ બ્લોકિંગ Full DND અથવા ચોક્કસ કેટેગરી જેમકે બૅંકિંગ, રિયલ એસ્ટેટ, શિક્ષણ વગેરે માટે આંશિક બ્લોકિંગની પસંદગીઓ સેટ કરવાનો અધિકાર મળે છે.

**સ્પામ શોધ એન્જિન :** આ ઍપમાં ખાસ કરીને SMS માટે એક સ્માર્ટ સ્પામ ડિટેક્શન એન્જિન છે, જે અનરજિસ્ટર્ડ ટેલિમાર્કેટર્સને ઝડપથી ઓળખવામાં મદદ કરે છે.

**ક્રાઉડસોર્સિંગ ડેટાનો ઉપયોગ :** અન્ય યૂઝર્સ દ્વારા 'સ્પામ' તરીકે રિપોર્ટ કરાયેલા ડેટાના આધારે સ્પામ કૉલ/SMSની ઓળખ કરવામાં આવે છે, જે સિસ્ટિમને વધુ સારી બનાવે છે.

**"Know Your Sender" :** આ સુવિધા દ્વારા યૂઝર કોમર્શિયલ SMSના હેડર દા.ત., 'VK-HDFCBK' વિશેની માહિતી મેળવી શકે છે, જે મોકલનારની ઓળખ કરવામાં મદદ કરે છે.

**સ્થિતિ ચકાસણી :** યૂઝર્સ તેમની નોંધાયેલ ફરિયાદોની સ્થિતિ તેમજ DND રજિસ્ટ્રેશનની વર્તમાન સ્થિતિ ઍપ્લિકેશનમાં ચકાસી શકે છે, જેનાથી પારદર્શિતા જળવાઈ રહે છે.

# આત્મખોજની અનોખી યાત્રા : ધ રામબાઈ

**શીરીન સૈયદ**


'સ્વયં'થી લઈને પરબ્રહ્મને પામવાની યાત્રા એટલે 'ધ રામબાઈ'. આંતરખોજ માટે નીકળેલાં ઉંમરનાં અલગ-અલગ પડાવ પર જીવી રહેલાં બે પાત્રો બાળક 'જીતુ' અને રમીલા એટલે કે 'રામબાઈ'. પોતાના મનમાં ઊઠતા સવાલો, જીવનની સમસ્યાઓ અને સામાજિક તાણાવાણામાંથી કેવી રીતે પોતાના જીવનની રાહ શોધે છે તેની સમગ્રતયા કથા એટલે 'ધ રામબાઈ'.

નવલકથાનાં શરૂઆતનાં પ્રકરણો નાનકડી બાળા 'રમીલા' એટલે કે રામબાઈના જીવનના પ્રસંગો અને તેના પરિવારમાં આવતા ઝંઝાવાતોને દર્શાવે છે. નાનકડી બાળા રામબાઈ શરૂઆતથી જ મનમસ્તિષ્ક પર કબજો જમાવી દે છે. બાર-તેર વર્ષની પાંચીકડા રમવાની ઉંમરે રામબાઈ કેવી રીતે માતા-પિતા વિહોણા પરિવારનો ટેકો બને છે તે વાંચીને ખરેખર આંખ અને હૃદય ભીંજાય જાય! રામબાઈ તેના પરિવારનો મોભ છે. માતા પિતા વિહોણાં ભાઈ-ભાંડરડાં માટે તે ક્યારેક મોટી બહેન બની જાય છે. તો ક્યારેક પરિવારનું ગુજરાન ચલાવવા મજૂરી કરી પિતાની ફરજ નીભાવે છે. માતા-પિતા વિહોણો નાનોભાઈ ખોડો સૂકો રોટલો ખાતાં-ખાતાં બહેનોને પૂછે છે "હવે મારે મા કોને કહેવાનું ? રામબાઈ તરત જવાબ આપે છે." ભાઈ, હું તારી મા, તારા અન્નજળ હું દેહે." માત્ર તેર વર્ષની ઉંમરે જ રામબાઈ પોતાનાં ભાંડરડાંની મા હતી, બાપ હતી, બહેન ઉપરાંત પાલક-પોષક તો ખરી સાથોસાથ રક્ષક પણ હતી! એટલે જ એક સવારે અચાનક જ રમીલાને પરણવાના કોડ લઈને આવેલા વીરજી પર મહાકાય ચાર ફૂટના ખીલાનો પ્રહાર કરતી જગંદબા જોગણી બનતાં પણ વાચક તેને કલ્પી શકે છે.

રામબાઈના લગ્ન અને તેના લગ્નજીવન બાદ જ્યારે લેખક એક પાત્ર તરીકે પ્રવેશે છે ત્યારે વાર્તા રસપ્રદ વળાંક લે છે. નવલકથાના આરંભે લેખક કબૂલે છે કે આ કાલ્પનિક વાર્તા નથી, વાસ્તવિક ઘટનાઓનું નિરૂપણ છે, પરંતુ લેખકના જીવન સાથે જ આ વાર્તાની ઘટનાઓ જોડાયેલી હોવાનું જાણી વાચકની જિજ્ઞાસા વધતી જાય છે. રામબાઈના અક્ષરજ્ઞાન મેળવવાથી લઈને વિજ્ઞાનની ચોપડીઓ વાંચવા સુધીની સફર મનુષ્યની ઈચ્છાશક્તિ તેને અશક્ય લાગતાં કાર્યો કરવા પ્રેરે છે. ગામડાની એક અભણ બાઈ વાંચતાં શીખીને વિજ્ઞાનનાં રહસ્યો ઉકેલે છે અને પોતાના દીકરા જેવા 'જીતુ'ને બ્રહ્માંડનાં રહસ્યો જાણવા ઇસરોના વૈજ્ઞાનિક પાસે લઈ જાય છે તે વાત પણ ખૂબ સારી રીતે વણી લેવાઈ છે.

બાળક જીતુ મોટો થઈને ઉચ્ચ અભ્યાસ માટે રાજકોટ જાય છે અને ભણતરના ભાર હેઠળ આત્મહત્યા કરવા સુધી પહોંચી જાય છે ત્યારે બાળપણમાં તેનો જીવ બચાવનાર ડોસી રામબાઈ જ તેની તારણહાર બને છે. નાનકડા બાળક જીતુને છાતીએ વળગાડી જિવાડતી રામબાઈ, અક્ષરજ્ઞાન પામેલા જીતેશને પત્ર લખી 'જીવજે' એવા આશીર્વાદ આપતી રામબાઈ કે આત્મહત્યા કરવા જતા કિશોર જીતેશને એ નબળી ક્ષણોમાં બચાવી લેનાર રામબાઈ, આપણને દરેક તબક્કે જીવનના ઝંઝાવાતો સામે સતત ઝઝૂમતી હોવા છતાં જિજીવિષાથી ભરપૂર લાગે છે.

ક્યારેક રામબાઈ આપણને આસપાસ જ હોવાનો અહેસાસ થાય છે, તો ક્યારેક એવું લાગે છે કે રામબાઈ તો જાણે કોઈ બીજા ગ્રહ પરથી આવી હતી અને જાણે એવી અવસ્થામાં જીવતી હતી. એકલી-અટૂલી, તેની ન દેખાતી દીકરી દેવુડી સાથે જીવતી રામબાઈ આપણને તેના વિશ્વમાં ખેંચી જાય છે અને એક અજાણી રોચક સફરની મજા કરાવે છે




નવલકથા કે આ સત્યવાર્તાના લેખક 'જીતેશ દોંગા' આ નવલકથાનું એક મહત્ત્વનું પાત્ર છે. તેમની લેખનશૈલી અનોખી જણાય છે. વ્યવસાયે ઇલેક્ટ્રિકલ એન્જિનિયર જીતેશ દોંગાની રામબાઈ સિવાયની નવલકથા 'નોર્થપોલ' અને 'વિશ્વ માનવ' પણ વખણાઈ છે. જીતેશ દોંગા જેવા યુવા સાહિત્યકારોની અનોખી વાર્તાઓ આપણને નવી જ રીતે વિચારવા પ્રેરિત કરે છે. દરેક વ્યક્તિની આત્મખોજની સફરને દિશા આવી નવલકથાઓ જ આપે છે તેમ કહેવું જરાય અતિશયોક્તિભર્યું નથી.

# ધન્વંતરિ આરોગ્ય રથ




## યોજનાનો ઉદ્દેશ / હેતુ

બાંધકામ સાઈટ/કડિયાનાકા/બાંધકામ શ્રમિક વસાહતો પર પ્રાથમિક સારવાર થઈ શકે તે હેતુથી

## પાત્રતાનાં ધોરણો

ધન્વંતરિ આરોગ્ય રથ દ્વારા પ્રાથમિક તબીબી તપાસ/સારવાર પૂરી પાડી બાંધકામ શ્રમયોગીઓમાં ગંભીર રોગો તેમજ ગંભીર વ્યાવસાયિક રોગો પ્રાથમિક તબક્કે જ થતા અટકાવવાનો હેતુ છે.

## યોજના અંતર્ગત મળતી સહાય

અદ્યતન ટેક્નોલૉજી જેવી કે ઑનલાઈન ડેટા ટ્રાન્સફર, જી.પી.એસ. થી સુસજ્જ અને સંપૂર્ણ તાલીમબદ્ધ કર્મચારીગણ ધરાવતા ધન્વંતરિ આરોગ્ય રથો દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

**ધન્વંતરિ આરોગ્ય રથ યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો**

# પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના



## યોજનાનો ઉદ્દેશ / હેતુ


રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકને ૬૦ વર્ષની ઉંમર પછી નાણાકીય સુરક્ષા, વૃદ્ધાવસ્થા દરમિયાન આર્થિક સહાય આપવા અને બાંધકામ શ્રમિકોને સામાજિક સ્થિરતા પ્રદાન કરવાનો હેતુ.

## પાત્રતાનાં ધોરણો

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં ૫ વર્ષથી નોંધાયેલા બાંધકામ શ્રમયોગીઓમાંથી ૩૦ થી ૪૦ વર્ષની વય મર્યાદામાં આવતા શ્રમિકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

**પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો**

**'મારી યોજના' પોર્ટલ એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.**





**Published on Date : 1-1-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : PSO, Ahmedabad on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.


**To,**


**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦